દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 240 ■ વિક્રમ સંવત ૨૦૮૧

આશ્વિન વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 October 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૧૦ ઑક્ટોબર ૨૦૨૫, (૧૨ પાનાં,) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## કેમ છે નીલેશ?

### વડા પ્રધાન મોદીસાહેબની સ્મરણશક્તિને નતમસ્તક થવું પડેઃ ‘મુંબઈ સમાચાર’ના દ્વિશતાબ્દી કાર્યક્રમના લગભગ ત્રણ વર્ષ અને ચાર મહિના પછી મળ્યા ત્યારે ‘મુંબઈ સમાચાર’ના તંત્રીને એકથી એક મહાનુભાવો વચ્ચે પોતીકા પ્રેમ સાથે બોલાવ્યા...

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીસાહેબની સ્મરણશક્તિ અને નામો યાદ રાખવાની અદ્ભુત ક્ષમતા વિશે ઘણું કહેવાયું છે, પણ એનો પ્રત્યક્ષ પરિચય ‘મુંબઈ સમાચાર’ને થયો ગઈ કાલે મહારાષ્ટ્રના રાજભવનમાં. યુ.કે.ના વડા પ્રધાન કીર સ્ટાર્મર સાથેની મોદી સાહેબની બેઠક અને પછી પસંદગીના મહેમાનો સાથે ભોજન સમારંભનું આયોજન રાજભવનમાં કરાયું હતું.

આ બેઠકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર તેમ જ ટોચના ઉદ્યોગપતિઓ સાથે ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવે સહિતના બહુ ઓછા પત્રકારોને આમંત્રણ હતું.

આ જ કાર્યક્રમ દરમ્યાન મોદીસાહેબે ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેને થોડે દૂરથી જોયા અને તરત પોતાપણાના ઊમળકા સાથે પૂછ્યું કે, કેમ છે નીલેશ?

મોદીસાહેબ ૧૪મી જૂન, ૨૦૨૨એ ‘મુંબઈ સમાચાર’ને ૨૦૦ વર્ષ પૂરા થયા એ સંદર્ભે યોજાયેલા કાર્યક્રમમાં આવ્યા હતા અને એમાં નીલેશ દવેને મળ્યા હતા. એ પછી ‘મુંબઈ સમાચાર’ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી. એચ. એન. કામાને પદ્મશ્રી ખિતાબથી નવાજવામાં આવ્યા એ કાર્યક્રમમાં અલપઝલપ મુલાકાત થઈ હતી. જોકે, આટલા લાંબા સમય પછી પણ તેમણે ગુજરાતીઓના લાડીલા અખબાર ‘મુંબઈ સમાચાર’ અને તેના તંત્રીને યાદ રાખ્યા. બે સૈકાથી વધુ જૂના ‘મુંબઈ સમાચાર’ અખબાર માટે આ ગૌરવની ક્ષણ છે કે મોદીસાહેબે આ વિશ્વસનીય અખબારને યાદ રાખ્યું છે. આ મહામાનવને ખરેખર નતમસ્તક થવું પડે. ■

# હવે પાકુંઃ ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધવિરામ

**લડાઈ રોકવા અને એના બદલામાં સામાન્ય બંધકોને છોડવા માટે બંને વચ્ચે સમજૂતી પર સહીસિક્કા**

કૈરોઃ ઇઝરાયલ અને હમાસ ગાઝામાં શાંતિ સ્થાપવા માટેના પ્રથમ તબક્કા માટે સહમત થયા હોવાથી યુદ્ધવિરામ અને પેલેસ્ટાઇનના યુદ્ધકેદીઓ તેમ જ બાકીના બાનની આપલે કરવાનો માર્ગ મોકળો થયો છે. આમ છતાં, હમાસને નિઃશસ્ત્ર કરવાના મુદ્દે હજી અસ્પષ્ટતા છે. યુદ્ધવિરામના કરાર પર સહી કરવા માટેની તૈયારી ચાલતી હતી ત્યારે જ ગુરુવારે ઉત્તર ગાઝામાં અનેક ધડાકા થયા હતા. જોકે ગુરુવારે રાત્રે બંને વચ્ચે સમજૂતી પર સહીસિક્કા થયા હતા.બે વર્ષથી ચાલતા યુદ્ધનો (જુઓ પાનું ૨) ▸▸

## અભિનંદન ‘દોસ્ત’ ટ્રમ્પઃ મોદી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ગાઝા યુદ્ધવિરામ યોજનામાંની ‘સફળતા’ માટે ગુરુવારે અભિનંદન આપ્યા હતા.

મોદીએ ટ્રમ્પને પોતાના ‘દોસ્ત’ ગણાવીને જણાવ્યું હતું કે મેં ટ્રમ્પને ફોન કરીને ગાઝા શાંતિ કરાર માટે અભિનંદન આપ્યા હતા અને દ્વિપક્ષી વેપાર માટેની વાટાઘાટમાં થયેલી ‘સારી પ્રગતિ’ની સમીક્ષા કરી હતી. (એજન્સી)

## મિસાઇલની ખાસિયત

નવી દિલ્હીઃ ભારતીય લશ્કર માટે યુકે પાસેથી જે હળવા અને બહોળી ભૂમિકા ભજવી શકતા મિસાઇલ ખરીદવામાં આવનાર છે, તે ‘માર્ટલેટ્સ’ તરીકે પણ ઓળખાય છે. તે આકાશમાંથી ભૂમિ પર, આકાશમાંથી આકાશમાં અને ભૂમિ પરથી ભૂમિ પરના લક્ષ્ય પર છોડી શકાય છે.

દંતકથામાં ક્યારેય વિરામ નહિ કરતા પગ વિનાના ‘માર્ટલેટ’ પક્ષીનો ઉલ્લેખ છે અને તેના પરથી આ મિસાઇલનું નામ પણ પડાયું છે. યુકેના રૉયલ નૅવીના ‘ઍર-ટૂ-સર્ફેસ ગાઇડેડ વેપન (લાઇટ)’ની જરૂરિયાતને પૂરી કરવા આ મિસાઇલ વિકસાવાયા હતા.

અગાઉ, યુકેએ યુક્રેનની સાથે માર્ચમાં કરાર કરીને તેને આ મિસાઇલ વેચ્યા હતા. તે ડ્રોન અને રણગાડીમાંથી પણ છોડી શકાય છે. (એજન્સી)

# ભારત યુકે પાસેથી ૪૬.૮ કરોડ ડૉલરના મિસાઇલ ખરીદશે



મુંબઈના રાજભવનના બગીચામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુ.કે.ના પીએમ કીર સ્ટાર્મર (એજન્સી)

**▸ મોદી અને યુકેના પીએમ સ્ટાર્મર વચ્ચે સફળ મંત્રણા ▸ યુકેની નવ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ શરૂ કરશે ▸ દ્વિપક્ષી વેપાર બમણો કરાશે ▸ ખાલિસ્તાની ઉગ્રતાવાદનો મુદ્દો ઉઠાવાયો**

નવી દિલ્હીઃ ભારતના લશ્કર માટે યુકે પાસેથી ૩૫ કરોડ પાઉન્ડ (અંદાજે ૪૬.૮ કરોડ ડૉલર)ના મિસાઇલની ખરીદી માટેના કરાર પર સહી કરાઇ હતી. આ ઉપરાંત, યુકેની નવ યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ શરૂ કરશે. ભારત - યુકે વચ્ચેનો દ્વિપક્ષી વેપાર ૨૦૩૦ સુધીમાં બમણો કરવાની આશા વ્યક્ત કરાઇ હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મર વચ્ચેની દ્વિપક્ષી મંત્રણા ફળદાયી રહી હોવાનો દાવો કરાયો હતો. મોદીએ આ મંત્રણા દરમિયાન ખાલિસ્તાની ઉગ્રતાવાદનો મુદ્દો સ્ટાર્મર સમક્ષ ઉઠાવ્યો હતો અને બન્ને નેતા લોકતાંત્રિક સમાજમાં હિંસા અને ઉગ્રતાવાદને કોઇ સ્થાન નહિ હોવાની વાત સાથે સહમત થયા હતા તેમ જ વ્યક્તિગત સ્વતંત્રતાનો દુરુપયોગ થતો રોકવા પર ભાર આપ્યો હતો.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મર સાથેની દ્વિપક્ષી મંત્રણા બાદ જણાવ્યું હતું કે ભારત - યુકેની ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને આર્થિક વિકાસમાં મહત્ત્વનો ભાગ (જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનનો કાબુલ પર હુમલો

કાબુલઃ કાબુલના વિવિધ ભાગોમાં ગુરુવારે મોડી રાત્રે અનેક મોટા વિસ્ફોટો સંભળાતા રહેવાસીઓમાં ગભરાટ ફેલાયા હતો. સાક્ષીઓએ ઓછામાં ઓછા બે શક્તિશાળી વિસ્ફોટો સાંભળ્યા હોવાનું જણાવ્યું હતું. આ વિસ્ફોટો પછી વિમાનોનો અવાજ સંભળાતા આ હવાઈ હુમલો પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.તહેરિકે તાલિબાન સાથેના અથડામણમાં પાકિસ્તાનના લશ્કરને ઉચ્ચ અધિકારીઓ માર્યા જતા એનો બદલો લેવા આ હુમલા કરાયાનું માનવામાં આવે છે. (જુઓ પાનું ૨) ▸▸

## અઝરબૈજાનનું વિમાન રશિયાએ જ તોડી પાડેલુંઃ પુતિન

મૉસ્કોઃ ૩૮ વ્યક્તિનો ભોગ લેનાર અઝરબૈજાન ઍરલાઈન્સની ફ્લાઈટ (૮૨૪૩) દુર્ઘટનાનો ભોગ બનવાનું કારણ રશિયામાંથી છોડવામાં આવેલું મિસાઈલ હોવાને રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને ગુરુવારે સમર્થન આપ્યું હતું.

તાજિકિસ્તાનના દશાન્બે ખાતે રશિયા-સેન્ટ્રલ એશિયા શિખર પરિષદ દરમિયાન પુતિન અઝરબૈજાનના પ્રમુખ ઈલ્હામ અલિયેવને મળ્યા હતા.

રશિયન સમાચાર સંસ્થાના જણાવ્યાનુસાર પુતિને ઈલ્હામ અલિયેવને કહ્યું હતું કે રશિયાનું મિસાઈલ નાગરિકી વિમાનથી થોડા મીટરના અંતરે રહેલા યુક્રેનના ડ્રોનનો પીછો કરી રહ્યું હતું તે સમયે આ ઘટના બની હતી.

સરહદમાં પ્રવેશેલા ત્રણ યુક્રેનિયન ડ્રોનનો રશિયા પીછો (જુઓ પાનું ૨) ▸▸

# ગૌતમ અદાણીએ નવી મુંબઈ એરપોર્ટની સરખામણી કમળ સાથે કરી



નવી દિલ્હીઃ નવી મુંબઈમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખુલ્લું મુકવામાં આવેલું અદાણી સંચાલિત નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (એનએમઆઈએ)ની સરખામણી કમળ સાથે કરતાં જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ બુધવારે જણાવ્યું હતું કે આ એરપોર્ટ ભારતના ભવિષ્યનું પ્રવેશદ્વાર સાબિત થશે અને આર્થિક પ્રગતિને અનેકગણી વધારશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યા પછી તરત જ લિન્કડિન પર તેમણે આ ઘટનાને ભારતની માળખાકીય સુવિધાઓ અને રાષ્ટ્ર નિર્માણ યાત્રામાં એક સીમાચિહ્નરૂપ ક્ષણ ગણાવી હતી.

આ એરપોર્ટને ‘ભારતના દૂરંદેશી નેતૃત્વ અને જાહેર-ખાનગી ભાગીદારીની શક્તિનો પુરાવો’ ગણાવતા, અદાણીએ પ્રોજેક્ટના ઝડપી અમલ પર ભાર મૂક્યો હતો આ પ્રોજેક્ટ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ૫૦ મહિનાથી ઓછા સમયમાં પૂર્ણ થયો છે. જે દેશની મહત્ત્વાકાંક્ષા અને ગતિશીલતાનું પ્રતીક છે.

આ એરપોર્ટ ૨૦૦,૦૦૦ થી વધુ નોકરીઓનું સર્જન કરશે અને પ્રવાસન, વેપાર અને નવા વ્યાપાર કોરિડોરને વેગ આપશે તેવી અપેક્ષા છે, જે ભારતના ૧૦ ટ્રિલિયન ડૉલરના અર્થતંત્રના લક્ષ્યમાં ફાળો આપશે.

આ એરપોર્ટ બનાવનાર અદાણી ગ્રુપના ચેરમેન અદાણીએ પણ એરપોર્ટના ટકાઉપણું અને આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, તેને ‘આત્મનિર્ભરતાની દીવાદાંડી’ ગણાવ્યું હતું, જે ભારતના વારસા અને ભવિષ્યની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.

તેમણે ઉડ્ડયન, લોજિસ્ટિક્સ, ટકાઉપણું અને ડિજિટલ માળખાગત સુવિધાઓમાં રોકાણ વધારવાની યોજનાઓ સાથે, રાષ્ટ્રનિર્માણ પ્રત્યે અદાણી ગ્રુપની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી.

અદાણીએ કહ્યું હતું કે નવું એરપોર્ટ, ‘મહારાષ્ટ્રની માટીમાંથી ઊગતું, કમળ જેવું છે, જે આપણા વારસામાં ઊંડે સુધી મૂળ ધરાવે છે, છતાં આકાશ સુધી પહોંચે છે.’

‘આ રનવે પરથી પ્રસ્થાન કરતી દરેક ફ્લાઇટ ૧.૪ અબજ ભારતીયોના આશીર્વાદ લઈને જશે, અને દરેક આગમન વિશ્વને યાદ અપાવશે કે ભારતનો સમય હવે છે.’

તેમણે કહ્યું, ભારત પૃથ્વી પરનાં એવાં થોડાં સ્થળોમાંનું એક છે જ્યાં દેશનું નિર્માણ ફક્ત વ્યાપારી પ્રયાસ નથી પરંતુ રાષ્ટ્રીય સેવાનું એક સ્વરૂપ છે.

‘જ્યારે અમે સપ્ટેમ્બર ૨૦૨૧માં ભૂમિપૂજન કર્યું, ત્યારે અમે એક સ્વપ્ન જોયું હતું કે ભારતની મહત્ત્વાકાંક્ષા અને મુંબઈની ઊર્જાને પ્રતિબિંબિત કરતું વિશ્વ-સ્તરીય પ્રવેશદ્વાર બનાવવાનું. ૫૦ મહિનાથી ઓછા સમયમાં, રૂ. ૨૦,૦૦૦ કરોડના રોકાણ સાથે, ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એવિએશન પ્રોજેક્ટ તૈયાર છે, જે રેકોર્ડ સમયમાં બનાવવામાં આવ્યો છે. આ ગતિ, સ્કેલ અને નવા ભારતની ભાવનાનો પુરાવો છે,’ એમ તેમણે કહ્યું હતું.

# હિંસા અને સુંદરતાના મિલાપનું અદ્ભુત વર્ણન કરનારા હંગેરીના લેખકને સાહિત્યનું નોબેલ પ્રાઇઝ

## આજે શાંતિનું નોબેલ જાહેર થશેઃ ટ્રમ્પનો છે કોઇ ચાન્સ?



સ્ટોકહોમઃ હંગેરીના લેખક લાસ્લો ક્રાસનાહોરકેયને નવલકથા ‘હેરશટ ૦૭૭૬૯’ બદલ સાહિત્યના નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા હતા. તેમણે નવલકથામાં જર્મનીમાંની હિંસા અને સુંદરતાના મિલાપનું અદ્ભુત વર્ણન કર્યું છે. શાંતિ માટેના નોબેલ પુરસ્કારની શુક્રવારે જાહેરાત થવાની છે અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું તેના માટે નામાંકન નોંધાવાયું છે એટલે આ પુરસ્કાર કોને મળશે?, તેના પર બધાની ખાસ નજર છે. ટ્રમ્પ ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સહિત દુનિયામાં ચાલતી સાત લડાઇ બંધ કરાવી હોવાનો દાવો કરે છે.

હંગેરીની રોમાનિયા સાથેની સરહદની નજીક આવેલાં નાનાં નગર ગ્યુલામાં ૧૯૫૪માં જન્મેલા લાસ્લો ક્રાસનાહોરકેય હંગેરીના અગ્રણી લેખકોમાંના એક છે.

તેમને ૨૦૨૫માં જે નવલકથા ‘હેરશટ ૦૭૭૬૯’ બદલ સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો છે, તે ઘણી લોકપ્રિય જર્મન નવલકથા છે. તેમાં જર્મનીનાં નાનાં નગરમાં ફેલાયેલી સામજિક અંધાધૂંધી, હિંસા અને આગ લગાડવાની ઘટનાનો ઉલ્લેખ છે. ફિલ્મ દિગ્દર્શક બ્લા ટાર્રે આ નવકથા પર આધારિત ફિલ્મ બનાવી હતી.

અગાઉ, લાસ્લો ક્રાસનાહોરકેયને ૧૯૮૫માં લખેલી નવલકથા ‘સાટાન્ટેન્ગો’થી યુરોપના દેશોમાં લોકપ્રિયતા મળી હતી. આ નવલકથામાં વિનાશ તરફ જઇ રહેલા હંગેરીના એક ગામની વાત વર્ણવી છે.

અગાઉ, સુસુમુ કિટાગાવા, રિચાર્ડ રોબસન અને ઉમર એમ. યાગીને ‘ડેવલપમેન્ટ ઑફ મેટલ-ઑર્ગેનિક ફ્રેમવર્ક્સ’માંના તેઓનાં કામ માટે રસાયણશાસ્ત્રના નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા હતા.

રોયલ સ્વિડિશ એકેડેમી ઑફ દ્વારા શાંતિ માટેના નોબેલ પુરસ્કારના વિજેતા શુક્રવારે અને અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતા સોમવારે જાહેર કરશે.

નોબેલ પુરસ્કાર ઓલ્ફ્રેડ નોબેલની ૧૦ ડિસેમ્બરે આવતી પુણ્યતિથિએ એનાયત કરાશે.

મેડિસન માટેના નોબેલ પુરસ્કારના ત્રણ વિજેતા સોમવારે જાહેર કરાયા હતા, જ્યારે મંગળવારે ભૌતિકશાસ્ત્ર માટેના નોબેલ પુરસ્કારના ત્રણ વિજેતા જાહેર કરાયા હતા. (એજન્સી)

**ટ્રમ્પ ઈફેક્ટ**

# અમેરિકામાં હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઘટી રહ્યા છે

વૉશિંગ્ટનઃ ફેડરલ ડેટા અનુસાર, અમેરિકન યુનિવર્સિટીઓએ નવું શૈક્ષણિક વર્ષ શરૂ કર્યું છે , પણ ઓગસ્ટમાં યુએસમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના આગમનની સંખ્યામાં લગભગ પાંચમા ભાગનો ઘટાડો થયો છે.

રાષ્ટ્રીય મુસાફરી અને પર્યટન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા પ્રારંભિક ડૅટા અનુસાર, ૨૦૨૪ના સમાન મહિનાની તુલનામાં ઓગસ્ટમાં વિદ્યાર્થી વિઝા પર યુએસ આવતા આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓમાં ૧૯ ટકાનો ઘટાડો થયો હતો. જૂન અને જુલાઈમાં પણ સંખ્યામાં ઘટાડો થયો હતો પરંતુ ઓગસ્ટ એ ઉનાળાનો મહિનો છે જ્યારે સામાન્ય રીતે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું આગમન જોવા મળે છે - આ વર્ષે ઓગસ્ટમાં ૩૧૩૧૩૮ વિદ્યાર્થીઓનું આગમન થયું હતું. ટ્રમ્પ વહીવટીતંત્રે વિદેશી વિદ્યાર્થીઓની ચકાસણી વધારી હોવાથી કોલેજોમાં આંતરરાષ્ટ્રીય નોંધણી પર આ ઘટાડાનો ફટકો પડવાનો નવીનતમ સંકેત છે.

ફેડરલ સરકારે વિદ્યાર્થી વિઝા પર કડક પગલાં લીધા હોવાથી, ઉદ્યોગ જૂથોએ આંતરરાષ્ટ્રીય નોંધણીમાં ઘટાડાની ચેતવણી આપી છે જે શાળાના બજેટ અને વિશ્વમાં અમેરિકન કોલેજોની સ્થિતિને જોખમમાં મૂકે છે. જ્યારે પરિવર્તનની સંપૂર્ણ અસર જોવાની બાકી છે, ત્યારે નવા ડૅટા સૂચવે છે કે આંતરરાષ્ટ્રીય નોંધણીમાં પરિવર્તન આવ્યું છે જે કોવિડ-૧૯ રોગચાળાને કારણે થયેલા ઘટાડા બાદ યુએસમાં ફરી આવ્યું છે. ગયા વર્ષે લગભગ ૧.૧ મિલ્યન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અમેરિકામાં હતા - જે ટ્યુશન-સંચાલિત કોલેજો માટે મુખ્ય આવકનો સ્રોત છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ફેડરલ નાણાકીય સહાય માટે લાયક નથી, અને ઘણા સંપૂર્ણ ફી ચૂકવે છે.

# દરેક બિહારી પરિવારમાંના એકને સરકારી નોકરીઃ તેજસ્વીનું વચન

પટણાઃ જો તેમના પક્ષના વડપણ હેઠળનું ઇન્ડિ બ્લોક બિહારમાં સત્તામાં આવશે તો તેઓ એક નવો કાયદો લાવશે. આ કાયદા અનુસાર રાજ્યના દરેક પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવશે. આ ચૂંટણી વચન આરજેડી નેતા તેજસ્વી યાદવે બિહારવાસીઓને આપ્યું હતું.

એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરતાં યાદવે જણાવ્યું કે પ્રસ્તાવિત કાયદો નવી સરકારની રચનાના ૨૦ દિવસની અંદર લાવવામાં આવશે. ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું કે એનડીએ ૨૦ વર્ષમાં યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ રહ્યું છે. અમે સત્તામાં આવ્યાના ૨૦ દિવસની અંદર કાયદો લાવીશું અને ૨૦ મહિનામાં તેનો અમલ સુનિશ્ચિત કરવામાં આવશે.

૩૫ વર્ષીય નેતાએ જણાવ્યું કે મે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં પણ સરકારી નોકરીઓનું વચન આપ્યું હતું. મારા સત્તાના ટૂંકા કાર્યકાળ દરમિયાન પાંચ લાખ નોકરીઓ પૂરી પાડવામાં આવી હતી. તમે કલ્પના કરી શકો છો કે જો મને પાંચ વર્ષનો કાર્યકાળ મળ્યો હોત તો શું શક્ય બન્યું હોત.

ઇન્ડિ બ્લોકના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે ઉભરેલા યાદવે વારંવાર નીતીશ કુમાર સરકારને ‘કોપીકેટ’(નકલ કરનાર) ગણાવી હતી. તેમણે કહ્યું કે તાજેતરના મહિનાઓમાં લેવામાં આવેલા કેટલાક લોકપ્રિય પગલાં આરજેડી નેતાના અગાઉના ચૂંટણી વચનોથી પ્રેરિત હોવાનું જણાઇ રહ્યું છે.

**કફ સિરપકાંડ**

# સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી

નવી દિલ્હીઃ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપ પીવાથી બાળકોના મૃત્યુ અંગે દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર સુપ્રીમ કોર્ટ શુક્રવારે સુનાવણી કરશે. અરજીમાં દવા સુરક્ષા તંત્રમાં તપાસ અને પ્રણાલીગત સુધારાની માંગણી કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ, જસ્ટિસ ઉજ્જ્વલ ભૂયાન અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બનેલી ખંડપીઠે એડવોકેટ અને અરજદાર વિશાલ તિવારીની દલીલોને ધ્યાનમાં લેતા જણાવ્યું હતું કે આ મામલો ગંભીર છે અને તાત્કાલિક સુનાવણીને યોગ્ય છે.

અરજીમાં આ ઘટનાઓની કોર્ટની દેખરેખ હેઠળ તપાસ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય ન્યાયિક કમિશન અથવા નિષ્ણાત સમિતિની રચના કરવાની વિનંતી કરવામાં આવી છે. વધુમાં અરજીમાં ઝેરી કફ સિરપ પીવાથી બાળકોના મૃત્યુ સંબંધિત તમામ એફઆઈઆર અને તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવાની માંગ કરવામાં આવી છે, જેથી સમગ્ર દેશમાં એકસમાન અને નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત થાય.અરજદારે દલીલ કરી હતી કે અલગ અલગ રાજ્યોમાં કરવામાં આવતી તપાસ જવાબદારીને વિભાજિત કરે છે, જેના કારણે વારંવાર આ પ્રકારની ઘટનાઓ બને છે અને ખતરનાક દવાઓ બજારમાં પહોંચે છે.

## કંપનીના માલિકની ધરપકડ

ભોપાલ/ચેન્નઈઃ મધ્ય પ્રદેશમાં ઝેરી કૉલ્ડ્રિક કફ સિરપના કારણે બાળકોનાં થયેલા મોતના ગંભીર મામલામાં મધ્ય પ્રદેશ પોલીસે મોટી કાર્યવાહી કરતાં દવા બનાવતી કંપનીના ફરાર માલિક રંગરાજનની ચેન્નઈથી ધરપકડ કરી છે. મધ્ય પ્રદેશ પોલીસે ચેન્નઈ પોલીસના સહયોગથી આ કાર્યવાહી કરી હતી.ઝેરી કફ સિરપ મામલે રંગરાજનની લાંબા સમયથી શોધખોળ ચાલી રહી હતી. રંગરાજનની ધરપકડ કરનારને છિંદવાડા પોલીસે ₹૨૦,૦૦૦નું ઇનામ પણ જાહેર કર્યું હતું. આ સમગ્ર મામલાની વિસ્તૃત તપાસ માટે જબલપુરના એડિશનલ એસપી અંજના તિવારીના નેતૃત્વમાં એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરવામાં આવી છે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આતંકવાદ સામે લડવામાં મનમોહન નબળા સાબિત થયેલા

**આપણા** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આક્ષેપ કર્યો છે કે, મુંબઈમાં ૨૦૦૮માં ૨૬/૧૧ના રોજ થયેલા મુંબઈ આતંકવાદી હુમલા વખતે જોરદાર કાર્યવાહી કરવામાં કૉંગ્રેસ સરકાર નિષ્ફળ રહી હતી તેના કારણે એવો મેસેજ ગયેલો કે ભારત નબળું છે અને આતંકવાદીઓ સામે શરણાગતિ સ્વીકારી લીધી હતી. મોદીએ એવો દાવો પણ કર્યો કે, આપણું આર્મી તો પાકિસ્તાન પર હુમલો કરવા તૈયાર હતું પણ એ વખતની કૉંગ્રેસ સરકારે વિદેશી દબાણ હેઠળ હુમલો કરવા નહોતો દીધો.

થોડા સમય પહેલાં ડો. મનમોહનસિંહ સરકારમાં ગૃહમંત્રી પી. ચિદમ્બરમે દાવો કરેલો કે, ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલા પછી તેમના મનમાં પણ બદલો લેવાનો વિચાર આવ્યો હતો પણ કેન્દ્ર સરકારે લશ્કરી કાર્યવાહી નહીં કરવાનો નિર્ણય લીધો હતો. ચિદમ્બરમે વિદેશી દબાણ હેઠળ લશ્કરી કાર્યવાહી નહોતી કરી એવું કહ્યું નથી પણ મોદીએ પોતાની રીતે આ વાત ઉમેરી દીધી.

મોદી લોકોને એવું સમજાવવા મથી રહ્યા છે કે, અમારી સરકારે પહલગામ હુમલા પછી ઓપરેશન સિંદૂર હાથ ધરીને તરત પાકિસ્તાન સામે કાર્યવાહી કરી જ્યારે ડૉ. મનમોહનસિંહની સરકાર હાથ પર હાથ મૂકીને બેસી રહી હતી. મનમોહનસિંહની કૉંગ્રેસના નેતૃત્વ હેઠના યુપીએની સરકાર આતંકવાદ સામે અને પાકિસ્તાન સામે લડવામાં નબળી સાબિત થઈ હતી તેમાં બેમત નથી પણ સામે નરેન્દ્ર મોદીની સરકારે પણ પાકિસ્તાન સામે એવુ કશું કર્યું નથી કે જેના કારણે બંને દેશોનો ઈતિહાસ કે ભૂગોળ બદલાઈ જાય.

ડૅ. મનમોહનસિંહના શાસન દરમિયાન પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ ભારતમાં ઉપરાછાપરી આતંકવાદી હુમલા કર્યા હતા. મુંબઈમાં ૨૦૦૮માં ૨૬/૧૧ના રોજ થયેલો આતંકવાદી હુમલાએ તો આપણી આબરૂનાં છોતરાં કાઢી નાખેલાં કેમ કે આતંકવાદીઓએ ચાર દિવસ સુધી મુંબઈને બાનમાં લીધું હતું અને સત્તાવાર રીતે ૧૭૧ લોકોની હત્યા કરેલી.

મુંબઈના ૧૯૯૩ના હુમલામાં ૨૦૦૮ કરતાં વધારે લોકો મરેલાં પણ ૨૦૦૮ના હુમલાએ આખી દુનિયા સામે આપણને લાચાર ચિતરી નાંખ્યું તેથી ૨૦૦૮નો હુમલો આપણા ઈતિહાસનું વધારે શરમજનક પ્રકરણ છે. કૉંગ્રેસ શાસનમાં બીજા પણ મોટા આતંકવાદી હુમલા થયેલા. ૨૦૦૫ના શ્રમજીની એક્સપ્રેસમાં થયેલા બોમ્બ બ્લાસ્ટથી શરૂ કરીને ૨૦૧૩માં શ્રીનગરમાં આર્મીના કાફલા પર હુમલો કરીને આતંકીઓએ આઠ જવાનોની હત્યા કરી એ વચ્ચેના ગાળામાં દસેક મોટા આતંકવાદી હુમલા થયા. નાના હુમલાની તો કોઈ ગણતરી જ નથી.

મુંબઈ, અમદાવાદ, જયપુર, બેંગલૂરુ, કોલકાત્તા, હૈદરાબાદ સહિતનાં મોટાં શહેરોમાં આતંકવાદી હુમલા કરીને પાકિસ્તાનનાં પ્યાદાં જેવા આતંકવાદીઓએ ભારતનું કોઈ રણીધણી નથી ને ભારતનાં લોકો ભગવાન ભરોસે જીવે છે એવું ચિત્ર ઉભું કરી દીધેલું. મનમોહનસિંહની સરકારે આ હુમલા સામે મર્દાના મિજાજ બતાવીને પાકિસ્તાનને રગદોળી દેવાની જરૂર હતી પણ કમનસીબે મનમોહન આતંકવાદ સામે લડવામાં અને પાકિસ્તાનને પાઠ ભણાવવામાં સાવ પાણી વિનાના સાબિત થયા હતા તેથી મોદીની વાત અડધી સાચી છે.

મોદી સરકાર પાકિસ્તાનને જવાબ આપવામાં મનમોહનસિંહની સરકાર કરતાં વધારે અસરકારક હોવાનું ચિત્ર ઊભું કરવામાં સફળ થઈ છે કેમ કે તેનું પ્રચાર તંત્ર એકદમ મજબૂત છે. બાકી મનમોહનસિંહ સરકાર કશું નહોતી કરી શકતી ને મોદી સરકારે પાકિસ્તાનને ખોખરું કરીને ભારત પર આતંકવાદી હુમલાની ખો ભૂલાવી દીધી હોય એમ કહેવું વહેલું છે. મોદી સરકારે પાકિસ્તાન પર ત્રણ વાર સર્જિકલ સ્ટ્રાઈક કરીને ભારતના આક્રમક મિજાજનો પરચો આપ્યો છે તેનાં વખાણ કરવાં જ જોઈએ કેમ કે ભૂતકાળમાં કોઈ સરકારે પાકિસ્તાનમાં ઘૂસીને આ પ્રકારની લશ્કરી કાર્યવાહી નહોતી કરી. મોદી સરકારનો મિજાજ ભૂતકાળની તમામ સરકારો કરતાં આક્રમક છે એ સ્વીકારવું જોઈએ પણ આપણા લશ્કરના મર્દાના મિજાજ જેવો નથી એ પણ હકીકત છે. મોદી સરકાર પણ લોકલાગણીને સમજીને પાકિસ્તાન સામેનું પ્રકરણ એક વાર પૂરું કરી નાંખવાનો મિજાજ નથી બતાવી શકી એ પણ હકીકત છે. બાકી લોકોની લાગણી તો ઓપરેશન સિંદૂર વખતે જ પાકિસ્તાનનું બોર્ડ પતાવી દેવાની હતી.

મોદી સરકાર દાવો કરે છે એ પ્રમાણે, આપણે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓનાં ઠેકાણાંનો સફાયો કરી નાંખ્યો ને પાકિસ્તાની આર્મીના દાંત પણ ખાટા કરી નાંખેલા. આપણે જીતી જ રહ્યા હતા છતાં અચાનક યુધ્ધવિરામ કેમ સ્વીકારી લીધો એ સવાલનો જવાબ હજુય મળતો નથી. આપણું લશ્કર તો પાકિસ્તાનનો ખુરદો બોલાવી દેવા વરસોથી તલપાપડ છે ત્યારે પાકિસ્તાન સામે યુધ્ધવિરામનો નિર્ણય લશ્કરે તો નહીં જ લીધો હોય એ કહેવાની જરૂર નથી.

ડોનલ્ડ ટ્રમ્પે દાવો કરેલો કે, પોતાની મધ્યસ્થીના કારણે ભારત-પાકિસ્તાન સામે યુદ્ધવિરામ થયો. મોદી સરકાર આ વાત નકારી ચૂકી છે અને પાકિસ્તાનના લશ્કરી અધિકારીએ ફોન કર્યો પછી ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો હોવાનું સત્તાવાર રીતે કહ્યું છે. મોદી સરકાર એવું સાબિત કરવા મથી રહી છે કે, કોઈના દબાણથી અમે યુદ્ધવિરામ નહોતો સ્વીકાર્યો. સારી વાત કહેવાય પણ તેના કારણે ફાયદો પાકિસ્તાનને થયો એ પણ હકીકત છે. ભારત પાકિસ્તાને પચાવેલું કાશ્મીર (પીઓકે) પાછું લઈ શકે એમ હતું છતાં ના લઈ શક્યું તો મોદી સરકાર અને મનમોહનસિંહ સરકારમાં શું ફરક?

મોદી સરકારે કાર્યવાહી કરી એ સારું છે પણ તેના કારણે કશું બદલાયું નથી. પહલગામ હુમલા પછી મોટો આતંકવાદી હુમલો નથી થયો પણ આતંકવાદીઓ હજુ ઘૂસે જ છે અને હુમલા કરે જ છે. ઓપરેશન સિંદૂર કરીને પાકિસ્તાનના સો-બસો આતંકવાદીને મારી નાંખ્યા એવી વાતોથી આપણે ખુશ થઈએ છીએ પણ જમ્મુ અને કાશ્મીરનો ત્રીજો ભાગ હજુય પાકિસ્તાનના કબજા હેઠળ જ છે.

આપણા લશ્કરનો સવાલ છે તો આપણું લશ્કર તો વરસોથી ટાંપીને જ બેઠું છે. આપણા લશ્કરી વડાઓ વારંવાર કહી ચૂક્યા છે કે, લશ્કર આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે ને જે લોકો આતંકવાદને પોષે છે એ લોકો યાદ રાખે કે, ભારતીય લશ્કર પાસે આતંકવાદનો સામનો કરવાના બીજા પણ ઘણા વિકલ્પો છે. આ વિકલ્પો અજમાવતાં અમને જરાય ખચકાટ નહીં થાય ને ભારતીય લશ્કર ભવિષ્યમાં કોઈ પણ જંગ લડવા માટે તૈયાર છે.

આપણા ઘણા લશ્કરી વડા તો એવું પણ કહી ચૂક્યા છે કે, ભારતીય લશ્કર પીઓકેમાં ઘૂસીને તેને કબજે કરવા માટે પણ સજ્જ છે, જરૂર માત્ર રાજકીય ઈચ્છાશક્તિની છે. મતલબ કે, સરકાર આદેશ આપે તેની રાહ જોઈને બેઠા છીએ.

આશા રાખીએ કે, મોદી આ રાજકીય ઈચ્છાશક્તિ બતાવીને ભારત-પાકિસ્તાનનો ઈતિહાસ અને ભૂગોળ બંને બદલે. બાકી ત્રીજા ભાગનું કાશ્મીર પાકિસ્તાન પાસે હોય ત્યાં સુધી આ દેશની કોઈ સરકારને પાકિસ્તાન સામે મર્દાનગી બતાવી હોવાનો દાવો કરવાનો અધિકાર નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શુક્રવાર, તા. ૧૦–૧૦–૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી,કરક ચતુર્થી, કરવા ચોથ, દાશરથી ચતુર્થી,

- ભારતીય દિનાંક ૧૮, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ–૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ–૪
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા સાંજે ક. ૧૭–૩૦ સુધી પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩–૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૨૯ (તા. ૧૦)
- ઓટઃ સવારે ક. ૦૭–૩૯, રાત્રે ક. ૧૯–૪૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – ચતુર્થી. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૦–૫૩, કરક ચતુર્થી, કરવા ચોથ, દાશરથી ચતુર્થી, સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં રાત્રે ક. ૨૦–૧૩, વાહન હાથી (સંયોગિયું નથી).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શુક્ર–સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, બહાદુરો, સાહસિકો, સૈનિકોનું બહુમાન કરવું, શસ્ત્ર પૂજન. શ્રી ગણેશ પૂજા, ઉપવાસ, હવન વિશેષરૂપે રાત્રે ચંદ્રોદય પછી શ્રી ગણેશને ચુરમાના લાડુનું નૈવેદ્ય અર્પણ, શ્રી ગણેશ યાગ, સંધિ, વિગ્રહ, ઔષધિ ઉપચાર, વાજિંત્ર, સંગીત, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર–હર્ષલ યુતિ અસ્થિર મનના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# જૈશે મહંમદની મહિલા આતંકવાદીઓની ટુકડીનું નેતૃત્વ મસૂદ અઝહરની બહેનોને સોંપવામાં આવ્યું

### સાદિયાના શૌહર યુસુફ અઝહરનો ઑપરેશન સિંદૂર દરમિયાન જીવ ગયો હતો

બહાવલપુરઃ પાકિસ્તાનના ત્રાસવાદીઓના સંગઠન જૈશે મહંમદે પોતાની પ્રથમ મહિલા પાંખ 'જમાત-ઉલ-મોમિનાત' શરૂ કરી છે અને તેમાં મહિલાઓની ભરતી કરવાનો પ્રારંભ પણ કરાયો છે.

જૈશે મહંમદના વડા અને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જેને ત્રાસવાદી જાહેર કરાયો છે, તે મૌલાના મસૂદ અઝહરે મહિલાઓની ટુકડી તૈયાર કરવા માટે લખેલો પત્ર જાહેર કરાયો હતો.

પાકિસ્તાનના બહાવલપુરમાં મરકઝ ઉસ્માન-ઓ-અલી ખાતે આઠ ઑક્ટોબર, બુધવારે નવા મહિલા એકમમાંની ભરતી શરૂ કરાઇ હતી.

જૈશે મહંમદના પ્રચારમાધ્યમ 'અલ-કલામ'એ સંબંધિત પત્ર જાહેર કર્યો હતો, જેમાં જણાવાયું હતું કે 'જમાત-ઉલ-મોમિનાત' આપણા સંગઠનની મહિલા ટુકડી તરીકે કામ કરશે.મસૂદ અઝહરની બહેન સાદિયા અઝહર આ મહિલા એકમનું નેતૃત્વ કરશે. તેના પતિ યુસુફ અઝહરનું ભારતીય લશ્કરે સાત મેએ 'ઑપરેશન સિંદૂર' હેઠળ જૈશે મહંમદના મરકઝ સુભાનઅલ્લાહ મથક પર કરેલા હુમલામાં મૃત્યુ થયું હતું.

પાકિસ્તાનના બહાવલપુર, કરાચી, મુઝફ્ફરાબાદ, કોટલી, હરિપુર અને માનસેહરા ખાતેના જૈશે મહંમદના કેન્દ્રોમાં તાલીમ લેતી અને આર્થિક દૃષ્ટિએ નબળી મહિલાઓ તેમ જ જૈશે મહંમદના કમાંડર્સની મહિલાઓને ત્રાસવાદીઓની આ મહિલા પાંખમાં ભરતી કરવાનું શરૂ કરાયું છે.

ભારતીય લશ્કરે ઑપરેશન સિંદૂરમાં પાકિસ્તાનના દક્ષિણ પંજાબમાં બહાવલપુર ખાતેના વડા મથક પર હુમલા કર્યા હતા. આ હુમલામાં જૈશે મહંમદના વડા મસૂદ અઝહરના પરિવારના અનેક સભ્યો માર્યા ગયાં હતાં. (એજન્સી)

# નાની ઉંમરથી સેક્સ સંબંધી શિક્ષણ આપવું જોઈએઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે નવમા ધોરણથી નહીં, પરંતુ નાની ઉંમરથી જ સેક્સ એજ્યુકેશન આપવામાં આવવું જોઈએ.

ન્યાયાધીશ સંજયકુમાર અને આલોક આરાધેની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે સેક્સ એજ્યુકેશન હાયર સેકન્ડરી સ્કૂલના અભ્યાસક્રમનો હિસ્સો હોવો જોઈએ જેથી કરીને ઉંમરલાયક થતાં જ તેમના શરીરમાં હોર્મોનમાં થતાં પરિવર્તન અંગે તેઓમાં જાગૃતિ લાવી શકાય.

સંબંધિત સત્તાધિકારીઓએ આ મામલે સુધારાનાં પગલાં લેવા જોઈએ જેથી કરીને ઉંમરલાયક થતાં જ શરીરમાં હોર્મોનમાં થતાં ફેરફાર અંગે તેમનામાં જાગૃતિ લાવી શકાય અને સાવધાની વર્તી શકાય.

આઈપીસીની કલમ ૩૭૬ (બળાત્કાર) અને કલમ ૫૦૬ (ક્રિમિનલ ઈન્ટિમિડેશન), પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યૂઅલ ઑફેન્સિસ (પોક્સો) ઍક્ટની કલમ છ સંબંધિત ગુનાના ૧૫ વર્ષની વયના આરોપીને જામીન આપતાં કોર્ટે આ નિરીક્ષણ કર્યું હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### હવે પાકું

ઇઝરાયલ અને હમાસની સમજૂતીને લીધે અંત આવવાની આશા વ્યક્ત કરાય છે.આમ છતાં, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે હમાસને નિઃશસ્ત્ર કરવાની ઘડેલી યોજના અંગે અને ગાઝા પર કોણ શાસન કરશે? તે અંગે હજી સ્પષ્ટતા નથી કરાઇ. ઇઝરાયલ સાથેના યુદ્ધમાં પેલેસ્ટાઇનના હજારો લોકો માર્યા ગયાં હતાં અને અન્ય હજારો લોકો ઘાયલ થયાં હતાં. આ યુદ્ધને કારણે ગાઝામાં જાનમાલને ભારે હાનિ થઇ હતી અને ઘણી જગ્યાએ ખેતી નહિ થવાથી ભૂખમરાની સ્થિતિ પણ ઊભી થઇ છે. આ લડાઇમાં મધ્ય પૂર્વના અનેક દેશ પણ જોડાયા હતા. હમાસે ૨૦૨૩ના સાત ઑક્ટોબરે ઇઝરાયલ પર હુમલો કર્યો અને તેને લીધે મોટા પાયે યુદ્ધ શરૂ થયું હતું. ઇઝરાયલને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પાડવા પણ પ્રયાસ કરાયા હતા અને ઇઝરાયલ દ્વારા મોટા પાયે હત્યા કરાતી હોવાનો આક્ષેપ કરાયો હતો.તેલ અવીવથી મળતા સંદેશામાં જણાવાયું હતું કે બાનમાં રખાયેલા લોકોના પરિવારના સભ્યો અને સગાંએ યુદ્ધવિરામની સમજૂતી અંગે ખુશી વ્યક્ત કરી હતી. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે બધા બંધકને ટૂંક સમયમાં છોડી દેવાશે અને ઇઝરાયલ પોતાનાં શસ્ત્ર દળોને યુદ્ધગ્રસ્ત ગાઝામાંથી પાછા ખેંચશે. બધા પક્ષની સાથે સમાન વ્યવહાર કરાશે. યુદ્ધવિરામની સમજૂતી મુજબ હમાસ બધા બંધકને થોડા દિવસમાં છોડી દેશે. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુએ સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે ઇશ્વરની સહાયથી અમે બધા બંધકને છોડાવીને સ્વદેશ લાવવામાં સફળ થવાની આશા રાખીએ છીએ. (એજન્સી)

### પાકિસ્તાનનો કાબુલ પર હુમલો

અધૂરામાં પૂરું અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન આમીર ખાન મુતાક્કી ભારતની મુલાકાતે આવ્યા છે અને આવી મુલાકાત લેનાર સૌપ્રથમ તાલિબાની પ્રધાનનું નવી દિલ્હીમાં લાલ જાજમ પાથરીને ભવ્ય સ્વાગત કરાયું તેને લીધે પણ ઇસ્લામાબાદના પેટમાં તેલા રેડાયું છે.

પ્રારંભિક અહેવાલો અનુસાર, વિસ્ફોટો કાબુલના પૂર્વ ભાગમાં સ્થિત ડિસ્ટ્રિક્ટ આઠથી થયા હતા. આ એક એવો વિસ્તાર છે જ્યાં અનેક મુખ્ય સરકારી કચેરીઓ અને રહેણાંક વિસ્તારો આવેલા છે. વિસ્ફોટોનું ચોક્કસ લક્ષ્ય અસ્પષ્ટ છે.

તાલિબાન પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે પુષ્ટિ કરી કે શહેરમાં વિસ્ફોટ સંભળાયો હતો પરંતુ તેમણે લોકોને શાંત રહેવાની વિનંતી કરતા કહ્યું હતું કે ચિંતાનું કોઈ કારણ નથી.

તેમણે જણાવ્યું કે અત્યાર સુધી ઇજાઓ કે નુકસાનના કોઈ અહેવાલ નથી અને અધિકારીઓ આ બાબતની તપાસ કરી રહ્યા છે.

### મિસાઈલની

નામ પણ પડાયું છે. યુકેના રૉયલ નૅવીના 'ઍર-ટૂ-સર્ફેસ ગાઇડેડ વેપન (લાઇટ)'ની જરૂરિયાતને પૂરી કરવા આ મિસાઇલ વિકસાવાયા હતા. અગાઉ, યુકેએ યુક્રેનની સાથે માર્ચમાં કરાર કરીને તેને આ મિસાઇલ વેચ્યા હતા. તે ડ્રોન અને રણગાડીમાંથી પણ છોડી શકાય છે. (એજન્સી)

### ભારત યુ.કે. પાસેથી

ભજવશે. યુકે પાસેથી નવા મિસાઇલો મેળવ્યા બાદ ભારતીય લશ્કરની ક્ષમતામાં અનેક ગણો વધારો થશે. મોદીએ જણાવ્યું હતું કે ભારત અને યુકે વચ્ચેના વ્યાપક આર્થિક અને વેપાર કરારથી દ્વિપક્ષી વેપારમાં અનેક ગણો વધારો થશે. ભારત અને યુકે વચ્ચે હાલમાં ૫૬ અબજ ડૉલરનો વેપાર થાય અને તે ૨૦૩૦ સુધીમાં બમણો થવાની આશા રખાય છે. ભારતીય લશ્કર માટે તૈયાર કરવામાં આવનારા મિસાઇલોને લીધે ઉત્તર આયર્લૅન્ડમાં ૭૦૦થી વધારી લોકોને સીધી રોજગારી મળશે. યુકેમાં આયર્લૅન્ડ, ઇંગ્લૅન્ડ, વૅલ્સ અને સ્કોટલૅન્ડ આવેલા છે.બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરની ભારતની મુલાકાતના બીજા અને અંતિમ દિવસે મિસાઇલ ખરીદીના કરારને લગતી જાહેરાત કરાઇ હતી. યુકેના ૧૨૫ વેપારી પ્રતિનિધિની સાથે આવેલા કીર સ્ટાર્મરે મુંબઈમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મંત્રણા કરી હતી.યુકેના સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે ભારતીય લશ્કર માટે યુકેમાં બનનારા હળવા અને અનેક ભૂમિકા ભજવી શકે એવા મિસાઇલ્સથી યુકેના સંરક્ષણ ઉદ્યોગને નવું જોમ મળશે. યુક્રેન માટે હાલમાં જેવા ઍર ડિફેન્સ મિસાઇલ્સ અને લૉન્ચર્સ બનાવાય છે, એવા જ ભારતીય લશ્કર માટે બનાવીશું.તેણે જણાવ્યું હતું કે મિસાઇલ ખરીદીના આ કરારને લીધે ભારત અને યુકે વચ્ચે સંરક્ષણ ક્ષેત્રની ભાગીદારી વધુ દઢ બનશે. આ ઉપરાંત, બન્ને દેશ વચ્ચે નૌકાદળના જહાજો માટેના ઇલેક્ટ્રિક એન્જિન્સના નિર્માણ અને ઍર ડિફેન્સ ક્ષેત્રે વધુ પ્રગતિ કરાઇ રહી છે.યુકેના વડા પ્રધાનની સાથે અનેક કંપનીના સીઇઓ, યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર્સ (ઉપકુલપતિઓ) અને ઉદ્યોગપતિઓ મુંબઈ આવ્યા હતા. (એજન્સી)

### અઝબૈજાનનું વિમાન

કરી રહ્યું હતું. રશિયા દ્વારા છોડવામાં આવેલા બે મિસાઈલ સીધા નાગરિકી વિમાન સાથે નહોતા અથડાયા. વિમાનથી થોડા મીટરના અંતે આ મિસાઈલ ફૂટ્યા હતા. મિસાઈલને કારણે નહીં, પરંતુ તેના કાટમાળને કારણે વિમાનને હાનિ પહોંચી હોઈ શકે, એમ પુતિને કહ્યું હતું. બે પાઈલટ, ત્રણ કેબિન ક્રૂ અને ૬૨ પ્રવાસી સહિત ૬૭ જણ સાથેનું વિમાન (૮૨૪૩) અઝરબૈજાનના બાકુથી રશિયાના ગ્રોન્ઝી જઈ રહ્યું હતું. આ વિમાન કઝાકિસ્તાનના અકાતુ ખાતે તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં બે પાઈલટ, એક ફ્લાઈટ એટેન્ડન્ટ સહિત ૩૫ જણનાં મોત થયાં હતાં. ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ના આ ઘટના બની હતી. ઘટનાના ત્રણ દિવસ બાદ ૨૮ ડિસેમ્બરે પુતિને ઘટના અંગે ફોન પર અલિયેવની માફી માગી હતી. (એજન્સી)

# મોદી રામ મંદિર પર ૨૧ ફૂટની ધજા ચઢાવશે

અયોધ્યાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યાના રામ મંદિર પર પચીસમી નવેમ્બરે ૨૧ ફૂટની ધજા ચઢાવશે.

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ ગુરુવારે જણાવ્યું હતું કે રામ મંદિરના નિર્માણની સત્તાવાર પૂર્ણાહુતિ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે આ એક ઐતિહાસિક ઘટના છે. મંદિરને ધજા ચઢાવવાનું કાર્ય દાયકાઓ જૂનું સ્વપ્ન સાકાર થવાના પ્રતીકરૂપે કરાશે.

પચીસ નવેમ્બરે રામ વિવાહ પંચમી છે. મોદીએ ૨૦૨૦ની પાંચ ઑગસ્ટે અહીં ભૂમિપૂજન અને ૨૦૨૪ની ૨૨ જાન્યુઆરીએ પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે મુખ્ય મંદિરનું નિર્માણ લગભગ પૂરું થઇ ગયું છે. બહારની દીવાલ બાંધવાનું કામ અંતિમ તબક્કામાં છે. શેષાવતાર મંદિર, સપ્ત મંડપમ્ અને પુષ્કર્ણી (પવિત્ર તળાવ)નું નિર્માણ પૂરું થઇ ગયું છે. શ્રદ્ધાળુઓના પગરખાં રાખવાની જગ્યા પણ ટૂંક સમયમાં તૈયાર થઇ જશે.અયોધ્યા અને કાશીથી બોલાવાયેલા સાધુ-સંતો અને પૂજારીઓ એકવીસથી પચીસ નવેમ્બર (પાંચ દિવસ) વૈદિક વિધિ કરશે. (એજન્સી)

# ડાયરેક્ટ ફ્લાઈટ ભારત સાથેના સંબંધોમાં શુભ સંકેતઃ ચીન

બેઇજિંગઃ ચીને પાંચ વર્ષ બાદ ભારત સાથે સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરવાના નિર્ણયને સકારાત્મક પગલું ગણાવ્યું હતું. ચીને કહ્યું હતું કે તેનાથી ખ્યાલ આવે છે કે બંન્ને દેશ દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી સહમતિ પર ઈમાનદારીથી કામ કરી રહ્યા છે. ચીનમાં આઠ દિવસની રાષ્ટ્રીય રજા પછી પ્રથમ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું હતું કે ફ્લાઇટ્સ ઓક્ટોબરના અંત સુધીમાં ફરી શરૂ થશે. ભારતે બીજી ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે ૨૬ ઓક્ટોબરથી ચીન માટે સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ થશે. એક સવાલના જવાબમાં ગુઓએ કહ્યું હતું કે , આ તાજેતરનો નિર્ણય દર્શાવે છે કે બંને દેશો ૩૧ ઓગસ્ટના રોજ તિયાનજિનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે થયેલી મહત્વપૂર્ણ સામાન્ય સમજૂતી પર કેવી રીતે ઈમાનદારીની કામ કરી રહ્યા છે.

મોદી અને જિનપિંગ વચ્ચે તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટ દરમિયાન મુલાકાત થઈ હતી. ઓક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાનમાં તેમની છેલ્લી મુલાકાત પછી દ્વિપક્ષી સંબંધોમાં સકારાત્મક અને સ્થિર પ્રગતિનું સ્વાગત કર્યું હતું.

ગુઓએ કહ્યું હતું કે ચીન ભારત સાથે મળીને દ્વિપક્ષી સંબંધોને વ્યૂહાત્મક અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જોવા અને તેને નિભાવવા અને એકબીજાની સફળતા માટે સહયોગ કરનારા સારા પડોશી અને ભાગીદાર બનીને કામ કરવા તૈયાર છે. તેમણે ડ્રેગન અને હાથી વચ્ચે સહકારી સંબંધ ના રૂપકનો ઉપયોગ કર્યો હતો, જેમાં બંને દેશો અને સમગ્ર એશિયાના લોકો માટે શાંતિ, સમૃદ્ધિ અને વધુ સારા પરિણામો પ્રાપ્ત કરવામાં ચીન અને ભારતની સહિયારી જવાબદારીઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

એર ચાઇના જેવી ચીની એરલાઇન્સ અગાઉ બંને દેશો વચ્ચે ફ્લાઇટ્સ ચલાવતી હતી પરંતુ તેઓએ હજુ સુધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરવાની યોજનાની ઔપચારિક જાહેરાત કરી નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય એરલાઇન્સ ઇન્ડિગો અને ચાઇના ઇસ્ટર્ન બંને દેશો વચ્ચે સીધી ફ્લાઇટ્સ ફરી શરૂ કરનારી પ્રથમ બે એરલાઇન્સ હશે. ઇન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે ૨૬ ઓક્ટોબરથી કોલકાતાથી ગુઆંગઝોઉ સુધી દૈનિક ફ્લાઇટ્સ શરૂ કરવાની યોજના ધરાવે છે. કોવિડ-૧૯ મહામારીના કારણે ૨૦૨૦માં બંને દેશો વચ્ચે ફ્લાઇટ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. પૂર્વ લદાખમાં ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા સરહદી વિવાદને કારણે તેને ફરીથી શરૂ કરવામાં આવી ન હતી.

# બિહારમાં એઆઈનો દુરુપયોગ કરી દુષ્પ્રચાર ન કરતાઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ખોટી માહિતી ફેલાવવા એઆઈ આધારિત સાધનોનો દુરુપયોગ નહીં કરવાની ચૂંટણી પંચે રાજકીય પક્ષોને ચેતવણી આપી છે.

ખોટી માહિતી ફેલાતી અટકાવવા એઆઈ આધારિત સાધનોનો દુરુપયોગ ન કરવા સંબંધિત આદેશો પણ ચૂંટણી પંચે રાજકીય પક્ષોને આપ્યા છે.

ગુરુવારે બહાર પાડેલાં નિવેદનમાં ચૂંટણી પંચે રાજકીય પક્ષોને સોશ્યલ મીડિયા પ્લેફોર્મ પર પૉસ્ટ કરવામાં આવતા સંદેશા સાથે એઆઈ જનરેટેડ કે સિન્થેટિક કન્ટેન્ટ લેબલ દર્શાવવાની આપેલી સૂચનાની યાદ દેવડાવી હતી.

પક્ષના સ્ટાર પ્રચારક અને ઉમેદવારે પ્રચારસામગ્રી એઆઈ જનરેટેજ, ડિજિટલી અજન્હાન્સ્ડ કે સિન્થેટિક કન્ટેન્ટ હોવાની જાહેરાત કરવાની રહેશે.

ચૂંટણીનું વાતાવરણ દૂષિત ન થાય તેની ખાતરી કરવા સોશ્યલ મીડિયા પર ચાંપતી નજર રાખવામાં આવશે એવી ચેતવણી પણ ચૂંટણી પંચે આપી હતી.

બિહારમાં છ અને ૧૧ નવેમ્બર એમ બે તબક્કામાં ચૂંટણી યોજાશે. ૧૪ નવેમ્બરે મતગણતરી કરવામાં આવશે. (એજન્સી)

# ચૂંટણી પંચ બંગાળના અધિકારીઓને ધમકાવી રહ્યું હોવાનો મમતાનો દાવો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા છે. મમતાએ ચૂંટણી પંચના અધિકારીઓ ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલાં જ તેમની સરકારના અધિકારીઓને ધમકાવી રહ્યા હોવાનો અને રાજકીય પ્રભાવ હેઠળ કામ કરી રહ્યા હોવાનો દાવો કર્યો છે.

મમતા બેનરજીએ જણાવ્યું કે ભાજપ મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર)ના નામે 'આગ સાથે રમી' રહી છે. તેમજ તેણીએ મતદાર યાદી સાથે છેડછાડ કરવાનો કોઇપણ પ્રયાસ લોકશાહી સાથે વિશ્વાસઘાત સમાન હોવાની ચેતવણી આપી હતી.

ટીએમસી સુપ્રીમોએ રાજ્ય સચિવાલય નબન્ના ખાતે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ચૂંટણી પંચ બંગાળ સરકારના અધિકારીઓને ધમકાવી રહ્યું છે. અમે આ સહન નહીં કરીએ. રાજ્યની મુલાકાતે આવેલા ચૂંટણી પંચના અધિકારીઓના વર્તન પર સવાલ ઉઠાવતા બેનરજીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા પહેલા તેઓ રાજ્ય સરકારના અધિકારીઓને કેવી રીતે બોલાવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે.

# યોગી આદિત્યનાથ સરકારની ભરપૂર પ્રશંસા કરી માયાવતીએ

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની સરકાર છે, યોગી આદિત્યનાથ મુખ્ય પ્રધાનના પદ પર છે. તેમણે માર્ચ ૨૦૧૭ માં આ પદ સંભાળ્યું હતું અને ત્યારથી તેઓ સતત આ પદ પર છે. બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના વડા માયાવતી ઉત્તર પ્રદેશની માયાવતી સરકારના સખત ટીકાકાર રહ્યા છે, પરંતુ આજે યોજાયેલી એક જાહેર સભામાં માયાવતીએ ઉત્તર પ્રદેશની ભાજપ સરકારના ભરપૂર વખાણ કર્યા હતાં, આ સાથે તેમણે સમાજવાદી પાર્ટી (એસપી) અને કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતાં. તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે બીએસપીએ કલેહાથી ચૂંટણી લડશે.

(બીએસપી)એ આજે લખનઊમાં પાર્ટીના સ્થાપક કાંશીરામની પુણ્યતિથિ નિમિત્તે એક મોટી રેલીનું આયોજન કર્યું હતું. આ રેલીને સંબોધતા બીએસપીનાં વડાં માયાવતીએ કહ્યું કે સ્થળ પર સમારકામના અભાવે, લોકો છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ કાંશીરામની પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપી શકતા ન હતાં. યોગી સરકારે આ સ્થળનું રીનોવેશન કરવવા નાણા ખર્ચ્યા.

# ગુજરાત વિકાસ સપ્તાહઃ બે દિવસમાં વિકાસ રથ દ્વારા ₹ ૧30 કરોડથી વધુનાં કાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલમાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ રાજ્યની વિકાસ યાત્રાના ૨૪ સફળ વર્ષની ઉજવણી નિમિત્તે સાતથી ૧૫ ઑક્ટોબર, ૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં 'વિકાસ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રથમ બે દિવસમાં ૩૪ વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ ₹૧૩૦ કરોડથી વધુના ૨,૬૦૦થી વધુ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

વિકાસ સપ્તાહના પ્રથમ દિવસે જ વિવિધ જિલ્લામાં ૩૪ વિકાસ રથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પ્રથમ બે દિવસમાં આ વિકાસ રથ સાથે રાજ્ય પ્રધાન મંડળના સભ્યો, સાંસદ અને ધારાસભ્યો ઉપરાંત ૧,૬૦૦થી વધુ સ્થાનિક પદાધિકારી-અધિકારીઓ અને ૪૧,૦૦૦થી વધુ નાગરિકો જોડાયા હતા.

આ બે દિવસમાં વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ રૂ. ૭૬.૮૩ કરોડથી વધુના ૧,૨૮૩ કામના લોકાર્પણ તેમ જ રૂ. ૫૩.૭૭ કરોડથી વધુના ૧,૩૨૦ કામના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૧૧,૪૦૦થી વધુ લાભાર્થીઓને કુલ રૂ. ૮૩૮ લાખથી વધુની સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ, વિકાસ રથ સાથે જોડાયેલા ૪૧,૦૦૦થી વધુ નાગરિકે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, વિકાસ સપ્તાહ દરમિયાન ગુજરાતના ગામડે-ગામડે ફરીને આ વિકાસ રથ ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘરઆંગણે જ સહાય પહોંચાડી રહ્યા છે.

આ ઉપરાંત વિકાસ રથ દ્વારા નાગરિકોને ગુજરાત સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યોની માહિતી અને માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. આ રથના માધ્યમથી રાજ્યના નાગરિકો ગુજરાતના સર્વગ્રાહી વિકાસની સાફલ્ય ગાથાથી પરિચિત થઇ રહ્યો છે. ■

# ગુજરાતમાં 'ગૃહ વિભાગ' સૌથી વધુ ભ્રષ્ટઃ એન્ટિ કરપ્શન બ્યૂરોના રિપોર્ટથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભ્રષ્ટાચારએ માઝા મુકી હોય તેમ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી) દ્વારા સપ્તાહમાં ત્રણથી ચાર લાંચિયા લોકોને પકડે છે. એસીબી દ્વારા છેલ્લાં ત્રણ વર્ષના જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ ભ્રષ્ટાચારના કેસોમાં રાજ્યનો ગૃહ વિભાગ મોખરે છે ત્યાર બાદ મહેસૂલ, શહેરી વિકાસ અને પંચાયત વિભાગોનો નંબર આવે છે

જૂન ૨૦૨૨થી મે ૨૦૨૫ સુધીના સમયગાળામાં એસીબીએ લાંચ લેવા બદલ સરકારી કર્મચારીઓ સામે કુલ ૬૫૩ કેસ નોંધ્યા હતા. આમાંથી ૪૫ ટકા કેસ ગૃહ વિભાગના કર્મચારીઓ સામેના છે, જેમાં ટ્રાફિક પોલીસથી લઈને ઓફિસ સ્ટાફ સુધીના કર્મચારીઓનો સમાવેશ થતો હતો.

મહેસૂલ વિભાગ બીજા ક્રમે આવ્યું હતું. જેમાં મોટા ભાગના કેસ જમીનના સોદા અને એનઓસી માટે માગવામાં આવેલી લાંચ સાથે સંબંધિત હતા. પંચાયત વિભાગના કર્મચારીઓ વિવિધ સરકારી યોજનાઓ માટે ફંડની માગણી કરતા પકડાયા હતા. આ ઉપરાંત, નોંધપાત્ર સંખ્યામાં ફરિયાદો ધરાવતા અન્ય વિભાગોમાં શિક્ષણ, આરોગ્ય અને નાણાં વિભાગનો સમાવેશ થયો હતો.

રાજ્ય સરકારે અધિકારીઓને ચાર્જશીટ અને સસ્પેન્શન જેવી શિસ્તભંગની કાર્યવાહી કરવા જણાવ્યું છે, ત્યારે અગાઉની ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશની ગતિ ધીમી પડી ગઈ હોવાના અહેવાલ છે. થોડા સમય પહેલા રાજ્ય સરકારે 'ઓપરેશન ગંગાજળ' શરૂ કર્યું હતું, જેમાં અનિયમિતતાની ફરિયાદો નોંધાયેલ હોય તેવા અધિકારીઓને સસ્પેન્ડ અથવા ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. જો કે, સૂત્રોનું કહેવું છે કે તાજેતરમાં, આવા કેસો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી.

જૂન ૨૨થી મે ૨૩ દરમિયાન કુલ ૧૮૧ કેસ નોંધાયા હતા. જેમાં ક્લાસ-૧ના ૧૦, ક્લાસ-૨ના ૨૪, ક્લાસ-૩ના ૧૬૬, ક્લાસ-૪ના ૨, ગૃહ વિભાગના ૮૮, પંચાયત વિભાગના ૨૩, રેવન્યૂ વિભાના ૧૩, અર્બન ડેવલપમેન્ટના આઠ અધિકારી લાંચ લેતા ઝડપાયા હતા. જ્યારે જૂન ૨૩ થી મે ૨૪ દરમિયાન કુલ ૨૦૨ કેસ નોંધાયા હતા. ક્લાસ-૧ના નવ, ક્લાસ-૨ના ૩૦, ક્લાસ-૩ના ૧૭૯, ક્લાસ-૪ના આઠ અધિકારી ઝડપાયા હતા.

ગૃહ વિભાગના ૧૦૩, પંચાયતના ૧૫, રેવન્યૂના ૨૫ અને અર્બન ડેવલપમેન્ટના ૧૩ અધિકારી ઝડપાયા હતા. જૂન ૨૪થી મે ૨૫ દરમિયાન ૨૦૦ કેસ નોંધાયા હતા. ક્લાસ-૧ના ૧૩, ક્લાસ-૨ના ૩૭, ક્લાસ-૩ના ૧૭૨ અને ક્લાસ-૪ના ત્રણ અધિકારીઓ ઝડપાયા હતા. જેમાં ગૃહ વિભાગના ૮૮, પંચાયતના ૨૦, રેવન્યૂના ૨૭ અને અર્બન ડેવલપમેન્ટના ૧૧અધિકારીઓહતા. ■

# વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪માં ઉત્તર ગુજરાત માટે થયેલા એમઓયુના ૭૨ ટકા પ્રોજેક્ટ કાર્યરત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સનો મહેસાણા જિલ્લાથી પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા 'વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલ'ના ધ્યેય આવી કોન્ફરન્સને સુપેરે પાર પાડશે. વડા પ્રધાને આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી ઉત્પાદનોને વેગ આપવાનું જે આહવાન કર્યું છે, તેમાં સ્થાનિક ઉદ્યોગો પણ સહભાગી થઈ શકે, એટલું જ નહીં પ્રાદેશિક ક્ષમતાઓ પણ વૈશ્વિક સ્તરે ઉજાગર થઈ શકે તે માટે આવી રિજનલ કોન્ફરન્સીસ એક સક્ષમ પ્લેટફોર્મ બનશે. વર્ષ ૨૦૨૪માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલા એમઓયુમાંથી ૭૧૦૦ જેટલા એમઓયુ ઉત્તર ગુજરાત માટે થયા હતા, તેની ભૂમિકા આપતા મુખ્ય પ્રધાને કહ્યું કે, આ એમઓયુના ૭૨ ટકા એટલે કે પાંચ હજારથી વધુ પ્રોજેક્ટ તો કમિશન્ડ પણ થઈ ગયા છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં ઉત્તર ગુજરાતના પ્રદેશની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. મુખ્ય પ્રધાને આ પ્રસંગે યોજાયેલા ટ્રેડ શો અને પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું હતું. 'રિજનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન્સ'ના ધ્યેયમંત્ર સાથે મહેસાણામાં શરૂ થયેલા બે દિવસીય પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં મુખ્ય પ્રધાન અને કેન્દ્રીય પ્રધાનના હસ્તે નવા જીઆઇડીસી એસ્ટેટ્સ અને સ્માર્ટ જીઆઇડીસીની જાહેરાત કરવામાં આવી હતી. ઉત્તર ગુજરાત સહિત અન્ય રિજિયનના ઇકોનોમિક માસ્ટર પ્લાન સહિત સંતુલિત પ્રાદેશિક વિકાસના ધ્યેય સાથે જીઆરઆઈટી દ્વારા તૈયાર કરાયેલા ઉત્તર ગુજરાત અને અન્ય રિજિયનના ઇકોનોમિક માસ્ટર પ્લાનની બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન સમારોહમાં એમઓયુ અને સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કરારો પણ એક્સચેન્જ કરવામાં આવ્યા હતા.

આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલ્યન ડૉલર (નાણાકીય વર્ષ ૨૦૨૩)ના કદથી વધારીને ૩.૫ ટ્રિલ્યન ડૉલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે. આ પ્રાદેશિક માસ્ટર પ્લાન્સ દરેક ક્ષેત્રની સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓને અનુરૂપ, ફ્યુચરિસ્ટિક સેક્ટરને લક્ષ્ય બનાવશે.

મુખ્ય પ્રધાને આ પ્રસંગે કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વેપારી રાજ્ય તરીકેની ઓળખ બદલવા ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે ૨૦૦૩થી એક અભિનવ પહેલ રૂપે શરૂ કરાવેલી વાઇબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાથી ગુજરાત 'ગ્લોબલ ગેટ વે ટુ ધી ફ્યુચર' બન્યું છે. એટલું જ નહીં ૨૪ વર્ષમાં ૬૮.૯ બિલ્યન યુ.એસ ડૉલર એફડીઆઈ અને દેશના વૈશ્વિક ઉત્પાદનમાં ગુજરાત ૧૮ ટકાના ફાળા સાથે અગ્રેસર છે. વડા પ્રધાને આપેલા ગુજરાતના વિકાસના વિઝન અને ક્ષમતા પર લોકોના વિશ્વાસ અને વૈશ્વિક અભિગમને કારણે ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બની ગયું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશના વિકાસના રોલ મોડલ ગુજરાતની જે પ્રાદેશિક વિશેષતાઓ અને ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતા છે, તેને પણ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવા વડા પ્રધાનની પ્રેરણાથી આપણે હવે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો આ ઉપક્રમ પ્રયોજ્યો છે. આના પરિણામે, સ્થાનિક ઉત્પાદનોને વેગ મળશે, આત્મનિર્ભર ભારતનો મંત્ર સાકાર થશે તથા પ્રાદેશિક કક્ષાએ ઇન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટ આવતા વડા પ્રધાને મેડ ઇન ઇન્ડિયા- મેક ફોર ધ વર્લ્ડનો જે વિચાર આપ્યો છે એ ગુજરાતના વિવિધ પ્રદેશો પોતાની આગવી પ્રોડક્ટ અને ઔદ્યોગિક ઉત્પાદનોથી સાકાર કરશે.

તેમણે કહ્યું કે, ઉદ્યોગ અને ખેતી બેય માટે પાણી મહત્ત્વનું છે એ વાત ઉત્તર ગુજરાતની ધરતીના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી સારી રીતે જાણતા હતા અને એટલે જ તેમણે સુજલામ સુફલામ યોજના, નર્મદા યોજના અને લિફ્ટ ઇરીગેશનની વિવિધ યોજનાઓથી ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડ્યું, એટલું જ નહીં જ્યોતિગ્રામ યોજના દ્વારા ૨૪ કલાક વીજળી પણ પહોંચાડી છે. વીજળી અને પાણી મળતા આ વિસ્તારના ખેડૂતોને એકથી વધુ સીઝનલ પાક લેવાની તક મળી છે અને એગ્રીકલ્ચરમાં વેલ્યુ એડિશનના વડા પ્રધાનના વિઝનથી ઉત્તર ગુજરાતમાં એગ્રો ઇન્ડસ્ટ્રી વિકસી છે.

ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ઉત્તર ગુજરાતની ખાસ કરીને રણ વિસ્તારની ભૂમિ જ્યાં સીધો સૂર્યપ્રકાશ પડે છે, તે સૂર્ય શક્તિના પોટેન્શિયલને સમજીને નરેન્દ્ર મોદીએ એશિયાનો તે સમયનો સૌથી મોટો સોલાર પાર્ક ચારણકામાં વિકસાવ્યો હતો. ■

# જામનગરમાં ૧૪૪ કલાકનું સૌથી મોટું જીએસટી સર્ચ પૂર્ણઃ ૪૦૦ કરોડના બેનામી વ્યવહાર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરની જીએસટી એન્ફોર્સમેન્ટની ટીમ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. છ દિવસ સુધી એટલે ૧૪૪ કલાકના લગાતાર ૨૧ પેઢી પર ચાલેલા ઓપરેશન દરમિયાન ૪૦૦ કરોડ રૂપિયાના બેનામી આર્થિક વ્યવહારો સામે આવ્યા હતા. આ જ આર્થિક વ્યવહારોની આડમાં ૭૦ કરોડથી વધુનું ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો સામે આવી હતી. સમગ્ર રેકેટના કેન્દ્રમાં સીએ અલ્કેશ પેઢડીયા હોવાનું સામે આવ્યું હતું. પેઢીઓની જાણ બહાર એકાઉન્ટ સંભાળતા સીએ પેઢડીયાએ અન્ય પેઢીઓ સાથે મોટા મોટા પણ તદ્દન ખોટા ખોટા વ્યાપર કર્યાનું દર્શાવી મોટા મોટા બિલ બતાવીને આઈટીસી કૌભાંડ આચર્યું હોવાનું સામે આવ્યું હતું.

મળતી માહિતી મુજબ જામનગર શહેરમાં છેલ્લા છ દિવસથી જીએસટી વિભાગની જુદી જુદી એન્ફોર્સમેન્ટ ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. મેટલ, બાંધકામ, સરકારી કોન્ટ્રાક્ટ અને ઓટો સ્પેર પાર્ટ તેમ જ મોટી મોટી મશીનરીઓ હાયર કરતી ૨૧ પેઢી પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બોગસ બિલિંગ દ્વારા કરોડો રૂપિયાનું ઈન્પુટ ટૅક્સ ક્રેડિટ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની સ્થાનિક જીએસટી કચેરીના રિપોર્ટના આધારે એન્ફોર્સમેન્ટ ટીમ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું.

હીરજી મિસ્ત્રી રોડ પર આવેલ બ્રહ્મ ઍન્ડ એસોસિયેટ નામના સીએ ફર્મને કેન્દ્ર સ્થાને રાખી જીએસટી વિભાગની એન્ફોર્સમેંટ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સીએ અલ્કેશ પેઢડિયાના સીએ ફર્મની સાથે તેના ઘર પર પણ એક ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર ડિવિઝનની ૨૧ ટીમે એક સાથે કરેલ કાર્યવાહી એક બે નહિ પણ સતત છ દિવસ ચાલી હતી.

જૂનાગઢની એક ટીમ દ્વારા અલ્કેશના ઘરે પણ પોલીસને સાથે રાખી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે જીએસટી વિભાગ કાર્યવાહી શરૂ કરે તે પૂર્વે અલ્કેશ ભૂગર્ભમાં ઊતરી ગયો હતો. સીએ ફર્મની સાથે સાથે અન્ય ટીમો દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ એકમોમાં કાર્યવાહીનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ તમામ ફર્મ પર જીએસટી વિભાગની ટીમ દ્વારા છેલ્લા ચાર-પાંચ વર્ષના જીએસટી આઈટી રીટર્ન અને આર્થિક વ્યવહારો સંબંધિત તમામ ડૉક્યુમેન્ટ, પેઢીઓના અસલ દસ્તાવેજોની ખરાઈ, પેઢી ધારકની ઓળખથી માંડી જ્યાં જ્યાં વર્ક કરેલ છે તે સંબંધિત તમામ ડોક્યુમેન્ટ એકત્ર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બેંક એકાઉન્ટની તમામ વિગતો પણ મેળવી લેવામાં આવી હતી. છેલ્લા વર્ષોમાં પેઢી ધારકો દ્વારા કરવામાં આવેલ કામ અને તેની સામેની લગત પેઢીઓનો પણ ડેટા મેળવવામાં આવ્યો હતો.

મેટલ, બાંધકામ, સરકારી કોન્ટ્રાક્ટ સહિતની પેઢીઓ પર એક સાથે કરવામાં આવેલ કાર્યવાહી દરમિયાન પેઢીધારકોની વ્યવસ્થિત પૂછપરછ કરવામાં આવી, મોટા મોટા અને સંદિગ્ધ આર્થિક વ્યવહારોની તપાસમાં તમામ પેઢીઓના તાર સીએ અલ્કેશ પેઢડિયા સુધી પહોંચતા હોવાનું સામે આવ્યું હતું, જેમાં પેઢી ધારકોની જાણ બહાર જ સીએ અલ્કેશે અન્ય પેઢીઓ સાથે મોટા મોટા આર્થિક વ્યવહારો થયા અંગેના જીએસટી ઇન્કમ ટૅક્સ ફાઈલ કરી દઈ સામેની પેઢીને કરોડો રૂપિયાનું ઈન્પુટ ટૅક્સ ક્રેડિટ અપાવી દીધું હોવાનું સામે આવ્યું હતું. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના છ આર્થિક પ્રદેશ માટેના 'પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન'નું અનાવરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવવાના અને વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનમાં અગ્રેસર રહેવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે આયોજિત 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' શ્રેણીની પ્રથમ કોન્ફરન્સમાં એક ઐતિહાસિક પગલું ભર્યું હતું. મુખ્ય પ્રધાને રાજ્યના છ મુખ્ય આર્થિક પ્રદેશ માટે તૈયાર કરાયેલા પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાન (રિજનલ ઇકોનોમિક માસ્ટર પ્લાન)નું અનાવરણ અને લોકાર્પણ કર્યું હતું ગુજરાતના ઐતિહાસિક અને આર્થિક દ્રષ્ટિકોણથી મહત્ત્વના છ મુખ્ય આર્થિક પ્રદેશો માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયા છે. આ પ્રદેશોમાં ઉત્તર ગુજરાત, કચ્છ, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કોસ્ટલ સૌરાષ્ટ્ર અને સુરતનો સમાવેશ થાય છે. આ માસ્ટર પ્લાન ગુજરાતના ૩૩ જિલ્લામાં સંતુલિત પ્રાદેશિક વિકાસ દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને વર્તમાન ૨૮૦ બિલિયન ડોલર (નાણાકીય વર્ષ ૨૦૨૩)ના કદથી વધારીને ૩.૫ ટ્રિલિયન ડોલરથી વધુ સુધી પહોંચાડવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્યને સિદ્ધ કરવાનો રોડમેપ છે.

આ છ પ્રાદેશિક માસ્ટર પ્લાન હેઠળ ૫૦૦ થી વધુ પ્રોજેક્ટ્સમાં ૧૫ લાખ કરોડથી વધુના જાહેર અને ખાનગી મૂડીરોકાણનું આયોજન કરવામાં આવ્યું છે. આર્થિક વૃદ્ધિનો લાભ યુવાનોને મળે તે સુનિશ્ચિત કરવા માટે દરેક પ્રદેશમાં ઉદ્યોગના સહયોગથી રિજનલ સ્કિલિંગ સેન્ટર્સ અને સેન્ટર્સ ઓફ એક્સેલન્સ સ્થાપિત કરાશે. ■

# મહેસાણામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો પ્રારંભઃ ટ્રેડ શો અને એક્ઝિબિશન ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદઘાટન સમારોહ પહેલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેમજ ભારત સરકારના રેલવે, સૂચના અને પ્રસારણ, ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી પ્રધાન અશ્વિની વૈષ્ણવના હસ્તે મહેસાણામાં આયોજિત વીજીઆરસીમાં ટ્રેડ શો અને એક્ઝિબિશન ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ અવસરે નાણાં પ્રધાન કનુભાઈ પટેલ, આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ તેમજ ઉદ્યોગ પ્રધાન બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા

કેન્દ્રીય પ્રધાનો તેમજ અન્ય મહાનુભાવોએ વીજીઆરસી પ્રદર્શનની મુલાકાત લીધી હતી. જ્યાં વિવિધ ક્ષેત્રોની અત્યાધુનિક નવીનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે ઇનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, એમએસએમઇ, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, મોટી કંપનીઓ, સરકારી વિભાગો, પીએસયુ અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવવાનો પ્રયાસ છે.

લગભગ ૧૮ હજાર વર્ગ મીટરના વિશાળ પ્રદર્શન ક્ષેત્રમાં ટ્રેડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા તેમજ નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા ૪૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે. આ સિવાય ટોરેન્ટ, વેલ્સ્પન, એનએચપીએસ, એનટીપીસી, કોસોલ, સુઝલોન, અવાડા, નિરમા, ઇનોક્સ, અદાણી, મારૂતિ સુઝુકી, પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ અને ઓએનજીસી જેવી અગ્રણી કોર્પોરેટ કંપનીઓ પણ જોડાઈ છે.

આ ઉપરાંત પ્રદર્શનના ભાગરૂપે, દૂધસાગર ડેરી, ઓએનજીસી, વેસ્ટર્ન રેલવે અને મકેન ફૂડ્સ જેવી સંસ્થાઓ સાથે વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવશે, જેનો હેતુ ઉદ્યોગ જોડાણોને મજબૂત બનાવવા અને સ્થાનિક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ની ભાવના સાથે, વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સ્થાનિક ઉદ્યોગસાહસિકતા, ગ્રામ્ય સ્તરે નવીનતા અને સામુદાયિક વિકાસની શક્તિનો ઉત્સવ મનાવશે.

# ગાંધીનગરના બહિયલમાં હિંસા ફેલાવનારા સામે આકરી કાર્યવાહીઃ ૧૮૬ ગેરકાયદે એકમ તોડી પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર જિલ્લાના બહિયલ ગામમાં નવરાત્રિ દરમિયાન થયેલી હિંસક અથડામણના બનાવમાં વહીવટી તંત્રએ આકરી કાર્યવાહી કરી હતી. નવરાત્રિ દરમિયાન પથ્થરમારો, પોલીસ પર હુમલો અને ચાર જેટલી દુકાનોને આગ ચાંપવાના બનાવમાં તંત્રએ કાર્યવાહી કરતાં વહેલી સવારથી જ ડિમોલિશન કાર્યવાહી હાથ ધરી હતી. મુખ્ય માર્ગો પરના ૧૮૬ જેટલા ગેરકાયદે એકમો પર કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી વિગતો અનુસાર, નવરાત્રિ દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં હિંસક અથડામણ, આગચંપી જેવા બનાવો સર્જાયા હતા. આ બનાવો પાછળનું કારણ કથિત રીતે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી વિવાદિત પોસ્ટને માનવામાં આવે છે. આથી ગરબા દરમિયાન પથ્થરમારો, પોલીસ પર હુમલો અને ચાર જેટલી દુકાનને આગ લગાડી દેવાની ઘટના બની હતી. આ મામલે અનેક લોકો સામે નામજોગ તેમ જ ટોળાં સામે ગુનો નોંધાયો હતો.

આ મામલે વહીવટી તંત્રએ કાર્યવાહી કરીને પોલીસે ગુનો દાખલ કર્યાના થોડા સમય બાદ જ ગેરકાયદેસર બાંધકામો પર ડિમોલિશનની કાર્યવાહી આદરી દીધી હતી. આ કાર્યવાહી હેઠળ ૧૮૬ જેટલા ગેરકાયદે એકમો પર બુલડોઝર ફરી વળ્યું હતું. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ડિમોલિશન સ્થળે પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ ઘટના બાદ લોકોમાં ખૂબ જ રોષ વ્યાપ્યો હતો અને આકરી કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. ■

# રાજ્યમાં ₹ બે લાખમાં પીટીસી સીટ વેચાતી હોવાના દાવાથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ (પીટીસી)માં પ્રવેશ પ્રક્રિયાને લઈને ચાલી રહેલા કથિત ભ્રષ્ટાચારના વધુ એક સનસનીખેજ કિસ્સાનો ઘટસ્ફોટ થયો હતો. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ વીડિયો પુરાવા જાહેર કરીને દાવો કર્યો કે, પીટીસીમાં મેનેજમેન્ટ ક્વોટામાં એડમિશન આપવાના નામે વિદ્યાર્થીઓ પાસેથી બે લાખ રૂપિયા સુધીની માગણી કરવામાં આવી હતી.

આ કૌભાંડમાં સૌથી ગંભીર ખુલાસો એ છે કે, યુવરાજસિંહ દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં કુશાગ્ર લતાબા સ્ત્રી મંદિર નામની અમદાવાદની શૈક્ષણિક સંસ્થાના એક ટ્રસ્ટી વિદ્યાર્થી પાસેથી બે લાખ રૂપિયાની માગણી કરી રહ્યા છે. આ ટ્રસ્ટી ખુલ્લેઆમ કહી રહ્યા છે કે, આ રકમમાંથી એક લાખ રૂપિયા રાજ્યના ઉચ્ચ અધિકારીઓને પહોંચાડવાના થાય છે. આ મામલો પ્રકાશમાં આવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. કૌભાંડની સાથેસાથે ઉત્તર બુનિયાદી શાળામાંથી આવેલા વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. કોલેજો અને શિક્ષણ વિભાગે પહેલાં એડમિશન આપી, ફી લઈને અને ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ જમા કરાવ્યા બાદ અચાનક એડમિશન રદ કરી દીધા હતા. આ સમગ્ર મામલામાં લોકમાન્ય કોલેજના પ્રિન્સિપાલ ગૌરાંગ પરમાર પર પણ ગંભીર આરોપો લાગ્યા હતા.

યુવરાજસિંહના દાવા મુજબ, એક વ્યક્તિ શિક્ષણ વિભાગના 'એજન્ટ' તરીકે કાર્ય કરે છે. તેણે એક માન્યતા રદ થયેલી કોલેજમાં ૫૦ ટકા ભાગીદારીના એમઓયુ કરીને એક જ રાતમાં કોલેજની માન્યતા પુનઃસ્થાપિત કરાવી હતી.

આ સનસનીખેજ ખુલાસાઓ બાદ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે તમામ પીટીસી કોલેજોના વિદ્યાર્થીઓને બોલાવીને આ સમગ્ર ભ્રષ્ટાચારના મામલે રાજ્ય સરકાર પાસે તટસ્થ અને ઉચ્ચ સ્તરીય તપાસની તાત્કાલિક માગ કરી હતી. ■

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારી શરૂઃ નવાં ૫૦ હજાર ઈવીએમનો ઓર્ડર આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચે અત્યારે સમયસર ચૂંટણી યોજવાની ગણતરી સાથે તૈયારી શરૂ કરી છે. કોઇ અણધાર્યા કારણસર ચૂંટણી વહેલી મોડી થવાનો વિકલ્પ ખુલ્લો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા દરેક કલેકટર પાસેથી મતદાન મથક, ઈ.વી.એમ.ની જરૂરિયાત વગેરે અંગે માહિતી માંગવામાં આવી છે. ચૂંટણીમાં જરૂરિયાત કરતા વધુ ઇ.વી.એમ તૈયાર રાખવામાં આવે છે. ૭૦ થી ૭૫ હજાર ઇ.વી.એમ.ની જરૂરિયાતને અનુલક્ષીને નવા ૫૦ હજારથી વધુ ઇ.વી એમ ખરીદવાનો ઓર્ડર આપવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

પંચાયતોની ચૂંટણીમાં મતદારે એક જ મત આપવાનો હોય છે. નગરપાલિકા અને મહાનગરપાલિકામાં વોર્ડ દિઠ ચાર-ચાર બેઠકો હોવાથી દરેક મતદારને ચાર મત આપવાનો અધિકાર મળે છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મત મશીન જુદી જુદી સિસ્ટમના હોય છે.

જાન્યુઆરીમાં ઇ.વી એમ.નું ફર્સ્ટ લેવલ ચેકીંગ થાય તેવા સંજોગો છે. ગુજરાતમાં નવી રચાયેલ નવ મહાનગરપાલિકાઓ અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણી પણ અન્ય ચૂંટણીઓ સાથે થાય તેવી શકયતા છે. ■

# અમદાવાદની ચાર સ્કૂલને ફી રેગ્યુલેટરી કમિટીએ ₹ પાંચ-પાંચ લાખનો દંડ ફટકાર્યો

અમદાવાદઃ શહેરમાં સ્કૂલોની મનમાની સામે ફી રેગ્યુલેટરી કમિટી (એફઆરસી)એ કડક કાર્યવાહી કરી હતી. અમદાવાદ ઝોનની એફઆરસીએ ચાર શાળાઓને નિયમોનું પાલન ન કરવા બદલ ૫-૫ લાખનો દંડ ફટકાર્યો હતો. ચારેય શાળાઓ એફઆરસીની મંજૂરી વગર ફી વસૂલતી હોવાની માહિતી મળી હતી. જે બાદ ચાર શાળાઓને નોટિસ આપી સુનાવણી માટે બોલાવાયા હતા. ફી રેગ્યુલેટરી કમિટીએ વેદાંત ઈન્ટરનેશન સ્કૂલ, જેમ્સ જેનીસીસ, શિવ આશિષ અને તુલીપ ઇન્ટરનેશનલ સ્કૂલને ૫-૫ લાખનો દંડ ફટકાર્યો હતો.

વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલને ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા મંજૂર થયેલી ફી કરતાં વધુ ફી વસૂલતી હતી. જે બદલ તેને ૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને વધારે વસૂલેલી ફી વિદ્યાર્થીઓને પરત કરવા આદેશ કરાયો હતો. વળી, જેમ્સ જેનીસીસ, શિવ આશિષ અને તુલીપ ઇન્ટરનેશનલ સ્કૂલને પણ એફઆરસી દ્વારા ૫-૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ શાળાઓ નિયમ મુજબ, એક જ કેમ્પસમાં ચાલતી પ્રિ-પ્રાયમરી સ્કૂલની ફી એફઆરસી પાસે મંજૂર કરાવ્યા વિના જ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી હતી, જે નિયમભંગ બદલ આ દંડ કરવામાં આવ્યો હતો. ■

# વડોદરામાં દબાણ હટાવવા ગયેલી ટીમ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના આજવા રોડ પર દબાણ હટાવવા ગયેલી ટીમ અને સ્થાનિકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. મામલો શાંત પાડવા માટે પોલીસે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. મળતી વિગત પ્રમાણે, શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામો અને દબાણો તોડવાની કામગીરી ચાલી રહી છે, જે અંતર્ગત ટાઉન પ્લાનિંગ અને દબાણ શાખાની ટીમ આજવા રોડ પર પહોંચી હતી. મુખ્ય ટીપી રસ્તા પરના દબાણો હટાવવાની કામગીરી શરૂ થાય તે પહેલા જ સ્થાનિકોએ ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો. તેમજ દબાણની કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. ■

# વીજ કર્મચારીઓની હડતાળ બાદ હવે ૧૩ ઓક્ટોબરથી એસટી કામદારોનું આંદોલન

નાગપુર: વિદ્યુત ક્ષેત્રના ખાનગીકરણના વિરોધમાં રાજ્યની મહાવિતરણ, મહાપારેષણ અને મહાનિર્મિતી કંપનીઓના અધિકારીઓ અને કર્મચારીઓ મહારાષ્ટ્ર રાજ્ય વીજ કર્મચારી, ઇજનેર અધિકારી કૃતિ સમિતિના નેતૃત્વ હેઠળ બુધવારે મધરાતથી હડતાળ પર ઊતર્યા હતા. આ બાદ મહારાષ્ટ્ર એસટી કામગાર સંયુક્ત કૃતિ સમિતિએ પણ એસટી કર્મચારીઓની વિવિધ માંગણીઓ માટે ૧૩ ઓક્ટોબરથી આંદોલનની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્ર એસટી કામગાર સંયુક્ત કૃતિ સમિતિની માહિતી અનુસાર એસટી કામદારોની ન્યાયી માંગણીઓ માટે, ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ થી મુંબઈમાં આવેલા કેન્દ્રીય કાર્યાલય ખાતે રાજ્ય પરિવહન કામદારોના આર્થિક પ્રશ્નોના નિરાકરણ માટે ધરણાં આંદોલન શરૂ કરવામાં આવશે. જો ત્યારબાદ પણ એસટી કામદારોની પડતર નાણાકીય માંગણીઓનો ઉકેલ નહીં આવે તો ૧૪ ઓક્ટોબરથી સંયુક્ત કાર્યવાહી સમિતિના વિભાગીય કાર્યાલય, વિભાગીય વર્કશોપ અને નાગપુર વિભાગના તમામ ડેપોમાં અનિશ્ચિત સમય માટે ધરણા આંદોલન શરૂ કરવામાં આવશે.

આ આંદોલન રાજ્યભરમાં તબક્કાવાર કરવામાં આવશે. આ દરમિયાન નાગપુર વિભાગની સંયુક્ત કૃતિ સમિતિ વતી એસટી નિગમના નાગપુર વિભાગ નિયંત્રક વિનોદ ચાવરે અને પ્રાદેશિક મેનેજર શ્રીકાંત ગાભનેને એક રજૂઆત કરવામાં આવી હતી.

મહારાષ્ટ્ર એસટી કામગાર સંયુક્ત કૃતિ સમિતિના અજય હટ્ટેવારે જણાવ્યું કે, એસટી કામદારોની વિવિધ માંગણીઓ પર સરકારે અનેક વચનો આપ્યા હતા, પરંતુ એક પણ પૂરું કરવામાં આવ્યું નથી. તેથી મજબૂરીથી આ આંદોલન કરવું પડી રહ્યું છે. જો સરકાર એસટી કામદારોને ન્યાય નહીં આપે, તો ઉગ્ર આંદોલન કરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં.

# આઇએસઆઇએસનો એજન્ડા: એટીએસની સઘન તપાસ

મુંબઈ: શહેરમાં આઇએસઆઇએસ મૉડ્યુલના કેસ સાથે સંકળાયેલા કેટલાક લોકોને કટ્ટરપંથી બનાવવા સંબંધમાં મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) દ્વારા પુણેમાં ઘણાં બધાં સ્થળો પર સર્ચ હાથ ધરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એટીએસની વિવિધ ટીમો દ્વારા બુધવારે મોડી રાત બાદ સાગમટે રેઇડ પાડવામાં આવી હતી. ખાસ કરીને ૨૦૨૩માં એટીએસે દાખલ પુણે આઇએસઆઇએસ મૉડ્યુલ કેસ સંબંધમાં ૧૯ શકમંદોનાં ઘરો અને ઓફિસ પરિસરમાં સર્ચ હાથ ધરવામાં આવી હતી.

# સીજેઆઇ ગવઇ પર વાંધાજનક એઆઇ વીડિયો બનાવવા પ્રકરણે પનવેલના રહેવાસી સામે ગુનો

થાણે: ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા (સીજેઆઇ) ભૂષણ ગવઇ વિશે વાંધાજનક ઉલ્લેખ ધરાવતો એઆઇ-જનરેટેડ વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરવા પ્રકરણે નવી મુંબઈના પનવેલના રહેવાસી વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

પનવેલના રહેવાસી આરોપીએ સીજેઆઇ ભૂષણ ગવઇ વિશે વાંધાજનક ઉલ્લેખ ધરાવતો વીડિયો બનાવવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટૂલ્સનો ઉપયોગ કર્યો હતો. પનવેલ તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શૅર કરાયેલો એ વીડિયો પનવેલના શખસે મંગળવારે જોયો હતો અને બાદમાં તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# વર્સોવા-દહિસર એલિવેટેડ રોડ માટે ગોરેગામ અને મલાડમાં ૧૨૪૪ વૃક્ષ કાપવા પડશે

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને વર્સોવા દહીસર ભાયદર કોસ્ટલ રોડ પ્રોજેક્ટ હાથ ધર્યો છે અને આ પ્રોજેક્ટ માટે ગોરેગામ અને મલાડમાં ૧૨૪૪ વૃક્ષો દૂર કરવા પડશે, જેમાંથી ૨૫૪ વૃક્ષો કાપવા પડશે અને ૯૯૦ વૃક્ષો ફરીથી રોપવા પડશે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને કોસ્ટલ રોડના ઉત્તર મુંબઈ વિભાગ પર કામ શરૂ કરી દીધું છે. આ રસ્તો વર્સોવાથી દહિસર અને આગળ ભાયંદર સુધી જશે. આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને સરકારી જમીન ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. જોકે ગોરેગાંવ અને મલાડમાં કેટલાક વૃક્ષો આ કોસ્ટલ રોડથી પ્રભાવિત થશે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રે આ વૃક્ષો દૂર કરવા માટે ટ્રી ઓથોરિટીને દરખાસ્ત મોકલી છે. તે મુજબ ટ્રી-ઓથોરિટીએ સાત દિવસની જાહેર નોટિસ આપી છે અને નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો માંગ્યા છે.

આ રોડ દહિસર-ભાયંદર એલિવેટેડ રોડ સાથે પણ જોડાશે. આ પ્રોજેક્ટ માટે પશ્ચિમ ઉપનગરોમાં કુલ ૬૦ પ્લોટ અનામત રાખવા પડશે. ગોરેગાંમમાં વીર સાવરકર બ્રિજ પણ તોડી પાડવા પડશે. હવે માહિતી બહાર આવી રહી છે કે ૧૨૪૪ વૃક્ષો પણ દૂર કરવા પડશે. આ પ્રોજેક્ટની કુલ લંબાઈ ૧૭.૫૭ કિમી છે અને અંદાજિત ખર્ચ ૧૬,૬૨૧ કરોડ રૂપિયા છે. આ રૂટના છ તબક્કામાંથી બીજા તબક્કામાં, બાંગુર નગર-માઇન્ડસ્પેસ મલાડ, ગોરેગામ-મુલુંડ રોડને ૪.૪૬ કિમી લાંબો કનેક્ટર પૂરો પાડવામાં આવશે. સમગ્ર રૂટમાં પુલ, ટનલ, એલિવેટેડ રોડ જેવી જટિલ રચના છે. તેથી, ભવિષ્યમાં, આ બધા તબક્કાઓ પૂર્ણ થયા પછી મરીન ડ્રાઇવથી સીધા દહિસર-ભાયંદર પશ્ચિમ અને મલાડ સુધી કોસ્ટલ રોડ દ્વારા જવાનું શક્ય બનશે.

# વિધાઉટ ટિકિટ મુસાફરી: પશ્ચિમ રેલવેએ ૯૮.૫ કરોડનો દંડ વસૂલ કર્યો

મુંબઈ: લોકલ ટ્રેનોમાં ટિકિટ વિના મુસાફરી કરનારાઓને ઝડપી ટિકિટ ચેકરો દંડ વસૂલ કરી રહ્યા છે. પશ્ચિમ રેલવેએ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ટિકિટ વગરના મુસાફરો સામે કાર્યવાહી કરીને ૯૭ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો છે. આ સિવાય એર - કન્ડિશન્ડ લોકલમાં ટિકિટ વિના મુસાફરી કરનારાઓ પાસેથી ૧.૫૯ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવે દ્વારા મેલ-એક્સપ્રેસ, પેસેન્જર, સ્પેશિયલ ટ્રેનો, લોકલ ટ્રેનોમાં નિયમિતપણે ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. અનધિકૃત મુસાફરોને પકડી પાડવા સ્ટેશન ઇન્સ્પેક્શન, અચાનક ચેકિંગ કરવું, વ્યાપક ચેકિંગ વગેરે પદ્ધતિનો એમાં સમાવેશ હોય છે.

એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાનની સંખ્યાબંધ ઝુંબેશને પગલે ૯૭ કરોડ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન વસૂલ કરવામાં આવેલા દંડની રકમ કરતા આ વખતે ૪૨ ટકા વધુ દંડ વસૂલવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવેએ મુંબઈ ઉપનગરીય વિભાગ પાસેથી ૨૭ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો છે.

# મુંબઈના વેપારીઓ મરાઠવાડામાં પૂર પીડિતોની વહારે

થાણે: મરાઠવાડા અને દેશના અન્ય ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી આવેલા પૂરને કારણે ખેતી અને નાગરિકોના ઘરોને નુકસાન થયું છે. મુંબઈમાં કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી)વતી મુંબઈના વેપારીઓએ સહાય પૂરી પાડી છે. મુખ્યમંત્રી રાહત ભંડોળમાં આ નોંધપાત્ર સહાય આપવામાં આવી છે. આ સહાયથી ખેડૂતોને મોટી રાહત મળે તેવી શક્યતા છે. તાજેતરમાં, રાજ્ય સરકારે ખેડૂતો માટે ૩૧,૬૨૮ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી હતી.

ખેડૂતોના ખેતરો ધોવાઈ જવાને કારણે મુંબઈ કૃષિ ઉત્પાદન બજારમાં શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનોની આવક પણ ઘટી છે. શાકભાજી, ફળો અને ફૂલો મોંઘા થઈ ગયા હોવાથી નાગરિકો પણ ચિંતિત છે. ખેડૂતોના ખેતરો ધોવાઈ જવાને કારણે તેમને મદદ મળી રહી હોવા છતાં, તે પૂરતું નથી. તેથી, હવે ઘણી સંસ્થાઓ વિવિધ માધ્યમો દ્વારા ખેડૂતોને મદદ કરી રહી છે. અહીંની કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા મુખ્યમંત્રી રાહત ભંડોળમાં ૪૪ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા.

નવમા પાનાનું ચાલુ

## મરાઠા ક્વોટા

પછી ઓબીસી શ્રેણી હેઠળ ક્વોટાનો દાવો કરી શકશે. પ્રધાનો છગન ભુજબળ (એનસીપી), પંકજા મુંડે (ભાજપ), ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડે (એનસીપી) અને વડેટ્ટીવાર (કૉંગ્રેસ) સહિત અનેક ઓબીસી નેતાઓએ પક્ષની રેખાઓથી આગળ વધીને મરાઠા સમુદાયને અનામત માટે ઓબીસી શ્રેણીમાં સમાવવાના વિચારનો સખત વિરોધ કર્યો છે.

## ઓલા, ઉબેર,

આ કંપનીઓએ સરકારી દરોનો એપ પર અમલ કર્યો નથી. એગ્રીગેટર્સને દરેક વાહનમાંથી મળતા ભાડાના ઓછામાં ઓછા ૮૦ ટકા ભાગ ડ્રાઇવરોને ચૂકવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જોકે એગ્રીગેટર કંપનીઓએ ટ્રાન્સપોર્ટ કમિશનર ઓફિસના નિર્દેશોનું પાલન કર્યુ નથી છે, આનાથી ડ્રાઇવરો પ્રભાવિત થઈ રહ્યા છે.

## મુંબઈ-ગોવા

બાબતે રેલવે પ્રશાશનને ફરિયાદ કરી. રેલવે તરફથી તાંત્રિક ખામીનું કારણ આપવામાં આવ્યું. આ ટ્રેનમાં એક એસએલઆર ડબ્બો અને જનરેટર ડબ્બો હોય છે, પરંતુ આઠમી ઓક્ટોમ્બરના રોજ ડીએલ -૧ ને બદલે વધુ જનરેટર ડબ્બો જોડવામાં આવ્યો હતો. તેથી આ ગાડીમાં બે જનરેટર ડબ્બા હતા. આ ટ્રેનનું સંચાલન કરવાની જવાબદારી મધ્ય રેલવેની છે. ટ્રેનમાં ડીએલ -૧ ડબ્બામાં તાંત્રિક ખામી સર્જાતા તે દૂર કરવામાં આવ્યો, પરંતુ તેની જગ્યાએ બીજો ડબ્બો જોડવાને બદલે જનરેટર ડબ્બો જોડવામાં આવ્યો. મધ્ય રેલવે દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવતી હોવાથી વધારાનો ડબ્બો ઉપલબ્ધ નહોતો. પરિણામે જનશતાબ્દિ ટ્રેનના મુસાફરોના હાલ થયા. મધ્ય રેલવેની આ બેજવાબદારીપણા માટે લોકોએ રોષ વ્યક્ત કર્યો.

કોંકણ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુનીલ નારકરે સ્પષ્ટતા કરતા કહ્યું કે સીએસએમટી-મડગાંવ ટ્રેનનું સંચાલન મધ્ય રેલવે દ્વારા કરવામાં આવે છે. ડબ્બાની સંરચના પણ મધ્ય રેલવે દ્વારા નક્કી કરવામાં આવે છે.

## નવી મુંબઈ એરપોર્ટનું

વિરુદ્ધ છે. ભાજપમાં એક વર્ગનું માનવું છે કે આટલા મોટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામ દિ. બા. પાટિલના નામ પર રાખવાની જરૂર નથી. ગૌતમ અદાણી પણ તેનું નામ દિ. બા. પાટિલના નામ પર રાખવાની વિરુદ્ધ છે.

સંજય રાઉતે મીડિયાને એવી માહિતી આપી હતી કે નવી મુંબઈના એરપોર્ટનું નામ 'નરેન્દ્ર મોદી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ' રાખવાની ભાજપમા માગણી, પ્રસ્તાવ અને ચર્ચા ચાલી રહી છે.અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું નામ સરદાર વલ્લભભાઈ પટેલના નામ પર રાખવામાં આવ્યું હતું. જ્યારે તેઓ જીવતા હતા ત્યારે તેનું નામ નરેન્દ્ર મોદી રાખવામાં આવ્યું હતું. તેવી જ રીતે, નવી મુંબઈના એરપોર્ટનું નામ નરેન્દ્ર મોદી રાખવા માટે ભાજપમાં સર્વસંમતિ છે. ગૌતમ અદાણીએ પણ આ માટે સંમતિ આપી હોવાથી, નવી મુંબઈના એરપોર્ટનું નામ દિ. બા. પાટિલના નામ પર રાખી શકાશે નહીં, એવો દાવો સંજય રાઉતે કર્યો હતો. સંજય રાઉતે દાવો કર્યો હતો કે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ માંગ કરી છે કે નવી મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામ અદાણીના નામ પર રાખવામાં આવે નામ પર રાખવામાં આવે. આ એરપોર્ટનો પ્રોજેક્ટ દિ. બા. પાટિલના નામે મંજૂર કરવામાં આવ્યો હતો. તેથી, શિવસેના (યુટીબી)ની માગણી ચાલુ રહેશે કે એરપોર્ટનું નામ તેમના નામ પર રાખવામાં આવે, એમ રાઉતે કહ્યું હતું.

## દીવા રેલવે

ફાટકમાંથી જ રેલવે સ્ટેશનમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા હોવાથી, રેલવે ટ્રેક ક્રોસ કરતી વખતે ઘણા મુસાફરો જીવ ગુમાવે છે.

૨૦૧૩માં થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને રેલવેએ દિવા રેલવે ફાટક બંધ કરીને ત્યાં ફ્લાયઓવર બનાવવાનો નિર્ણય લીધો હતો. આ પુલનું વાસ્તવિક બાંધકામ ૨૦૧૯માં શરૂ થયું હતું. જોકે, જમીન સંપાદનના અભાવે છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રોજેક્ટ અટકી પડ્યો છે. આ પ્રોજેક્ટ ૨૦૨૨માં પૂર્ણ થવાની અપેક્ષા હતી. ૨૦૨૬ની શરૂઆત થઈ હોવા છતાં, પ્રોજેક્ટ પૂર્ણ થયો નથી. ૧૧ થી ૧૨ જમીનમાલિકોનો વિવાદ પેન્ડિંગ છે.

જમીન સંપાદનનો મુદ્દો અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. ટૂંક સમયમાં સંબંધિત જમીન માલિકો સાથે બેઠક યોજાશે. જો જમીન સંપાદન થાય તો એક વર્ષમાં કામ પૂર્ણ કરવું શક્ય છે, એમ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું.

## મોદીએ એવું

સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રણનીતિ બનાવી રહ્યું છે. ભાજપ આ ચૂંટણીમાં મહત્તમ બેઠકો જીતવાનો અને મહાયુતિમાં મોટા ભાઈ તરીકે છાપ છોડવાનો પ્રયાસ કરશે. આ માટે ભાજપ છાવણીમાં ગતિવિધિઓ ચાલી રહી હોવાની માહિતી છે.

અત્યાર સુધી સામે આવેલી માહિતી મુજબ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શુક્રવારથી મહારાષ્ટ્રના ત્રણ દિવસના પ્રવાસે જશે. ભાજપના મહારાષ્ટ્ર પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ પણ દેવેન્દ્ર ફડણવીસ સાથે મહારાષ્ટ્રના પ્રવાસે જશે તેવું જાણવા મળી રહ્યું છે. આ પ્રવાસ દરમિયાન તેઓ દરેક સ્થળની સમીક્ષા કરશે તેવું જાણવા મળ્યું છે. રાજ્યભરમાં વિભાગવાર સમીક્ષા કરશે તેવું જાણવા મળ્યું છે.

### ફડણવીસ શુક્રવારે બે જિલ્લામાં સમીક્ષા બેઠકો કરશે

દેવેન્દ્ર ફડણવીસ શુક્રવારે નાશિક અને છત્રપતિ સંભાજીનગર જિલ્લાની મુલાકાતે જશે અને બંને જિલ્લામાં સમીક્ષા બેઠકનું આયોજન કરશે તેવું જાણવા મળ્યું છે. ફડણવીસ જિલ્લામાં મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની સમીક્ષા કરશે. આ માટે બોલાવવામાં આવેલી સમીક્ષા બેઠકમાં પાર્ટીના સ્થાનિક જિલ્લા પ્રમુખ, મહામંત્રી, મંત્રી, પાલક પ્રધાન, વિધાનસભ્ય, સાંસદ હાજર રહેશે તેવું જાણવા મળ્યું છે. આ બેઠકમાં ફક્ત અપેક્ષિત નેતાઓ અને પદાધિકારીઓને જ હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

### શું મહા વિકાસ આઘાડીની ચિંતાઓ વધશે?

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં ભાજપમાં ચાલી રહેલી ગતિવિધિઓને જોતાં, મહાવિકાસ આઘાડીની છાવણીમાં પણ હલચલ મચી જવાની ધારણા છે. કારણ કે ભાજપે કામ શરૂ કરી દીધું છે. ભાજપે રાજ્યભરમાં તૈયારીઓ આદરી દીધી છે. ભાજપની રણનીતિ વિપક્ષ માટે આંચકો આપી શકે છે. આનાથી મહાવિકાસ આઘાડીની ચિંતા વધી શકે છે. આવા સમય દરમિયાન, મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો પણ રણનીતિ બનાવવાનું શરૂ કરે તેવી અપેક્ષા છે. વિધાનસભાની ચૂંટણીઓ પછી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ખૂબ જ પ્રતિષ્ઠાની રહેશે. તેથી, કોણ જીતે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ ઓરી ફળિયા હાલ દહિસર પૂર્વ, કાન્તાબેન (ઉં.વ.૭૫) બુધવાર તા. ૮-૧૦-૨૫ના દેવલોક પામ્યા છે. તે હરિલાલ ધનજીભાઈના ધર્મપત્ની, સુમનભાઈ, સ્વ. નારણભાઈના ભાભી. ભારતીબેન, જયાબેનના જેઠાણી, રિતેશ, પ્રશાંતના કાકી. રાજેશ, તારા, માલતી, ભાવનાના માતુશ્રી. રશ્મિ, અનિલ, જય, રાજેન્દ્રના સાસુ. પાર્થ, ખુશી, ઉર્વિ, દ્વિજ, હર્ષા, વ્યાનના દાદી. બંને પક્ષનું બેસણું શુક્રવાર તા.૧૦-૧૦-૨૫ના ૨ થી ૫. નિવાસ સ્થાને રાખેલ છે. તેમજ ગામ ખાતે શુક્રવાર, તા. ૧૦-૧૦-૨૫ના ૧૧ થી ૨. બારમું (પુષ્પાણી) રવિવાર, તા.૧૯-૧૦-૨૫ના ૩ થી ૫. નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે. સરનામું:ઈ -૨૦૪, સેજલ પાર્ક, ઘરટનપાડા નં.૨, દહિસર પૂર્વ મેટ્રો સ્ટેશન પાસે, મુંબઈ ૬૮.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મૂળ વતન પોરબંદર હાલ ઘાટકોપર, જેઠાલાલ શાહ (ઉં. વ. ૮૩) તે લક્ષ્મીદાસ રણછોડદાસ શાહના સુપુત્ર. તે સ્વ. સરોજબેનના પતિ. હેમેન્દ્રભાઇ લક્ષ્મીદાસ શાહના નાનાભાઇ. દીપકભાઇ, સ્મિતાબેન, રાજેશભાઇ, ચેતનભાઇના કાકા તા. ૮-૧૦-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. સાદડી પ્રથા બંધ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

સિલાસણ નિવાસી હાલ મલાડ, સ્વ. ઈશ્વરલાલ કેદરલાલ ઉપાધ્યાય (ઉં.વ. ૮૬) તા. ૫-૧૦-૨૫ના એકલિંગજી થયા છે. તે હિતેશ, કલ્પેશાના પિતા, ગં.સ્વ. લીલાબેન લાભશંકર જોશી, વિનોદચંદ્ર, સ્વ. વસંતભાઈ, કોકિલાબેન બલભદ્ર મહેતા, ગીતાબેન પ્રવિણચંદ્ર જોશીના ભાઈ. નીલમ અને કૌશિકકુમારના સસરા. પ્રેમના દાદા, પરી/યશશ્રીના નાના. તેમની પ્રાર્થનાસભા તા. ૧૩-૧૦-૨૫ સોમવાર ૧૦ થી ૪. સિલાસણ રાખવામા આવ્યું છે. બંને પક્ષનું બેસણું સાથે રાખેલ છે. ઉત્તર ક્રિયા ૧૫-૧૦-૨૫ અને ૧૬-૧૦-૨૫ના સિલાસણ મુકામે રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર અગિયારસે બ્રાહ્મણ**

કુકડ નિવાસી હાલ ભાવનગર, અરૂણકુમાર અમૃતલાલ ભટ્ટના ધર્મપત્ની નયનાબહેન (ઉં.વ. ૭૬) મંગળવાર તા. ૭-૧૦-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે આરતી જતીનકુમાર મહેતા, ગં. સ્વ. તૃપ્તી જયેશકુમાર પંડ્યા તથા કેતન ભટ્ટના માતા. સ્વ. અનસુયાબેન કાંતીલાલ પંડ્યાના દીકરી. દીપિકા કેતન ભટ્ટના સાસુ. જીતુભાઈ, સ્વ. અશ્વિનભાઈ, સ્વ. જુગલભાઈ, ગં. સ્વ. મીનાબેન જગદીશકુમાર વ્યાસ, પંકજભાઈ, ગીરીશભાઈના ભાભી. અરવિંદભાઈ, સ્વ. નીર્મળાબહેન કુમુદરાય મહેતા તથા સ્વ. જશુમતીબહેન પ્રવીણચંદ્ર દેસાઈના બહેન. સાદડી અને લૌકીક પ્રથા બંધ રાખી છે.

**પરજિયા સોની**

પોરબંદરવાળા હાલ બોરીવલી, હરિશભાઈ કિશોરભાઈ ધક્કા (ઉં. વ. ૬૩) તા. ૮/૧૦/૨૫ને બુધવાર શ્રીજીચરણ પામ્યા છે. તે જ્યોત્સનાબેનના પતિ. અરૂણાબેન રાજેશકુમાર પટ્ટ જયેશભાઈ, સ્વ. હિતેશભાઈના ભાઈ. મિતેષભાઈ, ભુમીબેન પુનિતકુમાર સાગરના પિતા. સનાયાના દાદા, સ્વ. રતિલાલ ચત્રભુજ સાગર માધવપુરવાળાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૧/૧૦/૨૦૨૫ના ૪ થી ૬. સોનીવાડી, શિંપોલી, બોરીવલી.

**સૌરાષ્ટ્ર વાળંદ**

ચલાલા નિવાસી હાલ મુંબઈ, અ.સૌ. મધુબાલા જોટંગીયા (ઉં. વ. ૭૨) તા. ૬/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ડૉ. નંદલાલભાઈ કાનજીભાઈના ધર્મપત્ની, ડૉ. સંજીવકુમાર, ડૉ. માધુરીબેનના માતુશ્રી, ડૉ. સંતોષબેન, અજયકુમારના સાસુમા, સિમરન, અખિલ, પ્રિયા, દિવ્યાના દાદી, મંજુબેન, નયનાબેન, આશાબેનના મોટાબેન પ્રાર્થનાસભા તા. ૧૦/૧૦/૨૫ શુક્રવારના ૪ થી ૬. સરાફમાતૃ મંદિર, પોદ્દાર રોડ, મલાડ પૂર્વ.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ.મંગળાબેન પોપટ (ઉં. વ. ૭૪) તા. ૯/૧૦/૨૫ના ગુરુવારે અક્ષરનિવાસી થયેલ છે. તે કાકુભાઇ કમળશી કાનાબારના દીકરી, અ. નિ. ભગવાનદાસ છગનલાલ પોપટના ધર્મપત્ની, ભરતભાઈ, મનીષભાઈ તથા વિપુલભાઈના માતુશ્રી. અ.સૌ. મમતા અને અ.સૌ. સુષ્માના સાસુ. અંજલિ અને કૌશલના દાદી. જયસુખભાઈ તથા પ્રતાપભાઈના બેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦/૧૦/૨૫ના શુક્રવારે ૪ થી ૬. હાલાઇ લોહાણા, મહાજન વાડી, શંકરમંદિરની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મણ**

મૂળ દેરોલ, હાલ બોરીવલી, અ.સૌ.કલ્યાણી વ્યાસ (ઉં. વ.૬૧) તા. ૭/૧૦/૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે જગદીપ વ્યાસના ધર્મપત્ની, સ્વ અમૃતલાલ પ્રભાશંકર વ્યાસ તથા સ્વ.ચંદ્રિકા અમૃતલાલ વ્યાસના પુત્રવધૂ. વિરાજ અને શ્રેયા દવેના માતા, અ. સૌ. પાયલ અને રાહુલ દવેના સાસુ, પ્રવિણચંદ્ર ગણપતરામ જોશી અને ગુણવંતી પ્રવિણચંદ્ર જોશીની સુપુત્રી. સ્વ. અલ્કેશ, સ્વ. જાગૃતિ પંડ્યા, સ્વ. રાજેશના બેન. લૌકિક ક્રિયા તેમજ પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સિ. સં. ઔ. અ. બ્રાહ્મણ**

ફરિયાદકા નિવાસી હાલ પનવેલ, દિનેશચંદ્ર બાલકૃષ્ણ પંડ્યા (ઉં. વ. ૭૯) તા. ૭/૧૦/૨૫ મંગળવારે સ્વર્ગવાસી થયેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. અમિતા મેહુલકુમાર કડકિયા, સ્વ. રૂપા સુદામ અસવરે, હિતેશના પિતા. સ્વ. કાકુભાઈ, જયંતિભાઇ, સુરેશભાઈ, સ્વ. રંજનબેન, સ્વ.પ્રતિમાબેન, સ્વ.દક્ષાબેનના ભાઈ. સ્વ.રામેશ્વર મોહનલાલ પંડ્યાના જમાઈ. સ્વ.કનૈયાલાલ, અશ્વિનભાઈ, અશોકભાઈ, અરવિંદભાઈ, મહેન્દ્રભાઈના બનેવી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

બિલા નિવાસી હાલ બિલા, સ્વ. દમયંતીબેન બાબુલાલ સંઘવીના પુત્ર હસમુખ (ઉં. વ. ૬૮) તા. ૭/૧૦/૨૫ને મંગળવારે ભાવનગર મધ્યે શ્રીજીશરણ પામેલ છે. તે રમેશ, વસંત, કિરીટ, જયશ્રીના મોટાભાઈ. રક્ષા, ભાવના, પારુલના જેઠ, આકાશ, મહેન્દ્ર, હેલી, ધવલ, ફોરમ, યશના દાદા. ગૌરાંગ અનંતરાય પારેખના સાળા. તરેડવાળા નાગરદાસ વલ્લભદાસના ભાણેજ. સર્વે લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ મુંબઇ નિવાસી સ્વ. મંજુલાબેન તથા સ્વ. શાંતિલાલ સાકરલાલ પરીખ (રાઠોડિયા)ના સુપુત્ર નિર્મળાબેન નરોત્તમદાસ તન્નાના જમાઇ. નૈનેશભાઇ ને નંદાબેનના પતિ. દિશાના પિતા. જીગરકુમારના સસરા. રેખાબહેન, રાજેશ, મુકેશ, કમલેશના ભાઈ તે તા. ૮-૧૦-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૦-૨૫ શુક્રવારના ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ હોલ, ૩૯૨, એસ. વી. પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ ભાટીયા**

રણજીત સંપટ (રણુભાઇ) (ઉં. વ. ૮૨) સ્વ. વિરમતી ગીરધરદાસ સંપટના પુત્ર. પુષ્પાના પતિ. લલીતા (પન્ના) પ્રતાપસિંહ કાપડીયા, જયા નરોતમ મોરપરીયા, હરેશ-હર્ષાના ભાઇ. આશિશ-કોમલ, કુમાર-કાનનના પિતા-સસરા. તારા-રજની ત્રિકમદાસ દ્વારકાદાસ આશરના જમાઇ. પ્રતિક-વિની, જસ્મીન-યશના કાકા બુધવાર, તા. ૮-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૧૦-૨૫ શનિવારના સાંજે ૫થી ૬.૩૦. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, ૨જે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

માલા (ઉં. વ. ૬૬) તે પુષ્પા પ્રતાપસિંહ વેદ (અફીણી)ના દીકરી. શાંતીબેન રણછોડદાસની દોહિત્રી શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટીયા**

વિરેન્દ્ર (ઉં.વ.૭૯) હાલ હ્યુસ્ટન (અમેરિકા) તે પન્નાના પતિ. તે ખેલનના પિતા. સ્વ. સુશીલા સુંદરદાસ ઇબજી ભાટીયાના પુત્ર. તે સ્વ. પોરીબાઇ ઇબજીના પૌત્ર. તે સ્વ. નયના, સ્વ. વર્ષા તથા મયુરના ભાઇ. જયરાજ રતનસિંહ સંપટના જમાઇ. તે સ્વ. ત્રિકમદાસ મોરારજી વેંગુલાવાળાના દોહિત્ર તા. ૭-૧૦-૨૫ના હ્યુસ્ટન અમેરિકા મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## ગેંગસ્ટરના ભાઈને

હથિયારનું લાઈસન્સ આપ્યું હતું એવો દાવો અનિલ પરબે કર્યો છે.

સચિન ઘાયવળનો ભાઈ નિલેશ ઘાયવળ કુખ્યાત ગેંગસ્ટર છે અને તેની વિરુદ્ધ ખંડણી, હત્યાના પ્રયાસ અને લૂંટના કેસ છે. આવા ગેંગસ્ટરના ભાઈને હથિયાર લાઈસન્સ આપવાની ટીકાનો જવાબ આપતા યોગેશ કદમે જણાવ્યું હતું કે હથિયાર લાઇસન્સ માટેની અરજી વ્યક્તિગત હોય છે.

અરજી કરનારનો ભાઈ કોણ છે, તેના સગા - સંબંધીઓ કોણ છે એ નથી જોવામાં આવતું. એ વ્યક્તિનું ચરિત્ર ચકાસવામાં આવે છે.'

## આશ્રમશાળાના બે

આત્મહત્યા માટે ઉપયોગ કરાયો હોવાનું પોલીસનું કહેવું છે.

સિક્યોરિટી ગાર્ડે શાળાના મૅનેજરને ઘટનાની અંગે માહિતી આપ્યા પછી પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે બન્ના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યા હતા. ભણવામાં બન્ને વિદ્યાર્થી નબળા નહોતા, પરંતુ હાલમાં શાળામાં પરીક્ષા ચાલતી હોવાથી માનસિક તાણમાં તેમણે અંતિમ પગલું ભર્યું હોવાનું માનવામાં આવે છે.

## બ્રિટનની નવ યુનિવર્સિટી

વિઝન ૨૦૩૦ અન્વયે મજબૂત સંબંધો પર જોર આપ્યું.

બ્રિટનના પીએમ સાથે વડા પ્રધાન મોદીની સંયુક્ત કોન્ફરન્સમાં પીએમ મોદીએ કહ્યું કે આ સમજૂતી (વ્યાપક આર્થિક અને વેપાર સમજૂતી)થી બંને દેશની વચ્ચે આયાત કર ઓછો થશે. યુવાનોને નવી રોજગારીની તકો ઊભી થશે. વેપારમાં વધારો થશે તેમ જ તેનાથી સ્થાનિક ઉદ્યોગો અને વપરાશકર્તાઓને ફાયદો થશે.

બંને દેશની વચ્ચે સમજૂતી-કરારમાં હસ્તાક્ષર કર્યાના મહિનામાં આપની ભારત મુલાકાત (તમારી સાથે ડેલિગેશન પણ આવ્યું) થઈ છે, જેનાથી ભારત-બ્રિટનની ભાગીદારીમાં નવા જોશનું પ્રતીક છે. પીએમ મોદીએ કહ્યું કે વડા પ્રધાન સ્ટાર્મરના નેતૃત્વમાં ભારત અને બ્રિટનના સંબંધોમાં મહત્ત્વની પ્રગતિ થઈ છે. આ વર્ષે જુલાઈમાં મારા બ્રિટન પ્રવાસ વખતે ઐતિહાસિક વ્યાપક આર્થિક અને વેપાર સમજૂતી (સીઈટીએ)માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

બ્રિટનના વડા પ્રધાન સ્ટાર્મર સાથેના સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે ભારત અને બ્રિટનની વચ્ચે મહત્ત્વની બેઠકનું આયોજન થયું હતું. આજે અમે ઈન્ડિયા-યુકેના સીઈઓ ફોરમ અને ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલને સંબોધિત કરીશું, જેનાથી ભારત-યુકેના સંબંધો વધુ મજબૂત કરવાની સંભાવનાઓ પણ ઊભી થશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને યુક્રેન સંઘર્ષ અને ગાઝા મુદ્દા મુદ્દે પીએમ મોદીએ કહ્યું કે ભારત સંવાદ અને રાજદ્વારી દ્વારા શાંતિ પુનઃસ્થાપિત કરવાના તમામ પ્રયાસોને સમર્થન આપે છે.

અહીં એ જણાવવાનું કે ભારત અને અમેરિકા વચ્ચે સંબંધો વણસ્યા પછી ભારતનો યુરોપમાં ખાસ બ્રિટન સાથે વધુ સંબંધો સુધરી રહ્યા છે, જેનાથી ભવિષ્યમાં વેપાર-વાણિજ્ય સહિત અન્ય ક્ષેત્રે નવી તકો ઊભી થઈ શકે છે.

# પારસી મરણ

પીલુ પેસી મલલું તે મરહુમ પેસીના ધનીયાની. તે મરહુમો ધનમાય દારબશા (ભોત) મેનેજરના દીકરી. તે વીરાફ ને રોશનીના માતાજી. તે સાવીયોના જમાઇ. તે રુઝબેના બપઇજી. તે તુશાર ને ઝીનતરાના મમઇજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. ગુલમહાલ, બી-૩૫, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (વે). મુંબઇ - ૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

દારા કઇખોશરુ મરોલિયા તે મરહુમો પીલામાય તથા કેખશરૂ રૂસ્તમજી મરોલિયાના દીકરા. તે મરહુમો રૂશી, મહારૂખ, બેમેસી ને ફીલીના ભાઇ. તે શાપુર કાવસજી મરોલિયાના કઝીન બ્રધર્સ. (ઉં. વ. ૭૧) રે. ઠે. એન-૮. ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : બપોરનું ઉઠમણું નથી. આરમ : તા. ૧૧-૧૦-૨૫ના દીને સવારે ૪.૪૫ વાગે ઉપરની ભાભા નં-૨માં ડુંગરવાડી.

ખુશરુ અસપંદીયાર ઇરાની તે મરહુમો દીલબર અસપંદીયાર ઇરાનીના દીકરા. તે મરહુમો ગહવેર, થ્રીતી, શેહનાઝના ભાઇ. તે હોમઝી ઇરાની ને સુનનુના નેવીયુ. તે શાહરૂખ ઝેડ બીલિમોરીયાના અંકલ. (ઉં. વ. ૮૭) રે. ઠે. જૂની માસ્ટર બિલ્ડિંગ, ઝોરાસ્ટ્રીયન કોલોની, રૂમ. નં.૧૨, ભોયતળિયે, ચીખલવાડી, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે જોખી અગિયારી ગોદરેજ બાગમાં છેજી.

બેહરામ ફરામરોઝ પંથકી તે મરહુમો નાજામાય ફરામરોઝ પંથકીના દીકરા. તે વીરા, રશના ને ધનના ભાઇ. તે ફીરદોશ તથા મરહુમ પેસીના સાલા. તે જમશેદ, હોમી, મીનું, અદીના મામા. તે ધન, ફ્રેની, કોલાના માસી. (ઉં.વ. ૭૧) રે. ઠે. ૬૫૭/૩ સેથના હાઉસ, ફિરદોશી રોડ, દાદર પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૧-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે વાડીયા બંગલીમાં છેજી.

# જૈન મરણ

**માંગરોળ દશા શ્રીમાળી સ્થા. જૈન**

માંગરોળ નિવાસી હાલ વિલે પાર્લે વેસ્ટ, જીતેન્દ્ર શાહ (ઉં. વ.૮૧) તે સ્વ. સુશીલાબેન ઈશ્વરલાલ મનોરદાસ શાહના સુપુત્ર, સ્વ. ઉષાબેન વિનોદચંદ્ર મંગળદાસ ટોપીવાલાના જમાઈ. શ્રીમતી સ્મિતાબેનના પતિ, મોના અને હિરલના પિતા. નલિનીબેન, ચંદ્રકાન્તભાઈ, ભારતીબેન, માલતીબેન, દિલીપભાઈ, નીતાબેનના ભાઈ. દિપીકાબેન નરેશભાઈ શાહના બનેવી તા. ૮/૧૦/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલારી વિશા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ સાયન મુંબઈ, અરવિંદ મહેતા (ઉં. વ. ૭૭), સ્વ. કંચનબેન લાલજી મહેતાના સુપુત્ર, છાયાબેનના પતિ તા. ૮-૧૦-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. મેઘના વિશાલ લુઢિયા, અલકા નિશાંત શેઠ, ડોલી વિશાલ શાહના પિતાશ્રી. યશિકા, ત્વીષા અને નિર્વાનના નાના, સ્વ. નરેશચંદ્ર હિંમતલાલ મહેતાના જમાઈ. સ્વ. મંજુબેન, સ્વ. ઇન્દુભાઈ, સ્વ. જયુભાઈ અને અરૂણાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી કપૂર મહેતાના પાડા હાલે ગોરેગામ, પ્રવીણભાઈ(મંગળભાઈ) શાહ (ઉં. વ. ૮૮) સ્વ. સુભદ્રાબેન જેશીંગલાલ શાહના સુપુત્ર, મધુબેનના પતિ. ઇના, મીનાના પિતા, જીગ્નેશભાઈ તથા નીરવભાઈના સસરા. દર્શિત અને ઇશિતાના નાના તા. ૯/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પદ્માવતીબેન નેમચંદભાઈ ગુંદરવાળાના જમાઈ. સ્વ. નવીનભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. પ્રતાપભાઈ, અનિલભાઈ, સ્વ. જયાબેન, સ્વ. અનિલાબેન, રૂપીબેનના ભાઈ. ૨૩/૧૯૪, ઉન્નત નગર નં ૨, ફિલ્મીસ્તાન સ્ટુડિયોની બાજુમાં, ગોરેગામ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના શ્રી નરેન્દ્ર (જીપુ) પ્રેમજી શીવજી ગોગરી (ઉં. વ. ૭૦) તા. ૮-૧૦-૨૫ ના અવસાન પામેલ છે. માતુશ્રી ઝવેરબેન પ્રેમજી શીવજી ગોગરીના સુપુત્ર. ભારતીના પતિ. કેયુર, ખુશબુના પિતાશ્રી. કમલેશ,કપાયાના રંજન રમણીક, સાડાઉના તરુણા મણીલાલ, કારાઘોઘાના જયશ્રી હસમુખ, કપાયાના મીના ગીરીશના ભાઇ. દેશલપુર કંઠીના માતુશ્રી ગંગાબેન હીરજી છેડાના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. (ચક્ષુદાન - ત્વચાદાન કરેલ છે) ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. નરેન્દ્ર ગોગરી, ૨૨, સત્યકામ, ૨જે માળે, એસ.એન. રોડ, મુલુંડ (વે), મું-૮૦.

તલવાણા (હાલે અકોલા)ના અ.સૌ. ભાવના દેઢીયા (ઉં. વ. ૬૦) તા. ૬-૧૦-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ. સુશીલાબેન લાલજી લખમશીના પુત્રવધૂ. હસમુખના ધર્મપત્ની. જલ્પા, બૈજુલના માતુશ્રી. પત્રીના ભાનુમતી ભવાનજી વીરજી વોરાના સુપુત્રી. હર્ષા રમેશ, જયશ્રીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : હસમુખ લાલજી દેઢીયા, વી.એચ.બી. કોલોની, આઇ.ટી.આઇ. કોલેજની સામે, રતનલાલ પ્લોટ, અકોલા-૪૪૪૦૦૧.

કોટડી (મહા.) ના કેસરબેન કુંવરજી દેઢીયા (ઉં. વ. ૮૭) તા. ૮-૧૦-૨૫ના અવસાન પામેલ છે. ધનબાઇ ઘેલા કરમશીના પુત્રવધૂ. કુંવરજી ઘેલાના ધર્મપત્ની. ડુમરા પુરબાઇ નાગજી રવજીના પુત્રી. સ્વ. વાલજી, ઉમરશી, રાયધણજર દેવકાંબેન રતનશી, સાભરાઇ દમયંતી પ્રેમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નીતા સતીષ ગડા, ૧૫૦૨, મહાત્મા ફુલે સોસાયટી, વિદ્યાલય માર્ગ, મુલુંડ (ઇ.) ૮૧.

**ઝાલાવાડી દશા સ્થા. મુમુક્ષ જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મુક્તાબેન દેવેન્દ્રભાઇ શાહના સુપુત્ર દિલીપભાઇ શાહ (ઉં. વ. ૬૯) તા. ૮-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બીનાબેનના પતિ. જય તથા ડોલીના પિતા. પલકના સસરા. જીતુભાઇ, સ્વ. પીયૂષભાઇ, મિનેશભાઇના ભાઇ. જયંતભાઇ વાડીલાલ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી તા. ૧૦-૧૦-૨૫ના ૧૦થી ૧૧.૩૦. ઠે. યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ). ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# હવે શરૂ થયું AI અભિનેત્રીનું આક્રમણ...

**AI - આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પગ પહોળા કરી અનેક લોકોના પેટ પર પાટુ મારશે એવો ભય વ્યક્ત થઈ રહ્યો છે**





જબ જબ જો - જો હોના હૈ તબ તબ સો - સો હોતા હૈ.... કહેવા માટે તો આ કિશોરકુમાર, મેહમુદની ૧૯૬૮ની અફલાતૂન કોમેડી ફિલ્મ ‘પડોસન’માં સાયરાબાનુના પિતાશ્રી ચરિત્ર અભિનેતા - કોમેડિયન આગાના મોઢે બોલાયેલો સંવાદ છે, પણ એમાં જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની ફિલસૂફી સમાયેલી છે. ઔદ્યોગિક ક્રાંતિના ચોથા તબક્કા તરીકે જેને જોવામાં આવી રહી છે એ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ(AI)ની માનવ જીવનમાં ઘૂસણખોરી ધીમે ધીમે વધી રહી છે અને જ્યારે જે જે થવાનું હોય છે ત્યારે તે તે થઈ રહે છે એ તર્કને પુષ્ટિ મળે છે. લેટેસ્ટ ઉદાહરણ છે એક્ટિંગના આલમનું.

વેલકમ ટિલી નોરવૂડ... ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સંભવિત પહેલી AI Actress.

દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ એન્ડ કંપની સાબદા થઈ જાય. ૨૫ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડમાં આયોજિત ‘ઝ્યુરિક ફિલ્મ ફેસ્ટિવલ’માં ડચ એક્ટ્રેસ વેન ડ વાલ્ડીએ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સથી સર્જિત એક્ટ્રેસ ‘ટિલી નોરવૂડ’ ને પેશ કરી એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચાવી દીધી છે- એક મિની ધરતીકંપ સર્જ્યો છે. ડિજિટલ ટેલન્ટને ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રમાં દાખલ કરી ઈન્ડસ્ટ્રીને નવું સ્વરૂપ આપવાના આ પ્રયાસને આવકાર ઓછો અને ધિક્કાર વધુ મળ્યો છે. આ સ્વાભાવિક ગણાય, કારણ કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનું આ વામન પગલું આવતી કાલે વિરાટ બની શકે છે. જો આમ થશે તો ફિલ્મ અને ટેલિવિઝનમાં રિયલ લાઈફ (જીવતા જાગતા મનુષ્ય) એક્ટર્સ સાથે આ કૃત્રિમ એક્ટ્રેસ જોડી જમાવશે. પછી વાત આગળ વધી વધીને કેટલી વધશે એ અંગે સોશ્યલ મીડિયા પર આપત્તિ દર્શાવતી વિવિધ પ્રતિક્રિયાનું પૂર આવ્યું છે. એમાંની એક પ્રતિક્રિયા છે કે ‘ભવિષ્યમાં AI script, AI actors and AI crowd અને બીજી અનેક બાબતો પણ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ આધારિત હશે તો એની નવાઈ નહીં લાગે.’ અબ્રાહમ લિંકનની લોકશાહીની વ્યાખ્યાનો આધાર લઈ કહી શકાય કે Film made of AI, by AI and for AI.

ટૂંકમાં આ માનવ રહિત ટેક્નોલોજી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અનેક લોકોના પેટ પર પાટુ મારશે એવા કલ્પિત ભયને કૂંપળ ફૂટી છે.

AI અભિનેત્રી ટિલીને લાવનાર ડચ એક્ટ્રેસે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે ટિલી ભવિષ્યની સ્કારલેટ જોન્સન (બે ઓસ્કર એવોર્ડ અને પાંચ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ માટે નોમિનેશન મેળવનારી અને બોક્સ ઓફિસ કલેક્શનમાં સૌથી સફળ એક્ટ્રેસ અને સિંગર) કે પછી નતાલિયા પોર્ટમેન (બ્લોકબસ્ટર ફિલ્મો તેમજ ઓસ્કર, બાફટા અને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ વિજેતા) બને એ આશય સાથે અમે તેને આગળ કરી રહ્યા છીએ.’

ધામધૂમ સાથે પધરામણી કરી ટિલીના અલગ અલગ સોશ્યલ મીડિયા એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર ૫૯ હજાર ફોલોઅર્સ સંખ્યાને આંબી ગયેલી અને અભિનેત્રી બનવા થનગની રહેલી ટિલીનો કોન્ફિડન્સ સમજવા જેવો છે. ‘તમે કયા રોલમાં મને જોવા ઈચ્છો છો?’ એવો સીધો ને સટ સવાલ કરે છે. ટિલીને AI Commissioner નામના કોમેડી સ્કેચ (રમૂજ પડે એવા કોમિક દૃશ્યોનો નાનકડો સમૂહ)માં એક રોલ મળ્યો છે. ફેસબુક પોસ્ટમાં રાજીપો વ્યક્ત કરી ટિલીએ જણાવ્યું છે કે ’માનવામાં નથી આવતું, પણ મને પહેલો રોલ મળી ગયો છે. મારું સર્જન ભલે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સથી થયું હોય, પણ અત્યારે હું કશુંક મેળવવાથી મનુષ્યને થાય એવા આનંદનો હું અનુભવ કરી રહી છું. મળેલી તક બદલ હું રોમાંચ અનુભવી રહી છું.’

એક્ટિંગમાં ટેક્નોલોજીના પ્રભુત્વના પ્રારંભનો પ્રતિકાર થવો સ્વાભાવિક હતો. ડિલીનો આક્રમક વિરોધ અત્યાર સુધી મોટેભાગે એક્ટરો દ્વારા કરવામાં આવ્યો છે, કારણ કે મેડમ એમના પેટ પર પાટું મારવાની છે. અમુક અભિનેત્રીઓએ તો ગાલી ગલોચ પણ કરી છે. સોશ્યલ મીડિયામાં ‘ઈન્ડસ્ટ્રીના અંતનો આ આરંભ છે, એક્ટર્સને ગુડબાય કહેવાનો વખત આવી ગયો છે. આવા પ્રયાસનું સમર્થન ન કરવું જોઈએ. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ફેલાવો વધતો અટકાવવા કોશિશ જેટલી જલદી થાય એટલું સારું છે’ જેવી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે.

૨૦૨૩માં એક્ટરોની માગણી માટે હડતાળ કરાવનારા હોલિવૂડના એક્ટર્સના યુનિયને પણ ટિલી નોરવૂડને સાઈન કરવા ઉત્સુક ટેલન્ટ એજન્ટ વિશે તીવ્ર પ્રતિભાવ આપ્યા છે. ક્રિયેટિવીટી મશીનનો નહીં મનુષ્યનો ઈજારો છે અને એનો જ રહેવો જોઈએ એ વાત પર ભાર આપી યુનિયને દલીલ કરી છે :

‘ટિલી નોરવૂડ એક્ટર નથી. કમ્પ્યુટર પ્રોગ્રામની મદદથી તૈયાર કરવામાં આવ્યું એક કેરેક્ટર છે. એની પાસે જીવનનો કોઈ અનુભવ કે નથી એનામાં કોઈ લાગણી કે ભાવના. અત્યાર સુધી જાણવા મળ્યા અનુસાર માનવીય સંવેદના વિના કમ્પ્યુટરની મદદથી તૈયાર કરવામાં આવેલું કન્ટેન્ટ જોવામાં દર્શકોને કોઈ રુચિ નથી.’


સો વાતની એક વાત કે આ ભય - જોખમની અવગણના કરી શકાય એમ નથી. નોરવૂડ નબળો પર્યાય છે એવું ગાણું ગાતા ઈન્ડસ્ટ્રીના લોકો છે તો બીજી તરફ સાધન - સામગ્રીનો અભાવ અને ક્રિએટિવિટીનીઅછત ધરાવતા લોકો માટે AI એક્ટર આશીર્વાદ છે. આદર્શ નમૂનો છે. વિચાર કરી જુઓ કે એક એવો એક્ટર જે કોઈ નખરા નથી કરતો, નિર્માતા અને દિગ્દર્શકની બધી વાત માની લે છે, એને કોઈ અહં નથી, સ્ટોરી કે ડાયલોગમાં બદલાવ નથી કરાવતો કે નથી શૂટિંગમાં હસ્તક્ષેપ કરતો, ઝાઝાબધા પૈસા નથી ડિમાન્ડ કરતો... કેવી નિરાંત લાગે, હેંને? એ પ્રકારની રજૂઆત થઈ રહી છે.

અલબત્ત, જો AI એક્ટરની કલ્પના બિંદુમાંથી સાગર બનવાની દિશામાં આગળ વધવા લાગી તો એક્ટિંગની દુકાનને તાળા મારવાનો વખત એક્ટર માટે આવશે. એટલું જ નહીં, કાળક્રમે મેક - અપ આર્ટિસ્ટ, કેમેરામેન, સેટ ડિઝાઈનર, કાસ્ટિંગ ડિરેક્ટર, કોસ્ચ્યુમ ડિઝાઈનર ઈત્યાદિ ઈત્યાદિના અંતનો એ આરંભ હશે. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# બોલિવૂડ મર્ડર... યે રાત ફિર ના આયેગી




*વાત બોલિવૂડની છે, પણ એનો ક્લાઇમેક્સ હોલિવૂડની કોઇ હોરર ફિલ્મની સ્ટોરીને ટક્કર મારે એવો ડરામણો છે.*

*00000000000*

*૨૩ વરસનો હેંડસમ ચાર્મિંગ હીરો પોતાના જન્મદિવસે ૩-૪ મિત્રો સાથે રાતે ઘરે આવે છે ને એ જન્મદિવસ એની જિંદગી માટે સૌથી કમનસીબ દિવસ બની જાય છે.*

*000000000*

*૨૦-૨૦ ફિલ્મોનો સફળ નિર્માતા-નિર્દેશક માત્ર ૫૭ વરસે છેલ્લી ૪-૫ ફિલ્મોમાં ઉતાર ચઢાવને લીધે અને કૌટુંબિક કારણોસર હતાશામાં ડૂબી જાય છે, દિનરાત શરાબને રવાડે ચઢી જાય છે. અને પછી એવું કરી બેસે છે કે કોઇ વિચારી પણ ના શકે*

*00000000000*

*૧૯૬૦માં આશા પારેખ કે સાધના જેવી ટોચની હીરોઇન સાથે કેરિયર શરૂ કરનાર અભિનેત્રી પછી નિષ્ફળ થઇને ૧૯૭૦ના દાયકામાં બીગ્રેડની ફિલ્મોમાં નાનકડી ભૂમિકા મેળવવા સ્ટુડિયોનાં ધક્કા ખાતી.*

*000000000..*

*૨૫ વરસની ખૂબસૂરત છોકરી, બાંદ્રાનાં અમીર બિલ્ડરના દીકરા સાથે પ્રેમ કરે છે, પણ બાપને એ છોકરો મંજૂર નહોતો. એ છોકરીના મોત પછી ૧૪ વરસે એક અકસ્માતમાં એ છોકરો ખતમ.*

*00000000*

*પેલો નામી ફિલ્મ નિર્માતાનિર્દેશક, ઊભરતો યંગસ્ટાર, વિધર્મીને ચાહતી યુવતી, એક જમાનાની હીરોઇન, રઇસ બિલ્ડરનો દીકરો આ સૌને જોડતી એક ગોઝારી રાત આવી.*



નિર્દેશક બ્રિજ સદાના

તમને ‘દો બેચારે, બિના સહારે દેખો પૂછ પૂછ કે મારે, બિન તાલે કી ચાબી લે કે ફિરતે મારે મારે’ ગીત યાદ છે?

જી હાં, અશોક કુમારપ્રાણની ‘વિક્ટોરિયાનં.૨૦૩’ સુપરહિટ ફિલ્મ ને ‘ચોરી મેરા કામ’, ‘એક સે બઢકર એક’, ‘પ્રોફેસર પ્યારેલાલ’, ‘યકીન’, ‘કઠપૂતલી’ જેવી ફિલ્મોના નિર્માતાનિર્દેશક હતાઃ બ્રિજ સદાના , જેમણે એક બીજીયે ફિલ્મ બનાવેલીઃ ‘યે રાત ફિર ના આયેગી’ .સફળ ને સ્ટાઇલિશ ફિલ્મ મેકર એવા આ બ્રિજના જીવનમાં પણ એક એવી રાત આવી કે જે કોઇના જીવનમાં ના આવવી જોઇએ.

૨૦૦૭માં હું પરેશ રાવલ સાથે એક ફિલ્મની શુટિંગમાં હતો ત્યારે એક દૂબળો, થોડા સફેદવાળવાળો જુવાન, જૂની કોમેડી ફિલ્મની રિમેક માટે પરેશભાઇ સાથે નિર્માતા તરીકે મળવા આવેલો. જોઇને થયું કે એને ક્યાંક જોયો છે. હું નામ યાદ કરતો જ હતો ત્યારે એણે પોતે જ કહ્યુંઃ ‘હાય, આઇ એમ કમલ...’

કમલ સદાના.... પછી યાદ આવ્યું કે રવિના ટંડનને ઘરે એને મળેલો, ૧૯૯૪-૯૫માં રવિના અને કમલ વચ્ચે રોમાંસ ચાલતો ત્યારે એ પ્રોમિસિંગ સ્ટાર હતો. ત્યારે ૧૫ વરસ બાદ ઓળખી ના શકાય એવો લાગતો હતો. ૧૯૯૩ કાજોલની પહેલી ફિલ્મ ‘બેખૂદી’માં પહેલાં સૈફઅલી ખાનની પણ હીરો તરીકે પહેલી ફિલ્મ આવવાની હતી , પણ સૈફના ખરાબ વર્તનને લીધે નિર્દેશક રાહુલ રવૈલે એને કાઢી મૂકીને કમલ સદાનાને જે નામી નિર્દેશક બ્રિજ સદાનાનો દીકરો હતો એને હીરો તરીકે ચાન્સ આપ્યો હતો.

૬ ઓક્ટોબર ૧૯૩૩માં જન્મેલા બ્રિજ સદાના ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકાના સફળ નિર્માતા-દિગ્દર્શક હતા. બ્રિજની પત્ની સઈદા પણ અભિનેત્રી હતી. સઈદાની માતા, અનવરી બેગમ પણ ૧૯૪૦ના સમયની અભિનેત્રી હતી. સઈદાની પહેલી ફિલ્મ કિશોર કુમાર સાથેની સુપરહિટ ‘અપના હાથ જગન્નાથ’ હતી. સમય જતાં સઇદાની ફિલ્મો નિષ્ફળ જતા મજબૂરીમાં સઈદાએ બી-ગ્રેડ ફિલ્મોમાં કામ કરવા માંડ્યું. પછી સઇદાએ ફિલ્મો છોડીને બ્રિજ સાથે લગ્ન કર્યા. બ્રિજ અને સઈદાને બે બાળકોઃ કમલ અને નમ્રતા.

૧૯૮૦માં વિનોદ ખન્ના અચાનક રજનીશ પાછળ અમેરિકા જતા રહ્યા. ફિલ્મ લંબાઇ ગઇ અને બ્રિજને ભારે નુકસાન થયું, એવું જ રાજેશ ખન્નાની ફિલ્મ ‘ઊંચે લોગ’ પણ પૈસાને લીધે ખેંચાતી ગઇ. કરજના બોજમાં બ્રિજનો સ્વભાવ ચીડિયો થઈ ગયો. બ્રિજ ને સઈદા, વારંવાર ઝગડવા લાગ્યા. રોજના કંકાસ બાદ બ્રિજ, દારૂ પીધા પછી હોશકોશ ગુમાવી બેસતા. ઉપરથી દીકરી નમ્રતા બ્રિજની ઇચ્છા વિરુદ્ધ આબીસ રીઝવી સાથે લગ્ન કરવા માગતી હતી. આબીસના પિતા અખ્તર હુસૈન રિઝવી રાજ્યસભાના સાંસદ હતા. વળી બ્રિજ, સઈદા સાથે ઝઘડતા ત્યારે નમ્રતા હંમેશાં માનો પક્ષ લેતી એટલે બ્રિજને નમ્રતાની આ વાત પણ નહોતી ગમતી.

એકવાર બ્રિજ એટલા નશામાં ને ગુસ્સામાં હતા કે એમણે સઈદા ને નમ્રતા પર લાઇસન્સવાળી પિસ્તોલથી હુમલો કર્યો. ત્યારે સઈદા અને નમ્રતા બચી ગયેલા. સુનીલ દત્ત અને નરગિસજી સઈદાના સારા મિત્રો. નરગિસજીએ સુનીલ દત્તની મદદથી પોલીસને કહીને બ્રિજની પિસ્તોલ જપ્ત કરાવી.

થોડાક મહિના પછી બ્રિજે ‘મને ખાલિસ્તાનીઓની ધમકીઓ મળે છે’ કહીને પિસ્તોલ પાછી મેળવી.

૨૧ ઓકટોબર -૧૯૯૦ના રોજ દીકરા કમલનો ૨૦મો જન્મદિવસ હતો. કમલ પાર્ટી મનાવીને મિત્રો સાથે ઘરે આવ્યો. કમલે જોયું કે ઘરમાં હંમેશની જેમ ઝગડા ચાલુ હતા. કમલ, મિત્રોને પોતાના રૂમમાં લઈ ગયો કે અચાનક ગોળીબારના ધડાકા સંભળાયા. કમલ ને મિત્રો નીચે દોડ્યા. પિતા બ્રિજ, ગન પકડીને ઊભા હતા ને મા સઈદા ને બહેન નમ્રતા લોહીથી લથપથ જમીન પર કમલને જોતાંવેંત બ્રિજે એના પર પણ ગોળી ચલાવી પણ ગોળી કમલની ગરદનને અડીને નીકળી ગઈ. બ્રિજે બીજી ગોળી ચલાવી. કમલ ઝૂકી ગયો ને ગોળી કમલના મિત્રની હથેળીમાં વાગી. કમલનો બીજો મિત્ર દીવાલ પાછળ છુપાયેલો એટલે બચી ગયો.

બ્રિજને લાગ્યું કે એણે બધાંને ખતમ કરી નાખ્યા એટલે અંદર જઈને સૂઇ ગયા. પછી કમલ ને મિત્રોએ એમ્બ્યુલન્સ બોલાવી. નજીકમાં રહેતી સઈદાની બહેન શગુફ્તા પણ દોડી આવી પણ ત્યાં સુધીમાં નમ્રતા મરી ચૂકી હતી. સઈદા, હજુ જીવતી હતી, એને કારમાં હોસ્પિટલ લઇ જવાઇ પણ રસ્તામાં જ સઈદા પણ ખતમ....

જ્યારે બ્રિજને ભાન આવ્યું ત્યારે પસ્તાવા અને ભયને લીધે પોતાના મોંમાં પિસ્તોલ મૂકી ટ્રિગર દબાવી દીધું..... આમ એ રાતે મુંબઈનો પોશ વિસ્તાર ગણાતા બાંદ્રાના ‘જલકમલ’ બંગલાની આ ભયાનક ઘટનાએ બોલિવૂડને જ નહીં, આખા દેશને સ્તબ્ધ કરી મૂક્યો. એ પછી કમલે હીરો તરીકે, સહાયક અભિનેતા તરીકે અમુક ફિલ્મો ને સિરિયલો કરી. ‘વિક્ટોરિયા નં.૨૦૩’ ની રી-મેક બનાવી અને ‘રોરઃ ટાઇગર ઓફ સુંદરવન’ નામની ખર્ચાળ ફિલ્મ, સ્વ. બહેન નમ્રતાના પ્રેમી આબીસ રીઝવીની સહાયથી નિર્દેશિત કરી, પણ કમનસીબી જુઓ કે એ જ આબિસનું ૨૦૧૭માં ઇસ્તાનબુલમાં કારઅકસ્માતથી મૃત્યુ થયું અને હવે માત્ર કમલ જીવે છે.

ખરેખર તો આ ૨૧ ઓકટોબરના આ લેખ આવવો જોઇએ, પણ દિવાળીના દિવસોમાં ક્યાં આવી શાપિતકથા માંડીએ? ■

---

# ખરાબ સમય એવી તિજોરી છે, જ્યાં સફળતાનાં હથિયાર મળે!

સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

વીડિયોવાળા ભાઈ અમને રાખવા તૈયાર થઈ ગયા, જે સારું હતું અમારે માટે, બાકી ધંધામાં તો ‘ગરજ સરી કે વૈદ વેરી...શો પત્યાં કે...’ અમને મનમાં થતું હતું કે રાજાણી મુખ્ય સ્પોન્સર હતા સાથે બીજા પણ બે હતાં એમાંથી કોઈ આગળ ન આવ્યું અને જે ચિંતા સિધાર્થે કરવાની હતી, એ એની પત્ની-પુત્રની ચિંતાને કારણે નૈરોબી રવાના થઈ ગયો. ખેર! ‘આણે આમ કર્યું અને આણે આમ ન કર્યું’ એવી સરખામણીનો અર્થ નહોતો. સરખામણીનાં ખેલમાં ન પડવું, કારણ એનો કોઈ અંત નથી. સરખામણીની શરૂઆત થાય કે આનંદ અને પોતીકાપણું ખતમ થઈ જતું હોય છે. આનંદ એ લેવાનો હતો કે વીડિયોશોપવાળા ભાઈ અમને રાખવા તૈયાર થઈ ગયા હતાં.

હવે ત્રણ દિવસ પછીની ટિકિટ મળે છે કે નહીં એની સ્ટ્રગલ કરવાની હતી. અમારામાં જો કોઈ આ કામ કરી શકે એમ હોય તો એક માત્ર રસિક દવે હતો. એનામાં એ કાબેલિયત હતી. આગળ જતાં એ કારણે જ કદાચ, કલાકાર તો અચ્છો હતો જ સાથે

નિર્માતા અને દિગ્દર્શનમાં પણ કાઠું કાઢેલું. સૌ સૌનો સમય હોય છે. અત્યારે અમે મનમાં ભગવાનનું નામ લેતાં, કૃષ્ણે કહ્યું છે.....આ સમય પણ ચાલ્યો જશે. એવું મમળાવતા રહ્યાં. ખરાબ સમયથી ગભરાવું નહીં એ હું ત્યારે શીખ્યો. ખરાબ સમય એવી તિજોરી છે જ્યાં સફળતાના હથિયાર મળે છે. રસિક આખા એરપોર્ટમાં ફરી વળ્યો. એ સમયે દુરદર્શન ઉપર આવતી સિરિયલ મહાભારત, જેણે માત્ર ભારતમાં જ નહીં આખી દુનિયાને ઘેલું લગાડેલું. રસિક દવે એમાં ‘નંદ’નું પાત્ર

ભજવતો. રસિકની કાબેલિયત અને ‘નંદ’ની લોકપ્રિયતા બંને કામમાં લાગ્યાં. તહેવારનાં ધસારાને કારણે ત્રણને બદલે બે દિવસ પછી જ ‘ટાન્ઝાનિયા એરવેઈઝ’ની સ્પેશિયલ ફ્લાઈટ, નૈરોબીની એનાઉન્સ કરી અને ‘નંદબાબા’ની મહેરબાનીથી અમારી બધાની કન્ફર્મ ટિકિટો મળી ગઈ. વીડિયોશોપવાળા (નામ યાદ નથી આવતું) નું અમારાં પર ઓવારી જવું એ અમારાં નાટકની સફળતા હતી, જે સિધાર્થને આભારી હતી. અમારો હાથ પકડનાર એ ભાઈનો અમે બધાં દિલથી આભાર માનતા રહ્યા. એમનો સ્વભાવ પણ ‘હે રામ’ જેવો જ હતો. વખાણ એમને પણ નહોતાં ગમતા. સંસ્કારોથી મોટી કોઈ વસિયત નથી અને ઈમાનદારીથી મોટી કોઈ વિરાસત નથી.

ફરી અમે બધા વિદાય આપવા આવેલ ભાઈઓની ગાડીમાં ગોઠવાયા. મન મનાવ્યું કે કદાચ દારેસલામ સાથે વધુ બે દિવસની લેણાદેવી હશે.

અમે બધાંએ એ ભાઈને પૂછ્યું કે ‘આટલી બધી હેતની હેલી વરસાવી તો છેલ્લે દિવસે ‘હે રામ’ કેમ ન દેખાયા?’ ત્યારે ખબર પડી કે એમને અઠવાડિયા માટે કોઈ કામ આવી જતાં એમણે જવું પડ્યું છે. અમને વસવસો રહી ગયો એમને ન મળ્યાનો.

એ ભાઈ અમને એમનાં ઘરે લઈ ગયાં. ઘર બે ભાગમાં વહેંચાયેલું હતું. આગળનાં ભાગમાં એમની શોપ હતી અને પાછળના

ભાગમાં ત્રણ બેડરૂમનો ફ્લેટ. સુંદર અને સુઘડ. માત્ર પતિ-પત્ની. શેર માટીની ખોટ હતી.એ પણ લોહાણા પરિવારના હતા. દાન-ધરમમાં માનનારા. પુણ્યનાં નામે ઓળઘોળ થઈ જતા. કોઈએ કહ્યું છે કે પાપ કરવું નથી પડતું, થઈ જાય છે જ્યારે પુણ્ય થઈ નથી જતું,કરવું પડે છે.

અમને બધાને બે રૂમમાં એડજસ્ટ કરતાં વિનમ્રતાથી પૂછ્યું ‘ફાવશે ને?’ એમને કેમ કહેવું કે તમારું આ પુણ્ય અમને કેટલું સારું લાગ્યું છે નહીં તો હાલત ધોબીનાં કૂતરા જેવી થઈ હોત.

એમના પત્નીનો સ્વભાવ પણ અતિ મળતાવડો હતો. મારાં અનેક લોહાણા જ્ઞાતિના મિત્રો છે અને ‘જલાબાપા’ની કૃપાથી મને બધાનો સારો અનુભવ છે.

પ્રેમથી નવી નવી વાનગીઓ અમને ખવડાવી પાછા કહે ‘શરમાશો નહીં’. અમે કલાકારો એટલે ગમે ત્યાં,ગમે તે અને કોઈ પણ સાથે પ્રેમથી ફાવી જાય. બધી જગ્યાએ બધું જોઈએ એવું ન મળે ત્યારે જે મળે એ ચલાવી લેવાની અમને આદત પડી ગઈ હોય છે.

એ દિવસે સાંજે બધાં જમ્યાં. એ પહેલાં અમને ત્યાંનાં એક-બે જોવાલાયક સ્થળો બતાવ્યાં. ટૂંકમાં આ માણસ હતો દીવા જેવો, વિચારે જ નહીં કે ઘર કોનું રોશન થયું.

બે દિવસ કેમ વીતી ગયા એ ખબર જ ન પડી. આ વખતે પાછું ઓછી સીટરનું ફ્લાઈટ ન આવે એવી પ્રાર્થના સાથે વહેલાં જ નીકળી ગયાં. વિદાય લેતાં કહ્યું કે ‘તમે અમારાં માટે ઘણું કર્યું. એમને આ વખાણ ન ગમ્યાં. કહે,’ મેં કંઈ નથી કર્યું. તમારા જેવા કલાકારોનો સંગ મારા જેવાને ક્યાંથી મળવાનો? આમ પણ જિંદગીમાં બે રીતે આગળ અવાય, એક કોઈનું કરીને અને બીજું કોઈના માટે કરીને.’ પછી મો પર હળવું હાસ્ય કર્યું. એમના ઉપકારનો આભાર માની અમે ફ્લાઈટમાં પ્રવેશ કર્યો.

સોરી-ટુ-સે, પહેલીવાર જોયું કે ફ્લાઈટ ખખડધજ હતી. ક્યાંક ક્યાંકથી પાણીના નાના-નાના ટીપા પણ ટપકતાં હતાં. થોડીવારમાં એનાઉન્સમેન્ટ ચાલુ થઈ.ફ્લાઈટ રન-વે પર ચાલવા લાગી અને એક જોરદાર ઝટકા સાથે ટેક-ઓફ થયું. ઝટકો એવો લાગ્યો કે બધા ધ્રુજી ઉઠ્યા. ■

**ડબલ રિચાર્જ**

*પત્નીથી મોટો કોઈ તહેવાર જ નથી હોતો, સાલું, દિવસમાં એકવાર તો મનાવવી જ પડે છે.*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# કોટ પર લોટઃ સિનેમામાં સ્માઈલની શરૂઆત

## ચિત્રપટના ઈતિહાસ જેટલો જ જૂનો ઈતિહાસ કોમેડી ફિલ્મોનો છે અને એનો જન્મ રંગભૂમિ પર જોવા મળેલી ક્લાસિકલ કોમેડીમાંથી થયો છે

હસવું સહેલું છે, હસાવવું અઘરું છે. હસવું અને હસતા રહેવાની પ્રકૃતિ મનુષ્યનું આગવું લક્ષણ છે. સામાન્યતઃ મનુષ્ય સિવાયનાં પ્રાણીઓમાં હસવાની વૃત્તિ અને હાસ્ય-વિનોદ માણવાની શક્તિ નથી હોતી. સિનેમામાં હાસ્ય એના ઉગમથી જ વણાયેલું છે.

વિશ્વ સિનેમામાં કોમેડી ફિલ્મનો પ્રારંભ ૧૩૦ વર્ષ પહેલા થયો હતો , જ્યારે આપણે ત્યાં એની શરૂઆતને ૧૧૨ વર્ષ થયા છે. આ વર્ષો દરમિયાન કોમેડી ફિલ્મોના કલેવરમાં ધરમૂળથી ફેરફાર જોવા મળ્યા છે. Slapstick Comedy (ચાર્લી ચેપ્લિન, પીટર સેલર્સ), Screwball Comedy (પુરુષના આધિપત્યને પડકારતી મહિલાના કારણે નિપજતી રમૂજ, It Happened One Night), Parody Comedy (કોઈ સ્વરૂપની ઠેકડી ઉડાડતી ફિલ્મો, મેલ બ્રુક્સની ફિલ્મો), Black Comedy (મૃત્યુ, હત્યા, યુદ્ધ જેવા વિષય પર વ્યંગ કરતી ફિલ્મો), Farce (પ્રહસન), Sitcom (પરિસ્થિતિને કારણે જન્મતો વિનોદ) સહિત બીજા પણ કેટલાક પેટા વિભાગ છે કોમેડી ફિલ્મોના.



પાઈપ પર પગ મૂકતો બાળક (ડાબે) અને પગ હટાવી લેતા પાણીનો ફુવારો માળીના ચહેરા પર...

વાત કરીએ સૌપ્રથમ પડદા પર નજરે પડેલી કોમેડીની. દ્રશ્ય કંઈક આવું છેઃ માળી બગીચામાં છોડવાઓને પાણી પાઈ રહ્યો છે. લીલુડી ધરતીની હરિયાળી અકબંધ રહે એ માટે જમીન પર પથરાયેલી ઘાસની ચાદર પર મોટા પાઈપ વાટે જળનો ફુવારો કરી રહ્યો છે. એના ચહેરા પર ગજબનો હરખ છે. એવામાં અચાનક એક બાળક દોડતો દોડતો આવે છે. બાળ સહજ શરારત, મસ્તીખોર સ્વભાવ ધરાવતો એ બાળક ઈરાદાપૂર્વક પાણીના પાઈપ પર પગ મૂકી જોરથી દબાવે છે. એટલે પાણી વહેતું બંધ થઈ જાય છે. પોતાના કામમાં લીન માળી અચાનક પાણી અટકી જતા વિચારમાં પડી જાય છે કે એકાએક જળ વર્ષા અટકી કેમ ગઈ? કુતૂહલવશ પાણી જ્યાંથી વહી રહ્યું હતું એ પાઈપનો છેડો પોતાના ચહેરા નજીક લાવી અંદર નજર નાખી પાણી અટકવાનું કારણ સમજવાની કોશિશ કરે છે. એ જ ક્ષણે બાળક પાઈપ દબાવી રાખેલો પગ ઊંચકી લે છે અને.. અને વેગથી આવતા પાણીમાં માળી જળબંબોળ થઈ જાય છે. દ્રશ્યની છેલ્લી કેટલીક સેકંડમાં માળી કાકા પેલા બાળકને પકડી એને ઠમઠોરવા દોડી રહેલા દેખાય છે. દ્રશ્ય પૂરું થાય છે અને આ સીન જોનારામાં હાસ્યનું મોજું ફરી વળે છે.

પડદા પરના પાણીના ફુવારાએ પડદા બહાર હાસ્યના મોજાને જન્મ આપ્યો અને એ સાથે સિનેમામાં હ્યુમર - રમૂજના શ્રી ગણેશ થાય છે. શારીરિક હરકતોને કારણે નિપજતી રમૂજ અંગ્રેજીમાં Slapstick Comedy તરીકે ઓળખાય છે. આ પ્રકારની રમૂજ કે વિનોદ સરળ, સીધી અને સ્વાભાવિક હોય છે. બાળક જે કંઈ કરી રહ્યો હતો એનું પરિણામ શું આવવાનું છે એ જાણતા હોવા છતાં આપણે બાળકોની જેમ હસવું રોકી નથી શકતા. આ મજેદાર સિક્વન્સ છે ૧૮૯૫માં ફ્રાન્સના લિઓન શહેરમાં ચિત્રીકરણ કરવામાં આવેલી લુઈ લુમિએરની ૪૦ સેકંડની ફ્રેન્ચ ફિલ્મ L'arroseur Arrosœ (અંગ્રેજી નામ The Waterer Watered - પાણી સીંચનાર પર જ પાણીનો મારો)ની. ચિત્રપટ ઈતિહાસની આ પ્રથમ કોમેડી ફિલ્મ તરીકે નોંધ ધરાવે છે.

બીજા ૧૮ વર્ષ પછી આપણા દેશમાં - ભારતીય ચલચિત્રમાં કોમેડી સીન પા પા પગલી માંડી પ્રવેશ કરે છે. ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકર અને ચિત્રપટ ઈતિહાસના અભ્યાસુના ગ્રુપ દ્વારા નોંધવામાં આવેલી આ હકીકત એ વાત પર પ્રકાશ પાડે છે. ધુંડીરાજ ગોવિંદ ફાળકે - દાદાસાહેબ ફાળકેએ ભારતની પ્રથમ ફીચર ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર' બનાવી ત્રીજી મે, ૧૯૧૩ના દિવસે રિલીઝ કરી હતી. આ ફિલ્મને જબરદસ્ત સફળતા મળવાના કારણે ફાળકે સાહેબે ફિલ્મ મેકિંગના માધ્યમમાં ઓતપ્રોત થઈ જવાનું નક્કી કર્યું. મોટા રિસ્ક સાથે તેમણે બીજું એક જોખમ પણ લીધું, લેવું પડ્યું એમ કહેવું વધુ યોગ્ય કહેવાય. મુંબઈમાં ફિલ્મ બનાવવા સાનુકૂળ વાતાવરણ નહીં મળે એવું લાગતા દાદાસાહેબએ ઓક્ટોબર મહિનામાં પોતાના વતન નાશિકમાં સ્થળાંતર કર્યું. નાશિક પહોંચી ત્રણ જ મહિનામાં બીજી પૌરાણિક ફિલ્મ 'મોહિની ભસ્માસુર' બનાવી બીજી જાન્યુઆરી, ૧૯૧૪ના દિવસે રિલીઝ કરી. આ ફિલ્મ જોવા માટે દર્શકોને આકર્ષણ થાય એ હેતુથી ફાળકે સાહેબે શોર્ટ ફિલ્મ 'પિઠાચે પંજે' - Hand Prints (લોટવાળા હાથના પંજાની છાપ) બનાવી. ભારતીય સિનેમાના પડદા પર કોમેડી સીનનો આ પ્રથમ પ્રયાસ હતો. કામવાળી સાથે શારીરિક સંબંધ બાંધવાની ઈચ્છા ધરાવતા કામુક પતિને રંગરેલીયા કરતો પત્ની પકડી પાડે છે એ વાત હતી. ફિલ્મમાં દર્શાવ્યા અનુસાર પત્ની શોપિંગ કરવા બહાર ગઈ હોય છે. વાસનાથી લોલુપ પતિ રસોડામાં લોટ બાંધી રહેલી કામવાળીને બાહુપાશમાં જકડી લે છે. અચાનક પત્નીનું આગમન થતા બંનેની લીલામાં ભંગ પડે છે અને જાણે કશું બન્યું નથી એમ પોતપોતાનાં કામમાં મશગૂલ થઈ જાય છે. જોકે, બંને જણ એ વાતથી અજાણ છે કે પતિના કોટ પર પાછળની બાજુએ લોટના નિશાન લાગી ગયા છે જે કામવાળી બાંધી રહી હતી. પતિના કોટ પર લોટ ચોંટ્યો હોવાનું પત્નીની નજરમાં આવી જાય છે અને આ બંને વચ્ચે શું ચાલી રહ્યું હતું એનો ખ્યાલ આવી જાય છે. બેદરકારીના કારણે વાસનાગ્રસ્ત જોડી રંગે હાથ પકડાઈ જાય છે. આ છે ભારતીય ચલચિત્ર ઈતિહાસમાં કોમેડીના પ્રારંભની સેમ્પલ શરૂઆત.

કોમેડી ફિલ્મનો એ પ્રકાર છે જેમાં હ્યુમર - રમૂજ - વિનોદને પ્રાધાન્ય આપવામાં આવે છે, કથામાં એના પર જોર મૂકવામાં આવે છે. સિનેમા જોવા આવેલા દર્શકોનું મનોરંજન થાય છે, તેમનું મન બહેલાવવાની કોશિશ થાય છે જેથી એ ખડખડાટ હસી શકે. થિયેટરની બહાર નીકળે ત્યારે એના ચહેરા પર સ્મિત હોય અને હસતે મોઢે ઘરે પાછો ફરે. ફિલ્મોના ઇતિહાસ જેટલો જ જૂનો ઈતિહાસ કોમેડી ફિલ્મોનો છે અને એનો જન્મ રંગભૂમિ પર જોવા મળેલી ક્લાસિકલ કોમેડીમાંથી થયો છે. મૂંગી ફિલ્મોના દોરની કેટલીક પ્રારંભિક ફિલ્મો સ્લેપસ્ટિક કોમેડી હતી જેમાં દ્રશ્યો રમૂજ પેદા કરતા હતા. આ કોલમમાં દર મહિને એક વાર કોમેડી ફિલ્મો અને કોમેડી કરતા કલાકારો વિશે વાત કરી વાચકોને એમના વિશે વાકેફ કરવાની કોશિશ કરવામાં આવશે. ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# સિનેમામાં નવા વિચારોની ખોટ કે સલામતીનો શોર્ટકટ?

## હોલિવૂડમાં નોસ્ટાલ્જિયા ઝિંદાબાદ

આજકાલ જો કોઈ હોલિવૂડ ટ્રેલર જુએ તો પહેલો જ વિચાર આવે છે, આ તો ક્યાંક જોયું નથી? લગભગ દરેક મોટો સ્ટુડિયો આજે એ જ રસ્તે છેઃ સિક્વલ, રીબૂટ, સ્પિન-ઓફ કે સિનેમેટિક યુનિવર્સ. 'ફ્રોઝન', 'ઇનસાઇડ આઉટ', 'જોકર', 'બીટલજ્યુસ બીટલજ્યુસ'..... આ બધું જાણીતું, બધું ફરી વખત. એવું લાગે કે હોલિવૂડ હવે નવું જોખમ લેતાં ડરે છે.




પહેલાં ફિલ્મમેકિંગમાં સ્ટોરીટેલિંગ સૌથી મોટું હથિયાર હતું. હવે બ્રાન્ડ છે. કોઈ પણ સ્ટુડિયો આજકાલ ફિલ્મ બનાવતાં પહેલાં એમ વિચારે છે કે ફિલ્મનું યુનિવર્સ કેટલું લાંબું ચાલશે. એ જ કારણ છે કે 'માર્વેલ', 'ડીસી', 'એવેટાર', 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ', 'મિશન ઇમ્પોસિબલ'; જેવી ફ્રેન્ચાઇઝ એક પછી એક સિક્વલ બનાવે છે. એ ફિલ્મ્સ કલેક્શન તો આપે છે, પણ સાથે સાથે નવા વિચાર માટે જગ્યા નથી રહેતી. જેમ 'ઇનસાઇડ આઉટ' આવ્યું, એમ લોકો ખુશ થયા કે તેઓ પોતાના બાળપણની યાદો સાથે ફરી જોડાઈ શકે છે , પણ ઘણા એમ પણ કહે છે કે એ ફિલ્મમાં ફક્ત એક જાણીતી દુનિયા ફરી દેખાડવામાં આવી હતી. એ જ સેફ ઝોનમાં હોલિવૂડ આજે છે. 'બેટમેન', 'સ્પાઇડરમેનઃ નો વે હોમ', 'ડોક્ટર સ્ટ્રેન્જ', જેવી ફિલ્મ્સમાં પણ એમ જ છે, થોડું નોસ્ટાલ્જિયા, થોડું સ્પેક્ટેકલ. હોલીવૂડ ફોર્મ્યુલા ફોલો કરતું વધુ થઈ ગયું છે. એટલે જે ફિલ્મ ચાલે, એની સિક્વલ બનાવો. જે નામ લોકપ્રિય હોય, એને ફરી રીબૂટ કરો. હા, અપવાદો છે. જ્યારે 'સિનર્સ' જેવી કોઈ ઓરિજિનલ ફિલ્મ આવી ત્યારે ક્રિટીક્સ અને ઓડિયન્સ સૌએ વાહ વાહ કરી. જેમ 'ઑપનહાઇમ'; કે 'બાર્બી'; જેવી ફિલ્મ્સે સંપૂર્ણ નવા દૃષ્ટિકોણથી વાર્તા કહી. બંને ફિલ્મ્સે બોક્સ ઑફિસ પર ધમાલ મચાવી. આ દર્શાવે છે કે લોકો નવી વાત સાંભળવા તૈયાર છે તો પણ મોટા સ્ટુડિયો માટે એ એક રિસ્ક છે. 'બાર્બી'; જેટલી હિટ થાય તેટલી 'ધ માર્વેલ્સ'; ફ્લોપ જાય, એટલે બધું ફરી સેફ ઝોનમાં પાછું.







હવે પ્રશ્ન એ છે કે ઑડિયન્સ આ બધું કેમ સ્વીકારી લે છે? એક કારણ એ છે કે લોકો હવે ફિલ્મને ઈવેન્ટ તરીકે નહીં, એક્સપીરિયન્સ તરીકે જુએ છે. એ પોતાના ફેવરિટ કેરેક્ટર્સને ફરી જોવા ઈચ્છે છે. ડિઝની માટે એનિમેશનને લાઈવ- ઍક્શનમાં રીમેક કરવાનું સૌથી મોટું કારણ એ જ છે કે લોકોનું પહેલેથી ઇમોશનલ કનેક્શન છે. જેમ કે 'ધ લાયન કિંગ', 'બ્યુટી એન્ડ ધ બિસ્ટ', 'અલાદીન' જેવી ફિલ્મ્સ હવે નવી ટેકનોલોજી અને વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સાથે ફરી રજૂ કરવામાં આવી રહી છે. ડિઝની જાણે છે કે દરેક નવા વર્ઝનમાં એક નોસ્ટાલ્જિયા ફેક્ટર તો રહેશે જ, પણ સાથે નવી જનરેશન માટે તે વિઝ્યુઅલી આકર્ષક પણ બનશે. એનિમેશન ફિલ્મ્સનું સૌંદર્ય એવું છે કે એ ટાઈમલેસ હોય છે, પણ હવે ડિઝની એના પરથી નવું કમર્શિયલ મેજીક તૈયાર કરી રહ્યું છે.

આજની પેઢી ઓટીટી પર રોજ નવી ફિલ્મ જુએ છે, પણ સિનેમા હોલમાં જવા માટે એને કંઈક મોટું કારણ જોઈએ. અને એ મોટું કારણ એટલે એક મોટું ફ્રેન્ચાઇઝ નામ. એટલે 'એવેન્જર્સ', 'જોકર', 'બેટમેન', 'જુરાસિક વર્લ્ડ', 'ડેડપૂલ'; જેવી ફિલ્મ્સ ક્રાઉડ ખેંચે છે. લોકો વિચાર કરે છે કે હું થિયેટરમાં પૈસા આપું છું, તો કંઈક ગ્રાન્ડ જ જોઉં. એ માઇન્ડસેટને કારણે મીડીયમ બજેટની, ઓરિજિનલ કોન્સેપ્ટવાળી ફિલ્મ્સ થિયેટર સુધી પહોંચી જ નથી શકતી. ઉદાહરણ તરીકે, 'ધ ક્રિએટર'; (૨૦૨૩) જેવી ઓરિજિનલ સાય-ફાઇ ફિલ્મને ક્રિટીક્સે વખાણી, વિઝ્યુઅલ્સ પણ શાનદાર હતા, પણ ઓડિયન્સે એમાં ઇન્ટરેસ્ટ ન દેખાડ્યો. કારણ? એ કોઈ ફ્રેન્ચાઇઝનો ભાગ નહોતી. બીજી બાજુ 'ડ્યુનઃ ભાગ ૨'; જેવી સિક્વલ ફિલ્મને જબરદસ્ત એટેન્શન મળ્યું, કારણ કે એ પહેલેથી જ એસ્ટેબ્લિશ્ડ હતી. એટલે કન્ટેન્ટ હવે સેકન્ડ પ્રાયોરિટી બની ગયું છે.

હોલિવૂડમાં ઘણા પ્રોડ્યુસર્સ કહે છે કે ઑડિયન્સ હવે કમ્ફર્ટ ઝોન એન્ટરટેઇનમેન્ટ ઈચ્છે છે. કોઈ નવી દુનિયા સમજવામાં કે નવા કોન્સેપ્ટ સ્વીકારતું નથી, પણ એ જ વાત ફિલ્મમેકિંગને ધીમે ધીમે પ્રેડિક્ટેબિલિટી તરફ લઈ જાય છે. તમે 'જ્યુરાસિક પાર્ક'ની કોઈ પણ નવી ફિલ્મનું ટ્રેલર જોતા પહેલા જ કહી શકો કે એક ટીમ ડાયનોસોર શોધવા નીકળશે, ડાયનોસોર મળશે પણ કાબૂ બહાર જશે અને અંતે બધું ઠીક થઈ જશે.

સવાલ એ છે કે, શું હોલિવૂડને હવે સર્જનાત્મક રીતે ફરી વિચારવાની જરૂર છે? શું એક સમયે જેમ ૭૦ના દાયકામાં 'ટેક્સી ડ્રાઇવર'; કે 'ધ ગોડફાધર'; જેવી ફિલ્મ્સ આવી હતી, એ સમય ફરી આવી શકે? આજે 'એ-૨૪'; જેવી ઇન્ડી પ્રોડક્શન કંપનીઝ બતાવે છે કે ઓરિજિનાલિટી હજી મરી નથી, ઓસ્કર વિનિંગ ફિલ્મ 'એવરીથિંગ એવરીવ્હેર ઑલ એટ વન્સ'; એ તેનો પુરાવો છે. એ ફિલ્મે ઓડિયન્સને બતાવ્યું કે એ ફ્રેન્ચાઇઝિંગ વગર પણ દુનિયા જીતી શકે છે.


ફિલ્મ ઈન્ડસ્ટ્રી આખરે ડ્રિમ ફેક્ટરી જ છે, પણ જો એ ફેક્ટરી એ જ સપનાં ફરી ફરી બતાવશે, તો એક દિવસ એ સપનાં જોનાર પણ થાકી જશે. હોલિવૂડ પાસે રિસોર્સિસ છે, ટેક્નોલોજી છે, અને સ્ટોરીટેલિંગની લેગસી પણ છે. સિનેમા ફક્ત કોમર્સ નથી, એ ઈમેજિનેશનનો ઉત્સવ છે. અને જો એ ઈમેજિનેશન જ ખૂટી ગઈ, તો પછી હોલિવૂડ પણ ફક્ત એક પ્રોડક્શન મશીન બની જશે, ડ્રિમ ફેક્ટરી નહીં! ■

**લાસ્ટ શોટ**

*'બ્યુટી એન્ડ ધ બીસ્ટ' લાઈવ-એક્શન રીમેકે બોક્સ ઑફિસ પર ૧.૨૬ બિલિયન ડોલર્સની કમાણી કરી હતી.*

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## દાદા સાહેબ ફાળકે કોના...?!



રાજમૌલી

'દાદા સાહેબ ફાળકે એવોર્ડ' કેન્દ્ર સરકાર આપે છે. આ એવોર્ડ ભારતીય સિનેમાને પોતાનું જીવન અર્પણ કરી દેનારા કલાકાર- કસબીઓને મળતો હોય છે. આ એવોર્ડ મેળવવો એ અતિશય સન્માનની વાત હોય છે, પરંતુ, અહીં આપણે દાદા સાહેબ ફાળકે એવોર્ડની સ્પર્ધા વિષે વાત નથી કરવાની. વાત એવી જાણવા મળી છે કે ભારતીય સિનેમાનાં જનક તરીકે ઓળખાતાં ફાળકે ઉપર સાઉથમાં પણ બાયોપિક બની રહી છે. ક્યૂં હિલા ડાલા ના? અત્યાર સુધી તો આપણને એટલો જ ખ્યાલ હતો કે રાજકુમાર હિરાણી આમિર ખાનને મુખ્ય ભૂમિકામાં લઈને દાદા સાહેબની બાયોપિક બનાવી રહ્યાં છે, પરંતુ હવે દશેરાના ફાફડા જેવી ગરમાગરમ માહિતી અનુસાર 'બાહુબલી' એસ. એસ. રાજામૌલી પણ આ જ વિષય પર તેલુગુમાં ફિલ્મ બનાવવા માટે ખાસ્સા આગળ વધી ચૂક્યા છે. જો હિરાણીની ચોઈસ આમિર છે તો રાજમૌલીની બે ચોઈસ છે. મુખ્ય રોલ માટે તેમણે પહેલાં જુનિયર એનટીઆરને પસંદ કર્યા હતા, પરંતુ એનટીઆર ડેટ્સ ન આપી શક્યા.

આથી 'એસએસઆર' ગયાં એમના ખાસમખાસ એવા પ્રભાસ પાસે, પણ પ્રભાસ સુદ્ધાં વર્ષનાં અંત સુધી ફ્રી નથી. આ બાજુ આમિરે હિરાણીને 'એમની રમૂજી સ્ટાઈલમાં' સ્ક્રિપ્ટ ફરીથી લખીને આવવાનું કહીને હિન્દી બાયોપિક પાછળ ધકેલી છે. આમ અત્યારે તો ઉત્તર અને દક્ષિણ બંને ફિલ્મ ઇન્ડસ્ટ્રી માટે દાદા સાહેબ ફાળકે દુર્લભ બની ગયાં છે એમ કહી શકાય.

## દીપિકા : યે ક્યા હો રહા હૈ..?




દીપિકા પદુકોણ આજકાલ ન્યૂઝમાં છે. જોકે, એને લગતાં બધાં ન્યૂઝ નેગેટિવ જ હોય છે. પહેલાં દીપિકાની શૂટિંગને અને પોતાની ફી ને લગતી કડક શરતોને લીધે તેને સંદીપ રેડ્ડી વંગાએ પોતાની આગામી ફિલ્મ 'સ્પિરિટ'માંથી કાઢી મૂકી હોવાની વાત આપણે જાણી હતી. ત્યારબાદ 'કલ્કિ'ના પ્રોડ્યુસર્સે પણ એમની સિક્વલમાં દીપિકાની મુખ્ય ભૂમિકા હોવા છતાં તેને રિપ્લેસ કરવાની જાહેરાત કરી. આ માટે પણ દીપિકાની શૂટિંગ માટેની કઠિન લાગતી શરતો જ જવાબદાર હતી.

હવે વારો આવ્યો છે એટલીની ફિલ્મનો. એટલી કુમાર જેમણે શાહરૂખ ખાનની ઈમેજ બદલી નાખતી ફિલ્મ 'જવાન' ડિરેક્ટ કરી છે. તેમણે અલ્લુ અર્જુન અને દીપિકા સાથે એક ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી. આ ફિલ્મનું નામ સહેજ અટપટું છે, પણ તોય જાણીલો... એટલીની આ ફિલ્મનું નામ છે AA22 x A6... . ના , આ કોઈ બીજગણિતનો દાખલો નથી, ફિલ્મનું નામ જ છે.

મુદ્દા પર પાછા વળીએ તો કાન એવું સાંભળી રહ્યાં છે કે આ ફિલ્મમાં પણ દીપિકાને નહીં, પરંતુ તેનાં રોલને રોલ કાપી નાખવામાં આવ્યો છે. હવે આમ કેમ થયું એ તો એટલી અને દીપિકાને જ ખબર, પરંતુ દીપિકાના માઠા દિવસો જરૂર ચાલુ થયા છે એ નક્કી. દીપિકા હાલમાં તો લંડનમાં શાહરૂખ સાથે 'કિંગ'નું શૂટિંગ કરી રહી છે એટલે હાલ તો કોઈ ચોક્ક્સ ખુલાસો મળશે નહીં . (આમેય આપણનેય એ ક્યાં જાણવાની ઘાય છે !)

## 'કાંતારા'નો કંટાળો





એટલે એવું નથી કે ફિલ્મ બરાબર નથી બની. જરાય એવું નથી, અત્યારે હિન્દી બેલ્ટમાં પણ 'કાંતારા' ધૂમ મચાવી રહી છે , પરંતુ દર્શકો તેની એક-બે ટેકનિકલ તકલીફોને લીધે કંટાળી ગયાં છે. પહેલી વાત તો એ કે આ ફિલ્મનું હિન્દી ડબિંગ ત્રીજી કક્ષાનું છે. મૂળ કન્નડ ભાષાનાં ડાયલોગ 'ગૂગલ ટ્રાન્સલેશનનો' ઉપયોગ કરીને હિન્દીમાં બોલી દેવામાં આવ્યાં હોય એવા ધડ-માથાં વગરનાં છે. બીજું, ફિલ્મમાં ઘણી જગ્યાએ ડાયલોગ ઉપર બેકગ્રાઉન્ડ મ્યુઝિક છવાઈ જાય કરે છે એથી નબળા ડાયલોગ વત્તા બરાબર ન સંભળાય... આવી અનેક ફરિયાદ દર્શકોએ સોશ્યલ મીડિયામાં કરી છે. આ ફિલ્મનાં અમુક સંવાદો તો સુરુચિ ભંગ કરે એવાં પણ છે (એટલીસ્ટ, હિન્દી ડબિંગની વાત કરીએ તો). થાંભા ... ઔર અભી રુકો... ફિલ્મમાં જ્યાં જ્યાં મૂળ કન્નડ અથવા તો તુલુગુ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યાં સબટાઈટલ બિલોરી કાચ લઈને વાંચવા પડે એટલાં નાનાં છે. એક-બે જગ્યાએ તો સ્પેનિશ વ્યાપારી પાસે સ્પેનિશ બોલાવવામાં આવી છે અને એનાં સબટાઈટલ પણ વાંચી શકાય એવાં નથી. આ તકલીફ મૂળ 'કાંતારા' ફિલ્મ જે બે વર્ષ પહેલાં આવી ગઈ તેમાં પણ જોવા મળી હતી. (છતાં નિર્માતા સુધર્યા નહીં !) હા, આમ છતાં ત્યારે ફિલ્મ ચાલી એનાં વિષય અને એની રજૂઆતને કારણે... ■

**કટ એન્ડ ઓકે...**

*AI ની મદદથી વિવિધ ચેનલો પર ફરતાં Deepfake વીડિયોઝને લઈને કોઈ નક્કર કાર્યવાહી ન કરતાં યુટ્યુબ પર અભિષેક અને ઐશ્વર્યા બચ્ચને ૪ કરોડનો દાવો માંડ્યો છે.*

## પ્રકરણ-૨૮

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

'...પણ જંગલમાં ડ્રગ્સ આવ્યું ક્યાંથી? અને ડૉક્ટર મંદિરાને તેની સાથે શી લેવાદેવા?' આરે હૉસ્પિટલના ડૉ. મૃત્યુંજય હિરેમઠ ફોન પર વાત કરતી વખતેય ટેન્શનમાં જણાતા હતા.

સલ્લુના પગમાંથી મળેલી મેટલ પ્લૅટની તપાસ ડૉ. વિશ્વાસ ભંડારી અને આરે હૉસ્પિટલની ડૉ. મંદિરા આસપાસ ચક્કર લગાવી રહી હતી. આ ચકડોળમાં વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરનું પણ નામ અટવાયું હતું.

આ કેસમાં વધુ જાણકારી મેળવવા ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલે ડૉ. ભંડારી અને ડૉ. મંદિરાને પોલીસ સ્ટેશને આવવા કૉલ કર્યા હતા. ગોહિલે જાણે બૉમ્બ ફેંક્યો હોય તેમ ડૉ. ભંડારી હચમચી ઊઠ્યા હતા અને આ અંગે ચર્ચા કરવા તેમણે ડૉ. હિરેમઠને ફોન કર્યો હતો.

'જંગલમાં દાટેલાં શબની તપાસનું ભૂત હજુ માથે ધૂણે છે ત્યાં ડ્રગ્સનો પિશાચ વળગ્યો... પણ ડ્રગ્સની લૅબોરેટરી શરૂ કોણે કરી?' ડૉ. હિરેમઠે ફરી એ જ સવાલ થોડો ફેરવીને કર્યો.

'મને શી ખબર... હું તો નાહકનો ફસાઈ ગયો!' ડૉ. ભંડારી પણ માનસિક તાણમાં હતા.

'ડૉ. મંદિરાને આમાં ખોટી રીતે સંડોવવામાં આવી છે. મને વિશ્વાસ છે કે એ આવું કાર્ય કરે જ નહીં... એને ડ્રગ્સ સાથે શી લેવાદેવા?' ડૉ. હિરેમઠે ડૉ. મંદિરાનું ઉપરાણું લીધું.

ડૉ. મંદિરાનું નામ સાંભળીને આટલી કપરી પરિસ્થિતિમાંય ડૉ. ભંડારીના કાનમાં ઘંટડીઓ રણકી ઊઠી અને આંખ સામે સુંદર દૃશ્ય ઊપસી આવ્યું. તેમણે શરીરમાં હળવી ઝણઝણાટી પણ અનુભવી.

'એ તો હુંય જાણું છું કે ડૉક્ટર મંદિરા આવાં ગેરકાયદે કામોમાં કોઈને સાથ ન આપે, પણ ઈન્સ્પેક્ટર ગોહિલે અમને બન્નેને પૂછપરછ માટે બોલાવ્યા છે એનું શું?' ભંડારીએ કહ્યું.

'પૂછપરછ? પણ ડૉક્ટર મંદિરા કહેતી હતી કે ગોહિલને કેસ સંબંધી માહિતી... વિગતો જોઈએ છે!'

'એ તો કહેવાનું હોય, ડૉક્ટર... માહિતીને બહાને ગોહિલ આકરી પૂછપરછ કરવાનો હશે. પોલીસની ભાષાને થોડી સમજો!' ડૉ. ભંડારી ગોહિલની ચાલાકી સમજી ગયા હતા. ગોહિલે માત્ર વિગતો આપવાને બહાને બન્નેને બોલાવ્યા હતા.

'ગોહિલે મને પણ એવું જ કહ્યું છે કે તપાસમાં તમારા સહકારની અપેક્ષા છે, જેથી કેસ વહેલો ઉકેલવામાં મદદ મળી શકે!' ભંડારીએ કહ્યું.

'ઠીક છે... બોલાવ્યા છે તો જઈ આવો. ગોહિલની સહકારની ભાવના હશે તો આપણે સાથ આપીશું, નહીંતર...' ડૉ. હિરેમઠ અટક્યા.

'જો તેણે ત્રાસ આપવાનું નક્કી કર્યું હશે તો આપણે પણ બાંયો ચઢાવવી પડશે!' ડૉ. ભંડારીએ વાક્ય પૂરું કર્યું.

'ભલુ કરવાનો તો જમાનો જ નથી! દરદીને યોગ્ય માર્ગદર્શન આપવું પણ હવે ગુનો બની ગયો છે!' ડૉ. હિરેમઠ બબડ્યા.

'ડૉક્ટર મંદિરાએ તો માત્ર અંધેરીની હૉસ્પિટલમાં ઑપરેશન કરાવવાનું સલ્લુને સૂચવ્યું હતું.' ડૉ. હિરેમઠે જણાવ્યું.

'મેં પણ તો વિધાનસભ્ય ગુલાબજાંભુના ભલામણ પત્રને આધારે અમારા ટ્રસ્ટમાંથી આર્થિક મદદ પૂરી પાડી હતી. મને ક્યાં ખબર હતી કે આવું ભોપાળું થશે!'

'આશ્ચર્યની વાત છે... વિધાનસભ્ય જાંભુળકર આ સલ્લુને ઓળખતા હતા? ડ્રગ્સનો કારોબાર કરનારા સાથે તેમને શો સંબંધ?' ડૉ. હિરેમઠના પ્રશ્નોથી ડૉ. ભંડારી પણ નિ:શબ્દ હતા!

* * * *

'ભાઈજી... આદેશ આપો. હવે શું કરવાનું છે?'

દિવસ પછી રાતેય જંગલ ખૂંદી વળ્યા છતાં શેતાન હાથ ન લાગતાં યુવાનો યુનિટ પચીસના મુખિયા જુગલ મેશ્રામના નવા આદેશની રાહ જોતા હતા.

'શાંતિ રાખો... અત્યારે કંઈ કરવાનું નથી!' યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામે કડક શબ્દોમાં કહ્યું.

'કંઈ તો કરવું પડશે. આપણું જંગલ ગેરકાનૂની કામોનો અડ્ડો બનતું જાય છે!' મેશ્રામે મોટા અવાજે કહ્યું.

'તમે આમેય ઘણું બધું કરી નાખ્યું છે. તાંત્રિક-બાબાઓને ફટકાર્યા... આરેમાં ફરવા આવનારા સહેલાણીઓને ત્રાસ આપ્યો... સ્ટૉલવાળાઓને ધમકાવ્યા... ભિખારીઓને ઠમઠોર્યા... હજુ કંઈ બાકી છે?' ટેકામે મેશ્રામની ટીમનાં કાર્યોનો હિસાબકિતાબ માંડ્યો.

'પ્રેમથી પૂછવાથી કોઈ સાચું બોલતું નથી... થોડા આકરા બનવું જ પડે છે!' મેશ્રામે બચાવ કર્યો.

'આખા જંગલમાં રોફ જમાવતો ફરે છે, પણ બાજુના પાડામાં શું ચાલે છે એની જાણ નથી!' યુનિટ-૧૬ના મુખિયા ભાસ્કર કડુએ મેશ્રામને સંભળાવવાની તક ઝડપી લીધી.

'એટલે?'

'ડ્રગ્સની દુકાન ક્યાંથી મળી? પહેલાં કેમ તે નજરે ન ચડી?' કડુએ કડવા સવાલ કર્યા.

'પહેલું તો... એ ડ્રગ્સની દુકાન નથી અને... બીજું, ત્યાંના રહેવાસીઓ ડ્રગ્સના કામકાજથી અજાણ હતા તો મને કઈ રીતે ખબર પડે?' મેશ્રામ વીફર્યો.

'એ જ તો હું કહેતો હતો કે ગુનેગાર ગાઈ-વગાડીને ગુનો આચરતા નથી... તેમ છતાં જમીનમાં દટાયેલાં શબ મળ્યા ત્યારે મારા માથે માછલાં ધોયાં હતાં!' કડુએ સંભળાવવાનું ચાલુ રાખ્યું.

'મહેરબાની કરીને આપસમાં વાદ-વિવાદ બંધ કરો અને ગંભીરતાથી આપણા જંગલની સમસ્યાઓ વિશે વિચારો.' વડીલ મુખિયા ટેકામે બન્નેને શાંત પાડતાં મુદ્દાની વાત પર આવવા કહ્યું.

'હું જંગલની સુરક્ષા માટે જ કહું છું કે શેતાનને શોધો!' મેશ્રામે ફરી જૂનું ગાણું ગાવા માંડ્યું.

'શેતાન જેવું કોઈ છે જ નહીં... આટલા દિવસથી તમે પ્રયત્ન કરો છો... શું હાથ લાગ્યું?' ટેકામે સમજાવ્યું.

'આ શેતાની દિમાગવાળા માણસોનું કામ છે... આવા લોકોને શોધીને તેમનાં ભેજાં કાઢી લેવાં જોઈએ!' કડુએ જોખમી માર્ગ બતાવ્યો.

'મને લાગે છે, આ બધું કારસ્તાન પેલા સલ્લુનું હોવું જોઈએ.' મેશ્રામે આશંકા વ્યક્ત કરી.

'હા, પણ એ તો મરી ગયો છે!'

'એ ગયો, પણ એના માણસો... સાથીઓ તો છેને!'

મેશ્રામે કોયતો ઊંચો કરતાં કહ્યું: 'એ હરામખોરો જંગલમાં જનાવરોની જેમ રખડતા હશે... એને શોધી કાઢો!'

'જી... ભાઈજી..!'

'હા, પણ તેમની સાથે મારપીટ કરવાની જરૂર નથી.' ટેકામે સમજાવ્યા.

> **ગુનેગાર ગાઈ-વગાડીને ગુનો આચરતા નથી... તેમ છતાં જમીનમાં દટાયેલાં શબ મળ્યા ત્યારે મારા માથે માછલાં ધોયાં હતાં!**

'એ લોકોને બધાની સામે સજા આપીને જંગલમાં જ દાટી દઈશું!' મેશ્રામ સમજે એવો નહોતો.

'જી... ભાઈજી!'

* * * *

સામે બેસેલા ગોહિલ, કદમ અને શિંદેને ડીસીપી સુનીલ જોશી વારાફરતી જોતા હતા. ત્રણેય અધિકારીની નજર પણ જોશીના ચહેરા પર તકાયેલી હતી. ખાસ્સી વાર સુધી ડીસીપી કંઈ બોલ્યા નહીં. કદાચ ચર્ચાની શરૂઆત ક્યાંથી કરવી એની અવઢવમાં હતા.

'તમે ડૉક્ટર ભંડારી અને ડૉક્ટર મંદિરાને પૂછપરછ માટે બોલાવ્યાં છે?' ડીસીપીએ આખરે મૌન તોડ્યું.

આમ અચાનક મીટિંગ માટે ડીસીપીએ બોલાવવા પાછળનું કારણ ગોહિલને હવે સમજાયું. સવારે ડરામણા સપનાને કારણે એ ઊંઘમાંથી જાગ્યો ત્યારે ખાસ્સું મોડું થઈ ગયું હતું. ઉતાવળે આરે જવા માટે નીકળે તે પહેલાં ડીસીપીએ મેસેજ કરીને તેને ટીમ સાથે તાત્કાલિક બોલાવ્યો હતો. બપોરે મીટિંગનો ટાઈમ નક્કી કરી કદમ અને શિંદે સાથે તે ડીસીપી ઑફિસ પહોંચ્યો હતો.

'સર, પૂછપરછ નહીં... માત્ર વિગતો પ્રાપ્ત કરવી છે!' ગોહિલે કહ્યું.

'ગોહિલ... આ બધા પેંતરા મને ન શિખવાડ... સીધેસીધું કહો કે શા માટે પૂછપરછ કરવી છે?'

'સર, જંગલમાંથી મળેલી એક લાશ સલ્લુ ઉર્ફે સલીમ શેખની છે, જેના પગમાંથી મેટલ પ્લૅટ મળી હતી.'

ગોહિલે શબ્દો ગોઠવવા માંડ્યા: 'એ મેટલ પ્લૅટ બેસાડવાનું ઑપરેશન અંધેરીની હૉસ્પિટલમાં કરાવવા ડૉક્ટર મંદિરાએ સલ્લુને સલાહ આપેલી.'

'તો?'

'તો... ડૉક્ટર મંદિરા સલ્લુને કઈ રીતે ઓળખે છે અને તેની અન્ય વિગતો જોઈતી હતી.' ગોહિલે સમજાવ્યું.

'આ જાણકારી તો આરે હૉસ્પિટલમાં જઈને પણ લઈ શકોને? હૉસ્પિટલ તો નજીકમાં જ છે!' જોશીએ માર્ગ બતાવ્યો.

'સર... એક વાર એવો પ્રયત્ન કર્યો હતો... મંજરીની લાશ મળ્યા પછી જાણકારી પ્રાપ્ત કરવા હૉસ્પિટલમાં આપણી ટીમ ગઈ હતી, પણ તે સમયે ડૉક્ટર મંદિરાનું વર્તન જક્કી હતું. તપાસમાં તેમણે સહકાર આપ્યો નહોતો.' એપીઆઈ પ્રણય શિંદેએ કહ્યું.

'એ ટીમ લઈને કોણ ગયું હતું?' જોશીએ ગોહિલ તરફ જોયું.

ગોહિલે શિંદે તરફ નજર ફેરવી એટલે જોશી સમજી ગયા.

'...તો પછી સહકાર ક્યાંથી મળે...' જોશીએ શિંદેને જોતાં કહ્યું: 'તારા રેકોર્ડથી હું પરિચિત છું... મોં કરતાં હાથેથી વધુ વાત કરે તો કોણ સરખો જવાબ આપે!'

શિંદેના બાવડા ગરમાયા, પણ ડીસીપીનો કાંઠલો થોડી પકડાય? તેણે ગુસ્સો દબાવી નજર ઝુકાવી દીધી.

'ડૉક્ટર હિરેમઠ પણ પોલીસ સ્ટેશને આવીને તમને મળી ગયાને... શું ફાયદો થયો?' જોશીએ પ્રશ્ન કર્યો.

'સર, એવું નથી... તે સમયે માત્ર મંજરીને લગતી પૂછપરછ કરવી હતી. હવે સલ્લુની અને પેલી યુવતીની પણ ઓળખ મળી રહી છે!' ગોહિલે રહસ્ય ખોલ્યું.

'કોણ? જેના શરીરનાં ઘણાં અંગ ગુમ હતાં અને બૉડીમાંથી ડ્રગ્સના અંશ મળ્યા હતા એ યુવતી?'

'હા... સર! એ જોગેશ્વરીમાં ક્યાંક રહેતી હતી. મહિલા કોન્સ્ટેબલ સાથે સબ-ઈન્સ્પેક્ટર બંડગર ગયો છે વધુ તપાસ માટે!'

'ઠીક છે, પણ ડૉક્ટરોની પૂછપરછ સંયમથી કરજો... બબાલ થઈ શકે છે!' ડીસીપીએ ચેતવ્યા.

'સર, આ યુવતી અને સલ્લુ... બન્નેને ડ્રગ્સ પ્રકરણ સાથે સંબંધ છે. એ જ રીતે ડૉક્ટર મંદિરા અને ડૉક્ટર ભંડારીનું પણ કનેક્શન મળ્યું છે!' ગોહિલ જાણે રહસ્યસ્ફોટ કરતો હતો.

'એટલે?'

'સલ્લુને અંધેરીની હૉસ્પિટલમાં ડૉક્ટર મંદિરાએ મોકલ્યો હતો, પણ ઑપરેશનની ફી ડૉક્ટર ભંડારીના કહેવાથી તેમના ટ્રસ્ટે ચૂકવી હતી!' કદમે ધડાકામાં ઉમેરો કર્યો.

જોશી આશ્ચર્યથી કદમને જોતા હતા એટલે કદમે જ વધુ મોટો ધડાકો કર્યો:

'એથી ચોંકાવનારી માહિતી એટલે, સર... વિધાનસભ્ય જાંભુળકરના ભલામણ પત્રથી આ બધું થયું!'

થોડી વારની શાંતિ પછી જોશી બોલ્યા: 'આ કેસ સંવેદનશીલ સાથે હાઈ પ્રોફાઈલ બની રહ્યો છે... ગોહિલ. સાવચેતીથી ડગ માંડજો. કોઈને આગ ચાંપવાનો મોકો ન મળવો જોઈએ!'

'અને અત્યારના તબક્કે વિધાનસભ્યને ભૂલી જાવ... તેમનું નામ બહાર ન આવવું જોઈએ... ખાસ કરીને મીડિયામાં! માત્ર ડૉક્ટરો સુધી તપાસ સીમિત રાખો.' જોશીએ ખાસ સૂચના આપી.

'જંગલમાંથી મળેલાં શબ અને ડ્રગ્સ... આમાં કઈ કડી ખૂટે છે એ જ સમજાતું નથી!'

જોશી થોડું વિચારીને બોલ્યા: 'ગોહિલ, આ બધી હત્યા ડ્રગ્સ માટે થઈ હશે? તો પછી શરીરમાંથી અંગ ક્યાં ગાયબ થયાં?'

પછી સૌથી મોટો ધડાકો જોશીએ જ કર્યો: 'એવું તો નથીને કે શબમાં ડ્રગ્સ ભરીને તેની હેરફેર કરાતી હતી?' (ક્રમશ:)■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| हंगामा | મશ્કરો |
| हँसोड | ટપાલી |
| हकलाना | શાસન |
| हकूमत | તોફાન |
| हलकारा | તોતડાવું |

### ઓળખાણ પડી?

શ્યામ બેનેગલની સમાંતર પ્રવાહની ફિલ્મોથી શરૂઆત કરી કમર્શિયલ ફિલ્મ 'શાન'માં ખલનાયકનો રોલ કરનારા એક્ટરની ઓળખાણ પડી?



અ) મનમોહન બ) ઈફ્તેખાર ક) અમરીશ પુરી ડ) કુલભૂષણ ખરબંદા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ સ્ફો | ટ | ■ | ૩ ધ | રા | ૪ ત | ૫ લ | ■ | ૬ ભ |
| ૭ ક | ટ | ■ | ૮ વિ | રા | ■ | ૯ લ | ડ | વા | ડ |
| ૧૦ ટ | ક | ૧૧ ટ | ક | ■ | ૧૨ અ | ભા | વા | ■ | કા |
| ■ | ■ | ૧૩ ક | રા | ળ | ■ | ર | ■ | ૧૪ કા | મ |
| ૧૫ રો | ■ | ૧૬ રા | ળ | ■ | ૧૭ સ | ■ | ■ | ■ | ણી |
| ૧૮ જ | ડા | વ | ■ | ૧૯ સ | મ | યા | ૨૦ ચા | ૨૧ ર | ■ |
| ગા | ■ | ■ | ૨૨ ચં | ડી | કા | ■ | ૨૩ હ | જા | ૨૪ રો |
| ૨૫ ર | જા | ૨૬ મં | દી | ■ | ૨૭ લી | ખિ | ત | ■ | જ |
| ■ | ■ | થ | ■ | ૨૮ કા | ન | ■ | ■ | ૨૯ ના | મે |
| ૩૦ ક | ટ્ટ | ર | પં | થી | ■ | ૩૧ પ | ર | વ | ળ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | | ■ | ■ | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | | ૧૨ | | |
| | ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | |
| ■ | ૧૫ | ૧૬ | | | | | ■ | ૧૭ | |
| ૧૮ | | | | ■ | ૧૯ | | ૨૦ | | ■ |
| | ■ | | ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ |
| ૨૪ | ૨૪-અ | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | |
| ૨૭ | | ૨૮ | ■ | | | ૨૯ | | ■ | |
| ૩૦ | | | ■ | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. વસાહતને લગતું (૪)
૪. કાયદા પ્રમાણે (૫)
૭. લોકોના ફાયદા માટે (૪)
૯. કાર્ય (૨)
૧૦. ભેદ, રહસ્ય (૩)
૧૧. ---, જમીન ને જોરૂ એ ઝઘડાનાં છોરુ (૨)
૧૨. પૂજન પછી --- ઉતારો (૨)
૧૩. ગુપ્તચર, જાસૂસ (૨)
૧૪. સાહેબ (૨)
૧૫. દુર્ઘટના (૪)
૧૭. --- વાંઠો ના થવો એટલે ઇજા ના થવી (૨)
૧૮. ઋણી (૪)
૧૯. માગ, ડિમાન્ડ (૪)
૨૨. ત્યારે (હિન્દી) (૨)
૨૪. રોજ (૨)
૨૫. બુદ્ધિ સંબંધી (૩)
૨૬. મવાલી (૩)
૨૭. મૃત્યુ પછીની વિધિ (૩)
૩૦. જૈનો--- કાંદા ના ખાય (૩)
૩૧. અણિયાળું (૪)

**ઊભી ચાવી**

૧. પન્નાલાલ પટેલની જાણીતી નવલકથા (૪)
૨. પચાવવું તે (૩)
૩. ત્રણ (૨)
૪. કાપડને કાપે (૩)
૫. હા પાડવી તે (૩)
૬. રમતમાં જ ચિત્તવાળું (૫)
૮. સ્થળાંતર કરવું તે (૪)
૧૨. ૧૦૦ ચોરસ મીટર (૨)
૧૩. કપડું ફાટવાનો અવાજ (૩)
૧૪. સગવડ (૪)
૧૫. આપણા --- પર બધો આધાર છે (૨)
૧૬. અણસમજુ (૩)
૧૭. પ્રિય, મનગમતા (૨)
૧૮. દેશમાંથી કાઢી મૂકવું તે (૫)
૨૦. નાનો બાળક (૩)
૨૧. બુદ્ધિવાળુ (૪)
૨૩. જોરવાળું (૪)
૨૪અ. પ્યાસ (૩)
૨૮. વ્યક્તિ, માણસ (૨)
૨૯. વિઘ્ન, માનતા, આખડી (૨)

### ગુજરાત મોરી મોરી રે

'શોલે'ના ગબ્બર સિંહના રોલથી ખ્યાતિ મેળવનારા અમજદ ખાને ઉપેન્દ્ર ત્રિવેદી સાથે કઈ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું એ જણાવો.

અ) માનવીની ભવાઈ બ) જોગીદાસ ખુમાણ
ક) વીર માંગડાવાળો ડ) રાજા ભરથરી

### જાણવા જેવું

શેખર કપૂર દિગ્દર્શિત યાદગાર ફિલ્મ 'મિસ્ટર ઈન્ડિયા'માં મોગેમ્બોનો રોલ અમરીશ પુરીએ કર્યો હતો. જોકે, આ રોલ પહેલા અનુપમ ખેરને ઓફર થયો હતો, પણ અનિલ કપૂરના કહેવાથી એમના નામની બાદબાકી થઈ ગઈ હતી. સલીમ - જાવેદની રિલીઝ થયેલી આ છેલ્લી ફિલ્મ હતી.

### સુડોકુ-૯૧૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૯ | ૭ | | ૧ | | |
| ૭ | | | ૩ | | | | | ૫ |
| ૫ | | ૩ | | | | | ૭ | |
| | | ૪ | ૨ | | | | | |
| | | ૧ | ૭ | | ૪ | ૨ | | |
| | | | | | ૧ | ૯ | | |
| | ૫ | | | | | ૪ | | ૮ |
| ૮ | | | | | ૩ | | | ૯ |
| | | ૬ | | ૮ | ૯ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૪ | ૯ | ૭ | ૮ | ૩ | ૧ | ૨ | ૬ | ૫ |
| ૬ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ | ૪ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૯ | ૬ | ૫ | ૩ | ૭ |
| ૯ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૭ | ૬ | ૫ | ૯ | ૧ | ૪ | ૩ | ૨ | ૮ |
| ૧ | ૩ | ૯ | ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૬ |
| ૮ | ૨ | ૪ | ૭ | ૬ | ૩ | ૧ | ૫ | ૯ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ટેલીવિઝન ધારાવાહિક અને દેશી - વિદેશી ફિલ્મોના પ્રભાવી એક્ટર ઈરફાન ખાને માધુરી દીક્ષિતની કઈ ફિલ્મમાં કામ કર્યું હતું?

અ) ચમકુ બ) આજા નચલે ક) ડેઢ ઈશ્કિયા ડ) બિલ્લુ

### નોંધી રાખો

સ્વભાવ કાયમ સૂર્ય જેવો રાખવો જોઈએ. ઊગીને અજવાળા પાથરવાનું અભિમાન નહીં કે સંધ્યાકાળ થતા ડૂબી જવાનો કોઈ ડર નહીં.

### માઈન્ડ ગેમ

પુત્ર આર. ડી. બર્મનનું સંગીત હતું એમાંથી કઈ ફિલ્મમાં સચિન દેવ બર્મને એક ગીત ગાયું હતું એ નામ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) જવાની દીવાની બ) પરાયા ધન
ક) અમર પ્રેમ ડ) આરાધના

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| અમે મહિયારા રે | ગોકુળ ગામના |
| રાત જાગીને જાય છે | આંખ મીચું તો સપનાં દેખાય |
| પંખીડા તું ઉડી જાજે | પાવાગઢ રે |
| વાવડીનાં પાણી ભરવા ગ્યા'તાં | મને કેર કાંટો વાગ્યો |
| તને જતા જોઈ પનઘટની વાટે | મારું મન મોહી ગયું |

ગુજરાત મોરી મોરી રે: સુરેન્દ્રનગર

ઓળખાણ પડી?: નાશિક

માઈન્ડ ગેમ: પરશુરામ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કેસર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ભારતી બુચ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) પુષ્પા પટેલ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) હર્ષા મહેતા (૧૬) વિપીન શાહ (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પ્રવીણ વોરા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) મહેશ દોશી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) નયના મિસ્ત્રી (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) અંજુ ટોલિયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) નિતીન જયંતિલાલ બજરિયા (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) ડૉ. પ્રકાશ કટકિયા (૪૩) ધીરેન્દ્ર મુલરાજ (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ સંઘવી (૪૭) હિંમતલાલ પુરુષોત્તમ ખોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) ફના.... આમિર ખાન - કાજોલ, ૨) હિમાલય કી ગોદ મેં ... - મનોજ કુમાર -માલા સિન્હા ૩)કહો ના પ્યાર હૈ ... હૃતિક રોશન - અમિષા પટેલ, ૪)પેઇંગ ગેસ્ટ... નૂતન, ૫)યસ બોસ.... શાહરૂખ ખાન, ૬)હમ કિસીસે કમ નહીં ....રિશી કપૂર, તારીક શાહ, કાજલ કિરણ, ૭) સ્વીકાર કિયા મૈને... વિનોદ મેહરા - શબાના અઝમી

**ક્વિઝ (બ)** ૧) ગૈર કાનૂની, ૨) ખુશ્બુ, ૩) શોલા ઔર શબનમ, ૪) કીર્તિ કુમાર, ૫) રાધા કા સંગમ, ૬) સંજય દત્ત, ૭) સલમાન

**ફિલ્મનામા**
**નરેશ શાહ**

# બચ્ચન-ઘઈની ‘દેવા’ ડબ્બામાં કેમ ગઈ?

## શો-મેન સર્જક અને સુપરસ્ટાર-ઍંગ્રી યંગમેનની ડેડલી કોમ્બિનેશનવાળી ‘દેવા’ ફિલ્મના બાળમરણ પાછળની કથા

બોલિવૂડમાં દર વર્ષે જેટલી પણ રિલીઝ થાય છે એનાથી અડધી ફિલ્મો તો અડધીપડધી બનીને ડબ્બામાં પુરાઈ જાય છે યા તેનું બાળમરણ થઈ જાય છે અને ફિલ્મ ઈન્ડ્રસ્ટ્રીઝને તેની બહુ નવાઈ પણ નથી થતી, પરંતુ એક ફિલ્મ એવી છે કે જે બની નહીં. તેનો વસવસો આજે પણ તમામ સિનેમાના જાણકાર લોકોને છે.

એ ફિલ્મ હતી અમિતાભ બચ્ચન સ્ટારર ‘દેવા’. શો મેન સુભાષ ઘઈ એ ફિલ્મ પોતાના બેનર હેઠળ અને નિર્દેશનમાં બનાવવાના હતા. ‘વિધાતા’ અને ‘કર્મા’ જેવી તગડી સક્સેસવાળી ફિલ્મ બનાવ્યા પછી સુભાષ ઘઈને થયું કે, તેમણે મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન સાથે કામ કરવું જોઈએ અને બચ્ચન-ઘઈ સાથે કામ કરે એ વાત માત્ર ફોનમાં થયેલી વાતચીતમાં જ નક્કી થઈ ગયું. બચ્ચન સાથે નક્કી થયા પછી સુભાષ ઘઈ બેંગ્લોર ચાલ્યા ગયા અને ‘બેસ્ટ વેસ્ટર્ન હોટેલ’માં એક મહિનો રોકાઈને તેમણે ‘દેવા’નો ફાઈનલ ડ્રાફટ તૈયાર કરી લીધો. ઘઈ માટે ‘કાલીચરણ’ પછી ‘દેવા’ બીજી એવી ફિલ્મ હતી કે જે હીરોને ધ્યાનમાં રાખીને લખાઈ હતી.


‘દેવા’ પહેલાંની તમામ ફિલ્મો લખ્યાં પછી સુભાષ ઘઈએ વાર્તાના કિરદારો માટે અભિનેતાઓ પસંદ કર્યા હતા, પણ સુપરસ્ટાર બચ્ચનની વાત જુદી હતી. બમ્બૈયા ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં આ વાતની અનાઉન્સમેન્ટ સાથે રોમાંચ ફેલાઈ ગયો હતો કે બચ્ચન-ઘઈ પહેલી વખત એક સાથે કામ કરી રહ્યા છે. ટ્રેજેડી કિંગ દિલીપકુમારે ‘દેવા’ ફિલમના મુહૂર્તનો કલેપ શોટ આપ્યો ત્યારે ફિલ્મની સ્ટારકાસ્ટ નક્કી થઈ ગઈ હતીઃ અમિતાભ બચ્ચન, રાજકુમાર, શમ્મી કપૂર, મિનાક્ષી શેષાદ્રી અને ઈલા અરૂણ.

– અને એકાદ શૂટિંગ શેડયુલ પૂરું થયા પછી સુભાષ ઘઈએ જાહેરાત કરી દીધી કે, ‘દેવા’ ફિલ્મ હું બનાવવાનો નથી!’

આ સમાચારથી રીતસર ધ્રુજારો ફેલાઈ ગયો હતો ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં અને સાચી-ખોટી વાતોના આફટરશોકસથી ગ્લેમર વર્લ્ડ ઉભરાઈ ગયું હતું. મોટાભાગની વાતોનો સૂર એવો હતો કે શો-મેન અને સુપરસ્ટારના ઈગો કલેશને કારણે ‘દેવા’ ફિલ્મ કોમામાં ચાલી ગઈ.

‘દેવા’ ડબ્બામાં ૧૯૮૭-૮૮માં પુરાણી, તેને આજે આડત્રીસ વરસ થઈ ગયા છે પણ ‘દેવા’ ફિલ્મ ન બની તેનો ચચરાટ આજે પણ સિનેશોખીનો એટલી જ તીવ્રતાથી અનુભવે છે. એ વખતે શૂટ થયેલાં ફૂટેજ જોઈને સુભાષ ઘઈએ પોતાની માન્યતા પણ બદલવી પડેલી કે, હું દિલીપસા’બ પછીના તગડા એક્ટર તરીકે અમિતાભ બચ્ચનને જોતો હતો પણ (‘દેવા’ના ફૂટેજ જોયા પછી) હવે હું સ્વીકારું છું કે બચ્ચન દિલીપસા’બથી પણ ચડિયાતા એક્ટર છે!’

‘દેવા’ ફિલ્મ કદી બની નહીં, તેની પાછળનાં કારણો ક્યારેય બચ્ચન-ઘઈએ જાહેરમાં કહ્યાં નહીં એટલે ધારણાઓનું પોટલું વજનદાર થતું ગયું હતું, પરંતુ ૨૦૨૫માં સુભાષ ઘઈએ પોતાની ફિલ્મોની વાત કરતું પુસ્તક લખ્યું તેમાં પહેલી વખત જણાવ્યું છે કે, એ ફિલ્મ નહીં બનાવવાનો નિર્ણય મેં એટલે લીધો હતો કે મને લાગ્યું કે હું મારી ઈચ્છા મુજબની ‘દેવા’ નહીં બનાવી શકું, કારણકે...



અમિતાભ – ઘઈની ફિલ્મ ‘દેવા’નો મુહૂર્તનો કલેપ શોટ આપ્યો દિલીપકુમારે

તેમણે ફિલ્મના શૂટિંગ માટે અમિતાભ બચ્ચન પાસે સો દિવસ માગ્યા હતા. બચ્ચને એ માટે ઘઈને પોતાના સેક્રેટરી શીતલ જૈનને જણાવવાનું કહેલું. બેશક, બચ્ચન છેલ્લાં સાત વરસમાં ‘અમર અકબર એન્થોની’ થી લઈને ‘કુલી’ સુધીની સાત સુપરડુપર હિટ ફિલ્મ આપી ચૂકયા હતા અને તેમની તારીખો મેળવવા માટે નિર્માતા-નિર્દેશકો લાળાં ચાવતાં ફરતાં હતા. આવા સંજોગોમાં શીતલ જૈને (સો દિવસની બદલે) બચ્ચનદાદાના સિત્તેર દિવસ જ સુભાષ ઘઈને ફાળવ્યાં. આનાથી સુભાષ ભયંકર અપસેટ થઈ ગયા હતા. તેમણે બચ્ચનને વાત કરી તો તેમણે આશ્વાસન આપ્યું કે તમે શરૂ કરો. આપણે દિવસો મેનેજ કરી લઈશું...

‘દેવા’ના પ્રથમ શૂટિંગ શેડયુલની પૂર્ણાહુતિ પછી તેના રફ પ્રિન્ટ (કાચું ફિલ્માંકન) જોઈને બચ્ચન સહિત બધા ઘઈની કામગિરિથી ખુશ હતા, પણ પ્રથમ શૂટિંગ શેડયુલ દરમિયાન જ સુભાષ ઘઈને લાગ્યું કે ‘દેવા’ માટે તેમને અમિતાભના વધુ દિવસો જોઈશે. તેમણે શીતલ જૈન પાસે નવી માગણી મૂકી કે ‘દેવા’ માટે મારે બચ્ચનના એકસો ત્રીસ દિવસ જોઈશે!

તેમણે બચ્ચનને વાત કરી કે શિતલ જૈન તારીખો નથી ફાળવી રહ્યા તો બચ્ચને તેનો બચાવ કરતાં કહ્યુંઃ ‘એ પણ શું કરે? તેણે ય બીજા પ્રોડ્યુસરોને ધ્યાનમાં રાખવા પડેને! ’

એ જ અરસામાં બચ્ચન રાજકારણમાં પણ વ્યસ્ત થતા જતા હતા. સુભાષ ઘઈને થયું કે દિલીપસા’બ માટેના સૂચન તેઓ સાયરાબાનોને કરતાં તેમ જયા બચ્ચનને પરિસ્થિતિ સમજાવે, પરંતુ બચ્ચનના કિસ્સામાં એ કારગર બને તેવું લાગતું નહોતું. સુભાષ ઘઈ સતત ટેન્શનમાં રહેવા લાગ્યા હતા, એ તેમનાં પત્ની રેહાના (મુક્તા) એ પણ નોંધ્યું. સુભાષ ઘઈએ પત્નીને સમજાવ્યું કે, ‘હું મને માફક આવે એ રીતે ફિલ્મ બનાવી શકું તેમ મને લાગતું નથી. બાંધછોડ સાથેની ફિલ્મ બનાવી નાખું તો લોકો ‘દેવા’ માટે જે ઉમ્મીદો બાંધીને બેઠા છે તેનો કચ્ચરઘાણ નીકળી જશે, એ નક્કી છે!’

–‘તો પછી શું કરવું છે?’

‘દેવા’ના બીજા શૂટિંગ શેડ્યૂલામાં પોતાની વાત સુભાષ ઘઈએ બચ્ચને કહી ત્યારે તેમણે લાગલું જ પૂછી લીધું. ઘઈ પણ સ્પષ્ટ હતાઃ ‘મને લાગે છે કે આપણે આ ફિલ્મ ન કરવી જોઈએ. ભવિષ્યમાં ફરી ક્યારેક સાથે કામ કરીશું!’

‘ફાઈન.’: બચ્ચનદાદાનો જવાબ હતોઃ આમ પણ ફિલ્મ બનાવવી કે ન બનાવવી, તેનો નિર્ણય તો પ્રોડ્યુસરે જ કરવાનો હોય!

–અને ‘દેવા’ બંધ થઈ ગઈ.

બીજા જ દિવસે ખરા પ્રોફેશનલની અદાથી અમિતાભ બચ્ચને પોતાને મળેલી સાઈનિંગ અમાઉન્ટ સુભાષ ઘઈને પાછી મોકલી દીધી. સુભાષ ઘઈએ એ પછી ‘સૌદાગર’ ફિલ્મનું એનાઉન્સમેન્ટ કર્યું, જેનો ક્લેપ શોટ આપવા ખુદ અમિતાભ બચ્ચન આવ્યા હતા ત્યારે એ બોલ્યાં ય ખરા કે, ‘હજુ થોડા દિવસ પહેલાં આ ક્લેપની પાછળ હું હતો.’

...પણ ‘દેવા’ની વાત ક્યારેય ન ઉચ્ચારીને બચ્ચન-ઘઈ તેના પ્રિ-મેચ્યોર ડેથને કાયમ અફવાની ફૂંકણીથી તાજું જ રાખવામાં નિમિત્ત રહ્યા! ■

# ક્વિઝ ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (અ)

**આ ગીતો કઈ ફિલ્મના છે અને ગીતમાં પરદા પર દેખાતા કલાકાર કોણ છે?**

૧) ચાંદ સિફારીશ જો કરતા હમારી દેતા વો તુમકો બતા...
૨) ચાંદ સી મેહબૂબા હો મેરી ઐસા મૈંને સોચા થા...
૩) ચાંદ સિતારે ફૂલ ઔર ખુશ્બુ યે તો સારે પુરાને હૈ...
૪) ચાંદ ફિર નિકલા મગર તુમ ના આયે જલા ફિર મેરા...
૫) ચાંદ તારે તોડ લાઉ સારી દુનિયા પર મૈં છાઉં બસ...
૬) ચાંદ મેરા દિલ ચાંદની હો તુમ ચાંદ સે હૈ દૂર ચાંદની...
૭) ચાંદ કે પાસ જો સિતારા હૈ વો સિતારા હસીન લગતા...

## ક્વિઝ (બ)

**ગોવિંદાની આ ફિલ્મોને લગતા સવાલના જવાબ જાણો છો?**

૧)શ્રીદેવી સાથેની ઍક માત્ર ફિલ્મ.
૨)તન બદન ફિલ્મની હીરોઈન.
૩)દિવ્યા ભારતી સાથેની ઍક માત્ર ફિલ્મ.
૪) ‘હત્યા’ ફિલ્મના નિર્માતા નિર્દેશક.
૫)પુનઃ જન્મ પર આધારિત ફિલ્મ.
૬) ફિલ્મ ‘દો કૈદી’માં ગોવિંદાનો સહ કલાકાર નાયક
૭) ‘પાર્ટનર’ ફિલ્મમાં ગોવિંદાનો લવ ગુરુ હીરો.

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# હર્ષવર્ધન રાણેઃ

## બોલિવૂડમાં પોતાનું અલગ જ સ્થાન ઊભું કરવામાં સફળ


કોઈ ફિલ્મ ખૂબ જ ચાલી હોય અને તેની ગણના ‘ક્લાસિક’ ફિલ્મમાં થતી હોય તો એ ફિલ્મ ૧૦ વર્ષે કે પચીસ વર્ષે રી-રિલીઝ કરવાનો ટ્રેન્ડ બોલિવૂડમાં ચાલુ થયો છે. ‘શોલે’ જેવી ફિલ્મનાં ૫૦ વર્ષ થાય તો તેને ફરી રિલીઝ કરવામાં આવે એ આપણે માની શકીએ, પણ સાવ નવા-નવા હીરો-હીરોઈન સાથેની ફિલ્મ રિલીઝ થઈ હોય અને રિલીઝ વખતે તે ફલોપ થઈ હોય છતાં લગભગ નવ વર્ષ બાદ ફરી રિલીઝ કરવામાં આવે અને ત્યારે તે ‘બોકસ ઓફિસ’ ગજાવે એવું માત્ર ને માત્ર એક જ ફિલ્મના કિસ્સામાં થયું છે.

આ ફિલ્મ છે ‘સનમ તેરી કસમ.’ આ ફિલ્મ પહેલી વાર પાંચમી ફેબ્રુઆરી ૨૦૧૬ના રિલીઝ થઈ હતી, પણ ત્યારે ફલોપ સાબિત થઈ હતી. ત્યાર બાદ આ ફિલ્મ ૨૦૨૫માં ૭ ફેબ્રુઆરીએ રી-રિલીઝ થઈ અને ત્યારે તેણે રી-રિલીઝ ફિલ્મોની કમાણીમાં રેકોર્ડ નોંધાવ્યો હતો.

આટલું વિસ્તારથી જણાવવાનું કારણ એ કે ‘સનમ તેરી કસમ’માં હર્ષવર્ધન રાણે હતો અને આજે આપણે આ ‘હીરો’ની વાત કરવાના છીએ. હિન્દીમાં હર્ષવર્ધન રાણેની એ પ્રથમ ફિલ્મ હતી, પણ એ અગાઉ તે તેલુગુ ફિલ્મમાં કામ કરી ચૂક્યો હતો અને ત્યાં તેણે સફળતા પણ ખૂબ મેળવી હતી.

૧૬ ડિસેમ્બર, ૧૯૮૩ના આંધ્ર પ્રદેશમાં તેલુગુભાષી માતા અને મરાઠીભાષી પિતાને ત્યાં જન્મેલા હર્ષવર્ધન રાણેએ અભિનય કારકિર્દીની શરૂઆત ટેલિવિઝનથી કરી છે. ૨૦૦૭થી ૨૦૦૮ દરમિયાન ‘લેફ્ટ રાઈટ લેફ્ટ’ નામની સિરિયલમાં દેખાયો હતો. ત્યાર પછી ૨૦૧૦માં આવેલી તેલુગુ ફિલ્મ ‘થકીતા થકીતા’થી લોકો તેને ઓળખવા લાગ્યા હતા.

૨૦૧૨માં તેલુગુ ભાષાની બે ફિલ્મ, ૨૦૧૩માં એક ફિલ્મ અને ૨૦૧૪માં તેની ચાર તેલુગુ ફિલ્મો રિલીઝ થઈ હતી. ૨૦૧૬માં આવેલી હિન્દી ફિલ્મ ‘સનમ તેરી કસમ’થી તે વધુ લોકપ્રિય થયો અને હવે આગામી એકાદ-બે અઠવાડિયામાં તેની હિન્દી ફિલ્મ



‘એક દિવાને કી દિવાનીયત’ રજૂ થવાની છે. આ નવ વર્ષ દરમિયાન તેને ‘સનમ તેરી કસમ’ માટે સ્ટારડસ્ટ ‘સુપરસ્ટાર ઓફ ટુમોરો’ નામનો એવોર્ડ પણ મળ્યો.

૨૦૧૭માં તેણે ‘ફીદા’ નામની ફિલ્મમાં સાઈ પલ્લવી સામે કેમિયો કર્યો હતો. ૨૦૧૮માં જે. પી. દત્તાની મલ્ટીસ્ટાર ફિલ્મ ‘પલટન’માં મેજર હરભજન સિંહના પાત્રમાં તે છવાઈ ગયો હતો. ૨૦૨૦ ‘તૈઇશ’, ૨૦૨૧માં ‘હસીન દિલરૂબા’, ૨૦૨૨માં ‘તારા વર્સેસ બિલાલ’, ૨૦૨૪માં ડાંગે, સાવી અને મિરાન્ડા બ્રધર્સ જેવી હિન્દી ફિલ્મો રિલીઝ થઈ હતી. તેમાં ‘હસીન દિલરૂબા’માં તાપસી પન્નુ હતી. ‘સાવી’માં તેની સાથે દિવ્યા ખોસલા અને અનિલ કપૂર જેવાં કલાકારો હતાં.

તેની આગામી ફિલ્મ ‘એક દિવાને કી દિવાનિયત’માં તે મુખ્ય ભૂમિકામાં છે અને તેની હીરોઈન સોનમ બાજવા છે. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું ત્યારથી જ તેણે ઉત્કંઠા જગાવી છે.


ફિલ્મમાં નામ પ્રમાણે જ આ એક ‘લવસ્ટોરી’ છે.

હિન્દી ફિલ્મનાં ચીલાચાલુ અભિનેતા કરતાં અલગ જ છાપ ધરાવતો હર્ષવર્ધન રાણે દક્ષિણના અભિનેતાઓ જેવો ‘રફ-ટફ’ દેખાય છે અને તેને એ પ્રકારની ફિલ્મો જ મળી રહી છે. આજે ૪૧મે વર્ષે હર્ષવર્ધન પોતાનું અલગ જ સ્થાન ઊભું કરી શક્યો છે.

# આ ફિલ્મ વિશ્વભરના ગુજરાતીઓએ જરૂર જોવી જોઈએ...

## સરદાર પટેલની ફિલ્મ સાથે જોડાવા મળ્યું એ મારું સદ્ભાગ્ય છેઃ

– ડો. જયંતીલાલ ગડા



‘હું હિન્દુ-મુસલમાનને ખુશ કરવા માટે સત્તા પર નથી બેઠો, એમને સુખી કરવા માટે બેઠો છું.’

ગુજરાતનું ગૌરવ અને ભારતનું અભિમાન એવા સરદાર વલ્લભભાઈ પટેલ પર મયૂર કે. બારોટે ‘મેન ઑફ સ્ટીલ - સરદાર’ નામની ગુજરાતી ફિલ્મનું નિર્માણ કર્યું છે. ફિલ્મના લેખક અને દિગ્દર્શક મિહિર ભુતા છે.

ગુજરાતી ભાષામાં સરદાર પટેલ પર તૈયાર થનારી આ સૌ પ્રથમ ફિલ્મ છે ,જેમાં સરદાર સાહેબનાં જીવન અને સંઘર્ષના અનેક જાણીતા-અજાણ્યા પ્રસંગો પર ખૂબ જ સંશોધન કરીને રજૂ કરવામાં આવ્યા છે. બોલિવૂડમાં ‘આરઆરઆર‘ ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ જેવી અનેક સુપરડુપર હિટ ફિલ્મોના નિર્માતા અને ‘પેન સ્ટુડિયો’ના ડિરેક્ટર ડો. જયંતીલાલ ગડાને આ ફિલ્મ સાથે સંકળાવાનું ફિલ્મના નિર્માતા મયૂર કે બારોટે કહ્યું . એ વિનંતીને ધ્યાનમાં રાખીને ડો. જયંતીલાલ ગડાએ આખી ફિલ્મ જોઈ અને પછી ફિલ્મની સાથે સંકળાવાનો નિર્ણય કર્યો હતો.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તૈયાર થયેલી આ ફિલ્મને ઉમળકાભેર આવકારવી જોઈએ એવી અપીલ ડો. જયંતીલાલ ગડાએ વિશ્વભરમાં વસનારા ગુજરાતીઓને કરી છે. ■

# ‘હક’ ફિલ્મમાં મુસ્લિમ સ્ત્રીની પ્રેરણાદાયક ભૂમિકામાં યામી



જંગલી પિક્ચર્સે ઇન્સોમ્નિયા ફિલ્મ્સ અને બાવેના સ્ટુડિયો સાથે મળીને પોતાની નવી ફિલ્મ ‘હક’ ની જાહેરાત કરી છે. આ એક દમદાર ડ્રામા છે, જે મોહમ્મદ અહમદ ખાન વર્સેસ શાહ બાનો બેગમ કેસમાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાથી પ્રેરિત છે. ફિલ્મમાં યામી ગૌતમ ધર અને ઇમરાન હાશમી મુખ્ય ભૂમિકામાં છે, અને તેનું દિગ્દર્શન સુપર્ણ એસ. વર્માએ કર્યું છે.

આ ફિલ્મ પર્સનલ લો અને સેક્યુલર લો વચ્ચેની ચર્ચા આગળ મૂકે છે.

‘હક’, જિગ્ના વોરા દ્વારા લખાયેલી ‘બાનોઃ ભારતની દીકરી’ નામના પુસ્તક પર આધારિત એક કલ્પિત અને નાટકીય કહાની છે. શાહ બાનો બેગમ ૮૦ના દાયકામાં પુરુષપ્રધાન સમાજમાં પોતાના સ્વાભિમાન અને હક માટે લડી હતી. ચાર દાયકાથી વધુ પહેલાં શરૂ થયેલી આ ચર્ચા આજે પણ આપણા સમાજમાં પ્રાસંગિક છેઃ શું ન્યાયનો અવસર સૌને સમાન મળવો જોઈએ નહીં? શું હવે એક દેશ, એક કાયદાનો સમય આવી ગયો છે? આપણે વ્યક્તિગત આસ્થા અને ધર્મનિરપેક્ષ કાયદા વચ્ચેની રેખા ક્યાં દોરીએ? શું સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ?

જંગલી પિક્ચર્સ હંમેશાં એવી ફિલ્મો બનાવે છે, જે કંઈક અલગ હોય છે અને સમાજના નિયમોને પડકારતી હોય છે. તેમની ફિલ્મોમાં બેબાકપણું અને સાહસ જોવા મળે છે. ‘રાજી’, ‘તલવાર’ અને ‘બધાઈ હો’ જેવી શાનદાર ફિલ્મો બાદ, આ સ્ટુડિયો એક વધુ રસપ્રદ અને દમદાર કહાની લઈને આવ્યો છે, જે દર્શકોને જરૂર ગમશે. ‘હક’ યામી ગૌતમ ધર માટે ‘આર્ટિકલ ૩૭૦’માં તેમના શાનદાર અભિનય બાદની સિનેમા જગતમાં આગલી મોટી દસ્તક છે.

‘હક’માં તેઓ એવી પ્રેરણાદાયક મુસ્લિમ સ્ત્રીની ભૂમિકામાં છે, જે અન્યાય સામે ઝુકવા ઇનકાર કરે છે. ખોટી રીતે છોડી દેવામાં આવેલ અને બેસહારા થયેલી, તે પોતાના અને પોતાના બાળકો માટે કલમ ૧૨૫ હેઠળ પોતાના ‘હક’ની માંગણી સાથે કોર્ટમાં મોટી લડત લડે છે. યામી ગૌતમ ધર અને ઇમરાન હાશમી આ ફિલ્મમાં પહેલી વાર સાથે આવી રહ્યા છે. તેમાં ઇમરાન હાશમી એક સમજદાર અને જાણીતા વકીલની ભૂમિકામાં છે, જ્યારે યામી એવી લડતનું નેતૃત્વ કરે છે, જે સમાજને વિચારવા મજબૂર કરે છે કે તેઓ કઈ બાજુ છે. એક માતાનું સાચું અને અડગ સાહસ જ ‘હક’ નું હૃદય છે. આ એક ખૂબ જ રોમાંચક અને અપ્રત્યાશિત ફિલ્મ છે, જેમાં અનેક ચોંકાવનારા વળાંકો, લાગણીઓ અને ડ્રામા ભરેલા છે.■

**OTTનું હોટસ્પોટ**

# ૧૧થી ૧૭ ઓક્ટોબર જૂની સિરીઝ આકર્ષણનું કેન્દ્ર રહેશે

ઓસ્ટ્રેલિયા સામે ભારત ત્રણ વન ડે અને પાંચ ટી-૨૦ મેચ રમવાનું છે. વન-ડેની વિશેષતા એ છે કે તમને રોહિત શર્મા અને વિરાટ કોહલીને ફરી પેડ બાંધીને મેદાનમાં ઉતરતા જોઈ શકશો અને કદાચ આ બંને દિગ્ગજ ક્રિકેટરોની આ છેલ્લી સિરીઝ હોવાની શક્યતા છે. જો કે, ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝની શરૂઆત ૧૯ ઓક્ટોબરથી થવાની છે, તે દરમિયાન આપણે ઓટીટી પર રજૂ થનારી સિરીઝ અને ફિલ્મો વિશે માહિતી મેળવીએ.

આવતા અઠવાડિયાથી દિવાળીના તહેવારો શરૂ થશે. એટલે ૧૮ થી શરૂ થનારા નવા અઠવાડિયા દરમિયાન નવી-નવી ફિલ્મો અને સિરીઝોનું પ્રસારણ શરૂ થશે, પણ હાલમાં કઈ ચેનલ પર કઈ ફિલ્મ કે સિરીઝ ટ્રેન્ડ કરી રહી છે તે આપણે જાણી લઈએ...

**અમેઝોન પ્રાઈમઃ** અનુષ્કા શેટ્ટી, વિક્રમ પ્રભુ, રામ્યાકૃષ્ણન અને જગતપતિ બાબુ અભિનીત આ ફિલ્મનું પ્રસારણ શરૂ થયું છે અને બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગયેલી ‘ઘાટી’ ફિલ્મ ઓટીટી પર લોકોને આકર્ષી રહી છે.

**ડિટેક્ટીવ બ્યોમકેશ બક્ષીઃ** સુશાંતસિંહ રાજપૂત, દિવ્યા મેનન, આનંદ તિવારી અને સ્વસ્તિકા મુખર્જીની આ ફિલ્મ પણ લોકો રસથી જોઈ રહ્યા છે.

**જિયો હોટસ્ટારઃ** અહીં અત્યારે અસુર, સ્પેશ્યલ ઓપ્સ, સ્પેશ્યલ ઓફ્સ સિઝન ટુ અને ક્રિમિનલ જસ્ટિસ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે.

**ઝી-ફાઈવઃ** ઝી-ફાઈવ પર ક્રાઈમ બીટનું પુનરાગમન થયું છે, સાથે જ જનાવર અને જારણ જોવાનું પણ લોકો પસંદ કરી રહ્યા છે.

**ડિઝની હોટસ્ટારઃ** અજય દેવગણ, રાશી ખન્ના, અતુલ કુલકર્ણી અને આશિષ વિદ્યાર્થી અભિનીત ‘રુદ્રાઃ ધ એજ ઓફ ડાર્કનેસ’માં લોકોને રસ પડી રહ્યો છે.

**એમ એક્સઃ** આ ઓટીટી ચેનલ પર ‘રક્તાંચલ-સીઝન ટુ, સિક્સર, ગોલ્ડન બોય અને ‘રાઈઝ એન્ડ ફોલ’ તરફ દર્શકો આકર્ષાયા છે. ■

# મુંબઈ-ગોવા જનશતાબ્દી ટ્રેનનો એક ડબ્બો ગાયબ, મુસાફરો હેરાન થયા

મુંબઈઃ મુંબઈથી કોંકણ તરફ જતા મુસાફરોની પહેલી પસંદ જનશતાબ્દી એક્સપ્રેસ હોય છે. પરંતુ બુધવારે આ ટ્રેનનો એક ડબ્બો જોડવામાં આવ્યો નહોતો. તેથી રિઝર્વેશન કરાવવા છતાં મુસાફરોને હેરાનગતિ ભોગવવી પડી. ડીએલ -૧ ડબ્બો ઉપલબ્ધ ન હોવાથી પ્રવાસીઓએ બીજા ડબ્બામાં પ્રવાસ કરવો પડ્યો.

આરક્ષિત ડબ્બામાં મુસાફરોને તકલીફ ન પડે તે માટે મધ્ય રેલવેએ ખુદાબક્ષો પર કાર્યવાહી કરવાની ઝુંબેશ હાથ ધરી છે. પરંતુ આરક્ષિત ટિકિટનો ડબ્બો જ ન હોવાથી પ્રવાસીઓ હેરાન થયા. ટ્રેન નંબર ૧૨૦૫૧ સીએસએમટી - મડગાંવ એક્સપ્રેસ બુધવારે તેના નિયત સમયે છૂટવાની તૈયારીમાં હતી. પરંતુ પ્લેટફોર્મ પર ઉભેલા પ્રવાસીઓમાં ભારે ગૂંચવણ ઉભી થઇ હતી. ટ્રેનમાં બિનવાતાનૂકુલિત ડીએલ -૧ ડબ્બો જોડવામાં આવ્યો નહોતો. તેની જગ્યાએ જનરેટરનો ડબ્બો હતો. તેથી તેમણે બીજા ડબ્બામાં પ્રવાસ કરવાની ફરજ પડી.

પ્રવાસીઓએ આ બાબત ટીસીને પુછપરછ કરી પણ તેઓ પણ આ બાબતથી અજાણ હતા. તેમણે પ્રવાસીઓ માટે બીજા ડબ્બામાં બેસવાની વ્યવસ્થા કરી, પરંતુ એકસાથે ૩૫ થી ૩૬ પ્રવાસીઓ માટે જગ્યા ઉપલબ્ધ ન હોવાથી પ્રવાસીઓ ગુસ્સે થયા હતા. પ્રવાસીઓએ આ

(જુઓ પાનું ૪) ▶▶

# ભિવંડીમાં ગુમ સાત વર્ષના બાળકનો મૃતદેહ ઘર નજીક પાણીની ટાંકીમાંથી મળી આવ્યો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ક્લાસીસ જવા માટે નીકળ્યા બાદ ગુમ થયેલા સાત વર્ષના બાળકનો મૃતદેહ ઘર નજીક પાણીની ટાંકીમાંથી મળી આવ્યો હતો.

ભિવંડી વિસ્તારમાં આવેલી ઇમારતમાં બાળક તેનાં માતા-પિતા સાથે રહેતો હતો. મંગળવારે સાંજના છ વાગ્યે તે અરેબિક ક્લાસીસ જવા માટે ઘરેથી નીકળ્યો હતો, એમ ભોઇવાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ બાળકના પિતાની ફરિયાદને ટાંકીને જણાવ્યું હતું. બાળક સાંજના ૭.૩૦ વાગ્યે ઘરે પાછો ન ફરતાં માતા-પિતાએ તેની શોધ ચલાવી હતી અને રાતે તે પડોશમાં આવેલી ઇમારતની સીડી નીચે પાણીની ટાંકીમાંથી પડેલો મળી આવ્યો હતો. બાળકને બહાર કાઢીને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બાળક પાણીની ટાંકીમાં કેવી રીતે પડ્યો તે જાણી શકાયું નથી. હાલ આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ)

મુંબઈ સમાચાર

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લેન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 7045430579.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 7045430579.
We value your readership and are committed to your daily connection.

# મોદીએ એવું તે શું કહ્યું કે ફડણવીસ ઍક્શન મોડમાં

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુંબઈ મુલાકાત પછી, હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીમાં લાગી ગયાઃ આજે બે જિલ્લાની મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસ મુંબઈની મુલાકાતે આવ્યા અને રાજભવનમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય ટોચના નેતાઓ સાથે બંધબારણે થયેલી બેઠકમાં એવું કશું કહ્યું છે કે તેમની વિદાય બાદ ફડણવીસ ઍક્શન મોડમાં આવી ગયા છે અને શુક્રવારે બે જિલ્લાની મુલાકાત સાથે આગામી ત્રણ દિવસમાં છ જિલ્લાની મુલાકાત લેવાના છે.

નરેન્દ્ર મોદીની હાજરીમાં મુંબઈના રાજભવનમાં ભાજપના ટોચના નેતાઓની એક મહત્વપૂર્ણ બેઠક થઈ હોવાની ચર્ચા છે. નરેન્દ્ર મોદીએ તેમની મુલાકાત દરમિયાન ભાજપના નેતાઓને મહત્ત્વપૂર્ણ વાતો કરી હોવાના અહેવાલ છે. આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓના સંદર્ભમાં તેમનું માર્ગદર્શન ખૂબ મૂલ્યવાન છે. ખાસ કરીને મોદીની મુલાકાત પછી, દેવેન્દ્ર ફડણવીસ તાત્કાલિક કામ શરૂ કરશે. હાલમાં મહારાષ્ટ્ર ભાજપ છાવણીમાં જોરદાર ગતિવિધિઓ ચાલી રહી છે. ભાજપ આગામી સ્થાનિક

(જુઓ પાનું ૪) ▶▶

# બ્રિટનની નવ યુનિવર્સિટી ભારતમાં શરૂ કરશે પોતાના કેમ્પસ

## મોદીએ યુકેના પીએમ સાથેની બેઠક બાદ કરી જાહેરાત

ભારત-બ્રિટને 'વિઝન ૨૦૩૫' રોડમેપ પર ભાર મૂક્યો, રોજગારીની તકો વધશે

મુંબઈઃ ભારતના પ્રવાસે આવેલા બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ગુરુવારે મહત્ત્વની બેઠક યોજાઈ. વડા પ્રધાન બન્યા પછી સ્ટાર્મર સાથે પહેલી વખત વડા પ્રધાન મોદીની બેઠક થઈ. આ મુલાકાત પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે યુકેની નવ યુનિવર્સિટી ભારતમાં પોતાનું કેમ્પસ ખોલશે. ઉપરાંત પીએમ મોદીએ કહ્યું કે અમે ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં યુકે સાથે દરિયાઈ સુરક્ષા સહયોગ વધારવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ.

બંને દેશની વચ્ચેના પાયામાં લોકતંત્ર છે. બંને દેશની વચ્ચે કરવામાં આવેલા સમજૂતી-કરારથી નવી રોજગારીમાં વૃદ્ધિ થશે. બંને નેતાઓની વચ્ચે વિઝન ૨૦૩૫ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો, જે અન્વયે ભારત-બ્રિટનની વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી. પીએમ મોદી અને સ્ટાર્મર ફોરમ સહિત ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં પણ ભાગ લેશે. બંને દેશના વડા પ્રધાને

(જુઓ પાનું ૪) ▶▶

# એક્વાલાઈન મેટ્રો-થ્રીનો શુભારંભ

## મુંબઈ ૮૦.૪૩ કિમી નેટવર્ક સાથે ભારતનું ત્રીજું સૌથી લાંબુ મેટ્રો નેટવર્ક ધરાવતું શહેર



એક્વાલાઈન મેટ્રો-૩ને પહેલા દિવસે પ્રવાસીઓનો સારો પ્રતિસાદ મળ્યો. (અમય ખરાડે)

મુંબઈઃ ભારતના શહેરી પરિવહન માળખાને પ્રોત્સાહન આપતા, દેશમાં કાર્યરત મેટ્રો રેલ નેટવર્કે હવે ૧,૦૦૦ કિલોમીટરનો આંકડો પાર કરી લીધો છે, જેમાં રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ)નો સમાવેશ થતો નથી. આઠમી ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મુંબઈ મેટ્રો લાઇન થ્રી, જેને એક્વા લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના સંપૂર્ણ ઉદ્ઘાટન સાથે આ સિદ્ધિ શક્ય બની હતી.

મેટ્રો લાઇન ૩ સંપૂર્ણ શરૂ થતા, મુંબઈની કુલ કાર્યરત મેટ્રો લંબાઈ ૮૦.૪૩ કિમી સુધી પહોંચી ગઈ છે, જે તેને દેશનું ત્રીજું સૌથી લાંબુ મેટ્રો નેટવર્ક ધરાવતું શહેર બનાવે છે. સક્રિય મેટ્રો કોરિડોરની દૃષ્ટિએ મુંબઈ ચેન્નઈ અને હૈદરાબાદ જેવા શહેરો કરતાં આગળ છે. મુંબઈમાં મેટ્રોના કામની ઝડપ વધી છે. ૨૦૨૫ ના અંત સુધીમાં તબક્કાવાર ઉદઘાટન માટે ઘણી નવી લાઇનો તૈયાર છે, જેમાં લાઇન ૨ઇ, લાઇન ૪ અને લાઇન ૯નો સમાવેશ થાય છે. એકવાર કાર્યરત થયા પછી મુંબઈ રાષ્ટ્રીય સ્તરે મેટ્રો રેલ લંબાઈમાં દિલ્હી પછી બીજા સ્થાને રહે તેવી અપેક્ષા છે.

# ગૅંગસ્ટરના ભાઈને હથિયારનું લાઈસન્સ અપાવવાનો અનિલ પરબનો આક્ષેપ

## ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમે ખુલાસો કર્યો

મુંબઈઃ પુણેમાં આતંક ફેલાવનાર કુખ્યાત ગેંગસ્ટર નિલેશ ઘાયવળના ભાઈ સચિનને હથિયારનું લાઈસન્સ આપવાની ભલામણ કરી હતી એવી જાણકારી બહાર આવી છે. જાણકારી અનુસાર પોલીસ કમિશનરે તમામ તપાસ અને પૂછપરછ કર્યા બાદ ઘાયવળની હથિયારના લાઈસન્સ માટેની અરજી ફગાવી દીધી હતી. જોકે ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમે ભલામણ પત્ર આપી પોલીસ કમિશનરને હથિયાર લાઈસન્સ આપવા જણાવ્યું હોવાનો આરોપ શિવસેના (ઠાકરે) નેતા અનિલ પરબ અને મહા વિકાસ આઘાડી નેતાઓએ કર્યો છે.

આ સંદર્ભે પ્રતિક્રિયા આપતા યોગેશ કદમે જણાવ્યું હતું કે મારા પર આરોપ મૂકનારાઓને કદાચ એ વાતની જાણ નહીં હોય કે આર્મ્સ લાઈસન્સ સંબંધિત પોલીસ કમિશનરની સહી સાથે આપવામાં આવે છે. હું પ્રેસ કોન્ફરન્સ કરી વિસ્તૃત માહિતી આપીશ. મેં ક્યારેય એવી વ્યક્તિને હથિયાર લાઈસન્સ આપવાની ભલામણ નથી કરી નથી જેની વિરુદ્ધ ગુનો દાખલ હોય અથવા કેસ દાખલ કરવામાં આવ્યો હોય.'

પોલીસ કમિશનરના ઇનકાર છતાં યોગેશ કદમે સચિન ઘાયવળને

(જુઓ પાનું ૪) ▶▶

# આશ્રમશાળાના બે વિદ્યાર્થીની ઝાડ પર લટકીને આત્મહત્યા

પાલઘરઃ વિરારમાં નિર્માણાધીન ઈમારતના ૧૨મા માળેથી કૂદકો મારી બે કૉલેજ સ્ટુડન્ટે આપઘાત કર્યાની ઘટનાના બે દિવસ બાદ પાલઘર જિલ્લાના વાડા તાલુકામાંની આશ્રમશાળાના બે વિદ્યાર્થીએ ઝાડ સાથે રસી બાંધી ગળાફાંસો ખાધો હોવાની ઘટના બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ બુધવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યા બાદ બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા બન્ને વિદ્યાર્થીની ઓળખ મનોજ વડ (૧૪) અને દેવીદાસ નાવલે (૧૫) તરીકે થઈ હતી. બન્ને મોખાડા તાલુકાના રહેવાસી હતા અને પહેલા ધોરણથી સરકારી ગ્રાન્ટ મેળવતી આશ્રમશાળામાં ભણતા હતા.

મોખાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર દત્તા કિન્દ્રેએ જણાવ્યું હતું કે બન્ને વિદ્યાર્થી ૯ અને ૧૦મા ધોરણમાં ભણતા હતા. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી ન હોવાથી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

આશ્રમશાળામાં રોજ પ્રમાણે બુધવારની સાંજે ૭.૩૦ વાગ્યે ભોજન પત્યા પછી બધા વિદ્યાર્થી શાળાની પાછળના ભાગમાં આવેલી હૉસ્ટેલમાં સૂવા ગયા હતા. મધરાત બાદ દોઢ વાગ્યાની આસપાસ સિક્યોરિટી ગાર્ડ ઉમેશ પાટીલ રાઉન્ડ મારવા નીકળ્યો ત્યારે તેની નજર ગળાફાંસો ખાનારા બન્ને વિદ્યાર્થી પર પડી હતી.

શાળાની પાછળ અને હૉસ્ટેલની સામે આવેલા ઝાડ પર નાયલોનની રસી બાંધી બન્ને વિદ્યાર્થીએ ગળાફાંસો ખાધો હતો. કપડાં સૂકવવાની રસીનો

(જુઓ પાનું ૪) ▶▶

# નવી મુંબઈ ઍરપોર્ટનું નામ દિ. બા. પાટીલ નહીં, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર રાખવામાં આવશેઃ સંજય રાઉત

મુંબઈઃ નવી મુંબઈમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પહેલા તબક્કાનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. જોકે, આ એરપોર્ટને હજુ સુધી કોઈ નામ આપવામાં આવ્યું નથી. શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે હવે દાવો કર્યો છે કે ગૌતમ અદાણી નવી મુંબઈ એરપોર્ટનું નામ દિ. બા. પાટિલ રાખવાનો વિરોધ કરે છે.

પનવેલ અને ઉરણ વિસ્તારના સ્થાનિક લોકો છેલ્લા ત્રણ વર્ષથી એરપોર્ટનું નામ દિવંગત નેતા દિ. બા. પાટિલના નામ પર રાખવા માટે આંદોલન કરી રહ્યા છે. ઉદ્ઘાટન પહેલા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને દિ. બા. પાટિલનું નામ આપવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો અને એવું કહેવામાં આવ્યું હતું કે કેન્દ્ર સરકાર તેના માટે સકારાત્મક છે. જોકે, ઉદ્ઘાટન કાર્યક્રમમાં દિ. બા. પાટિલ નામકરણ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો.

મીડિયા સાથે વાત કરતી વખતે સંજય રાઉતે ભાજપની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ બુધવારે એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું. ભાજપ એરપોર્ટનું નામ દિ. બા. પાટિલના નામ પર રાખવાની

(જુઓ પાનું ૪) ▶▶

## નરેન્દ્ર મોદી વિષ્ણુના અવતાર છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિષ્ણુના તેરમા અવતાર છે અને તેમના નામ પર એરપોર્ટનું નામ રાખવાની કોઈ જરૂર નથી, એવી ટીકા સંજય રાઉતે કરી હતી. વડાપ્રધાન મોદીએ શરૂઆતમાં અમદાવાદના મોટેરા સ્ટેડિયમનું નામ નરેન્દ્ર મોદી રાખવાનો વિરોધ કર્યો હતો. છતાં, તેમણે પોતાના નામ પર રાખેલા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યું હતું. તેથી, નવી મુંબઈ એરપોર્ટનું નામકરણ અંગેના તેમના નિવેદનો પર વિશ્વાસ કરી શકાય નહીં, એમ પણ સંજય રાઉતે આ સમયે કહ્યું હતું.

# બીએમડબ્લ્યુ સાથેની રેસ વખતે પૉર્શે કાર ડિવાઈડર સાથે ટકરાઈઃ બે જખમી

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતી બીએમડબ્લ્યુ કાર સાથે રેસ કરતી વખતે પૉર્શે કાર રસ્તાના ડિવાઈડર સાથે ટકરાતાં બે જણ ઘવાયા હોવાની ઘટના જોગેશ્વરી નજીક બની હતી. જોગેશ્વરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારની મધરાત બાદ બે વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં પૉર્શે કાર ચલાવતા નુવો સોન્સે (૨૨) અને તેના મિત્રને નજીવી ઇજા થઈ હતી.

વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરથી બીએમડબ્લ્યુ કાર અને પૉર્શે કાર પસાર થઈ રહી હતી. બન્ને કાર વચ્ચે જાણે રેસિંગ થઈ હતી. જોગેશ્વરી નજીક મોગરા મેટ્રો સ્ટેશન નીચે પહોંચ્યા પછી પૉર્શે કારના ડ્રાઈવર સોન્સેએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને પગલે કાર ડિવાઈડર સાથે ભટકાઈ હતી. ઘટના સમયે કારમાં મીરા રોડમાં રહેતા સોન્સે સાથે લોખંડવાલા પરિસરમાં રહેતો તેનો મિત્ર હતો. બન્ને જણ બાન્દ્રામાં તેમના મિત્રોને મળવા જઈ રહ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મરાઠા ક્વોટા જીઆર પાછો ખેંચવાની માગણી માટે ઓબીસી ૧૦ ઓક્ટોબરે રેલી કાઢશે

નાગપુરઃ મરાઠા ક્વોટા માટે હૈદરાબાદ ગેઝેટિયર પર સરકારી ઠરાવ (જીઆર) પાછો ખેંચવાની માગણી માટે અન્ય પછાત વર્ગો (ઓબીસી)ના સભ્યો ૧૦ ઓક્ટોબરે મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં વિરોધ રેલીનું આયોજન કરશે.

કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે અહીં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે 'સકલ ઓબીસી સમાજ' શુક્રવારે નાગપુરમાં 'મહા મોરચો' કાઢશે.

કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાએ જણાવ્યું હતું કે સમુદાય ઈચ્છે છે કે સરકાર મરાઠા ક્વોટા પર જીઆર પાછો ખેંચે.

ઓબીસી સમુદાય જીઆરથી ખૂબ નારાજ છે અને લાખો લોકો વિરોધ રેલીમાં ભાગ લેશે. મહારાષ્ટ્રભરમાંથી અનેક ઓબીસી સંગઠનો અને સમુદાયના નેતાઓ સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ શરૂ થનારા મોરચામાં સહભાગી થશે, એમ તેમણે કહ્યું હતું.

'આ એક ઐતિહાસિક મોરચો હશે,' એમ ઓબીસી નેતા વડેટ્ટીવારે કહ્યું હતું.

બીજી સપ્ટેમ્બરના રોજ, દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારે હૈદરાબાદ ગેઝેટિયર લાગુ કરવા અંગેનો જીઆર બહાર પાડ્યો હતો, જે મરાઠા સમુદાયના પાત્ર સભ્યોને કુણબી જાતિ પ્રમાણપત્રો માટે અરજી કરવાની મંજૂરી આપશે. આનાથી મરાઠાઓ પ્રમાણપત્રો જારી કર્યા

(જુઓ પાનું ૪) ▶▶

# દીવા રેલવે ફ્લાયઓવરનું કામ વર્ષોથી શા માટે અટકી પડ્યું છે?

થાણેઃ મધ્ય રેલવેનો દીવા રેલ્વે ફાટક છેલ્લાં ઘણા વર્ષોથી જમીન વિવાદને કારણે બંધ કરવામાં આવ્યો નથી. રેલવે

ફ્લાયઓવરના નિર્માણ માટે જમીન સંપાદનનો માર્ગ ન મળવાને કારણે ફાટક પરના બ્રિજનું કામ અટકી ગયું છે, રેલવે બ્રિજ બનાવવાનું કામ ૨૦૧૯ માં શરૂ કરવામાં આવ્યું હતું. હવે ૨૦૨૬ થવા છતાં પણ આ પ્રોજેક્ટ પૂર્ણ નથી.

રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે રેલવે ફ્લાયઓવર તૈયાર ન થવાને કારણે, આ રેલવે ફાટક દિવસમાં ઓછામાં ઓછા ૩૫ થી ૪૦ કે તેથી વધુ વખત ટ્રાફિક માટે ખોલવો પડે છે. જેના કારણે રેલવેની અવરજવર પર અસર પડી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, દિવા રેલવે સ્ટેશન મધ્ય રેલવેના સૌથી વ્યસ્ત સ્ટેશનોમાંના એક તરીકે જાણીતું બન્યું છે.

સવારે આ સ્ટેશનથી ટ્રેનમાં પ્રવેશ કરતી વખતે ભીડને કારણે નાગરિકોને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. બીજું દીવા રેલવે ફાટક પરથી પૂર્વથી પશ્ચિમ અથવા પશ્ચિમથી પૂર્વ તરફ સેંકડો વાહનો પસાર થાય છે. ઉપરાંત રેલવે મુસાફરો ઘણીવાર

(જુઓ પાનું ૪) ▶▶

# ઓલા, ઉબેર, રેપિડો સેવા ખોરવાઈઃ ૯૦ ટકા એપ-આધારિત ટેક્સી સેવાઓ બંધ

મુંબઈઃ એપ આધારિત વાહન ચાલકોએ તેમની વિવિધ માંગણીઓ માટે ગુરુવારે બંધનું એલાન કર્યુ હોવાથી મુંબઈમાં ૯૦ ટકા એપ આધારિત વાહન સેવાઓ સવારથી બંધ હતી, જેના કારણે ઓલા, ઉબેર, રેપિડોની સેવાઓ ખોરવાઈ હતી. આ આંદોલનને કારણે વૈકલ્પિક વાહન સેવાઓ પર દબાણ આવ્યું હતું. ઘણા લોકોએ તો પોતાના જ વાહનોમાં ઓફિસ જવાનું પસંદ કર્યું હતું, જેના કારણે ટ્રાફિક જૅમમાં વધારો થયો હતો

છેલ્લા કેટલાક મહિનાઓથી, ઓલા, ઉબેર, રેપિડો અને અન્ય એપ આધારિત રિક્ષા, ટેક્સી, કેબના ડ્રાઇવરો તેમની વિવિધ માંગણીઓ માટે વિવિધ રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, પરંતુ આ માગણીઓ હજુ સુધી પૂર્ણ ન થઈ હોવાથી, એપ આધારિત રિક્ષા, ટેક્સી, કેબના ડ્રાઇવરોએ ગુરુવારે બંધનું એલાન કર્યુ હતું. ડ્રાઇવરોની હડતાળને કારણે પુણે અને નાશિકથી મુંબઈ આવતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ટ્રાન્સપોર્ટ કમિશનર ઓફિસે ઓલા, ઉબેર, રેપિડોને સરકાર દ્વારા આપવામાં આવેલા દરો એપ પર દર્શાવવા સૂચના આપી હતી. જોકે

(જુઓ પાનું ૪) ▶▶

કફ સિરપ પર પ્રતિબંધ

# એફડીએનો હૉસ્પિટલો, વેપારીઓ પાસેથી સેમ્પલ જમા કરવાનો નિર્દેશ

મુંબઈઃ મધ્ય પ્રદેશમાં દૂષિત કફ સીરપથી જોડાયેલા ૨૦ બાળકોના થયેલા મૃત્યુને પગલે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા હોસ્પિટલો તેમજ ડિસ્ટ્રિબ્યુટર્સ દ્વારા સ્ટોક કરવામાં આવેલા પ્રવાહી ફોર્મ્યુલેશનનું નિરીક્ષણ અને પરીક્ષણ કરવા માટે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. એફડીએ તરફથી તમામ સંયુક્ત કમિશનરો અને ડ્રગ નિરીક્ષકોને તાત્કાલિક તેમના અધિકારક્ષેત્રના તમામ ઉત્પાદકોની વિગતો રજૂ કરવા તેમજ સરકારી અને અર્ધ-સરકારી હોસ્પિટલો, પ્રાઈવેટ જથ્થાબંધ વેપારીઓ અને છૂટક વેપારીઓ પાસેથી સેમ્પલ એકત્રિત કરવા નિર્દેશ આપ્યો છે. મંગળવારે એફડીએ કમિશનરની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ બાદ એક પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો.

અધિકારીઓને તાત્કાલિક તમામ મોઢા વાટે લેવાના પ્રવાહી ફોર્મ્યુલેશન ઉત્પાદકોની વિગતોની જાણ કરવા અને હોસ્પિટલો અને વિતરકો પાસે રહેલા શંકાસ્પદ બેચને પાછા ખેંચવાની ખાતરી કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો.

મુંબઈ, કોંકણ, પુણે અને નાશિક વિભાગના સેમ્પલ મુંબઈની પ્રયોગશાળામાં મોકલવામાં આવશે, જ્યારે છત્રપતિ સંભાજી નગર, અમરાવતી અને નાગપુર વિભાગના નમૂનાઓ છત્રપતિ સંભાજી નગર પ્રયોગશાળામાં મોકલવામાં આવશે. સેમ્પલીંગનું કામ નવમી ઓક્ટોબર સુધીમાં પૂરું કરી નિર્ધારિત ગૂગલ ફોર્મ મારફત દૈનિક અહેવાલ રજૂ કરવામાં આવશે. (પીટીઆઈ)

# ટીમ ઈન્ડિયાના ક્રિકેટરને 'ડી'કંપનીના નામે ૧૦ કરોડ ખંડણી માગી હતી

મુંબઈઃ નેશનાલીસ્ટ કોંગ્રેસ (એનસીપી)ના સ્વર્ગસ્થ નેતા બાબા સિદ્દીકીના દીકરા ઝીશાન સિદ્દીકીને ધમકી આપવા બદલ આરોપી મોહમ્મદ દિલશાદ નૌશાદની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ પોલીસ હાલ તેની પૂછપરછ કરી રહી છે, આ દરમિયાન તે ઘણાં ખુલાસા કરી રહ્યો છે. પુછપરછ દરમિયાન જાણવા મળ્યું કે તેણે ક્રિકેટર રિંકુ સિંહને ધમકી આપી હતી અને ₹૧૦ કરોડની ખંડણી માગી હતી.

અહેવાલ મુજબ મોહમ્મદ દિલશાદ નૌશાદે દાઉદ ઇબ્રાહિમની ડી-કંપનીના નામે રિંકુ સિંહને ધમકી આપી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે દિલશાદે રિંકુ સિંહના ઇવેન્ટ મેનેજરને ધમકીભર્યા ઇમેઇલ પણ મોકલ્યા હતા. દિલશાદે દાવો કર્યો હતો કે તે ડી-કંપનીનો સભ્ય છે અને ધમકી આપી હતી કે જો રીંકુ ખંડણીની રકમ નહીં આપે તો તેની હત્યા કરવામાં આવશે. ઝીશાન સિદ્દીકીએ એપ્રિલ ૨૦૨૫ માં મુંબઈ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી કે તેમને ઇમેઇલ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. જેમાં ધમકી આપવામાં આવી કે જો તેઓ પૈસા નહીં ચૂકવે તો તેમના હાલ પણ તેમના પિતા બાબા સિદ્દીકી જેવા થશે. આ કેસમાં ઇન્ટરપોલની મદદથી આરોપી મોહમ્મદ દિલશાદ અને મોહમ્મદ નવીદની ત્રિનિદાદ એન્ડ ટોબેગોથી ધરપકડ કરવામાં આવી હતી, ત્યાર બાદ બંનેને મુંબઈ પોલીસને સોંપવામાં આવ્યા હતાં.

નોંધનીય છે, રિંકુ સિંહની સગાઈ જૌનપુરની મછલીશહર લોકસભા બેઠકના સાંસદ પ્રિયા સરોજ સાથે થઈ છે, ટૂંક સમયમાં બંનેના લગ્ન થવાના છે.

# રોહિત અને વિરાટ ૨૦૨૭ વર્લ્ડ કપના અમારા પ્લાનમાં છે જ: શુભમન ગિલ

નવી દિલ્હી: ભારતની વન-ડે ટીમના નવા કૅપ્ટન શુભમન ગિલે કહ્યું છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલીના કૌશલ્ય તથા પુષ્કળ અનુભવને ભૂલી ન શકાય અને એટલે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટેની યોજનામાં આ બન્ને દિગ્ગજો સામેલ છે જ.

૨૬ વર્ષના ગિલને ટેસ્ટ પછી હવે વન-ડે ટીમની કૅપ્ટન્સી પણ સોંપાઈ છે. તેણે એવું પણ કહ્યું હતું કે લગભગ ચાર વર્ષના સુકાન દરમ્યાન તેના પુરોગામી (રોહિતે) ડ્રેસિંગ-રૂમમાં શાંત અને દોસ્તીનો જે માહોલ બનાવ્યો હતો એવું જ વાતાવરણ તેમ જ તેમના જેવો ધૈર્યભર્યો અભિગમ પોતે પણ ઇચ્છે છે.

ચીફ સિલેક્ટર અજિત આગરકરે રોહિત-વિરાટના ભારતની વન-ડે ટીમમાંના ભાવિ વિશે કોઈ બાંયધરી નથી આપી, પરંતુ અહીં વેસ્ટ ઇન્ડિઝ સામે શુક્રવારે શરૂ થનારી બીજી ટેસ્ટ પહેલાં પત્રકારો સાથેની મુલાકાતમાં પુછાતાં કૅપ્ટન ગિલે કહ્યું, ‘ રોહિત અને વિરાટ, બન્નેને જે બહોળો અનુભવ છે અને ભારતને તેમણે જે અસંખ્ય મૅચો જિતાડી છે એને ધ્યાનમાં લેતાં તેઓ ૨૦૨૭ના વર્લ્ડ કપ માટેના પ્લાનમાં સામેલ છે જ. આ બન્ને મહારથીઓએ ભારતને જેટલી મૅચો જિતાડી છે એટલી ભાગ્યે જ બીજા કોઈએ જિતાડી છે. વિશ્વમાં બહુ ઓછા ક્રિકેટરોમાં રોહિત-વિરાટ જેવા કૌશલ્ય, ગુણો અને અનુભવ જોવા મળ્યા છે. એ બધું જોતાં મને બહુ ખુશી થઈ રહી છે. રોહિતભાઈમાં જે ગુણો છે એ હું પણ ગ્રહણ કરવા માગું છું. ખાસ કરીને તેમના ધીરજ અને દોસ્તીભર્યા અભિગમથી હું ખૂબ પ્રભાવિત થયો છું.’

રોહિત ૩૮ વર્ષનો અને વિરાટ ૩૬ વર્ષનો છે. બન્નેએ ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં રમવાનું છોડી દીધું છે







અને હવે ફક્ત વન-ડેમાં તેમ જ આઇપીએલમાં જ રમશે. હવે તેઓ આગામી ૧૯મી ઑક્ટોબરે ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં ફરી રમતા જોવા મળશે.

### કૅપ્ટન્સીની જાણ અગાઉથી થયેલી

અમદાવાદમાં ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટ ત્રીજા દિવસે જીતી લીધી ત્યાર બાદ ચીફ સિલેક્ટર અજિત આગરકરે ગિલની વન-ડે કૅપ્ટન તરીકેની જાહેરાત કરી હતી.



એ સંબંધમાં પૂછાતાં ગિલે પત્રકારોને કહ્યું હતું કે ‘ મને વન-ડેની કૅપ્ટન્સી વિશે જાહેરાતના થોડા દિવસ પહેલાં જ જાણ કરી દેવામાં આવી હતી.

હું વન-ડે ફૉર્મેટમાં પણ ટીમનું સુકાન સંભાળવા માટે ખૂબ ઉત્સુક છું.’

### ગૌતમ ગંભીર વિશે ગિલે શું કહ્યું?

ગૌતમ ગંભીરને ટીમ ઇન્ડિયાના હેડ-કોચ બનવા મળ્યું અને ગિલને ટેસ્ટ બાદ વન-ડેની કૅપ્ટન્સી પણ મળી. આ બધું એક જ અરસામાં બની રહ્યું છે અને એક પત્રકારે ગંભીર સાથે કેવું જામે છે? એવું પૂછ્યું ત્યારે ગિલે કહ્યું, ‘ કોઈ ટીમ માટેના ૧૫થી ૧૮ ખેલાડી પસંદ કરવાની બાબતમાં તેમ જ ટીમમાં ફેરફાર કરવા વિશે મારા અને ગંભીરના વિચારો મળતા આવે છે. અમારી વચ્ચેના સંબંધો ખરેખર સારા છે. બહુ સીધી વાત છે.

ટીમમાં ખેલાડીઓનું સ્થાન સુરક્ષિત રાખવાની બાબતમાં તેમ જ ટીમમાં ફેરફાર કરવા અંગે હું અને ગંભીર ચર્ચા કરી લઈએ છીએ અને પછી નિર્ણય પર આવીએ છીએ. અમારી ચર્ચા ખાસ કરીને ફાસ્ટ બોલર્સ વિશેની હોય છે.

અમે ટીમમાં તેમનો સમાવેશ એવી રીતે કરીએ છીએ કે જેથી સાઉથ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા કે ન્યૂ ઝીલૅન્ડ જેવા દેશોના પ્રવાસમાં તેમને પૂરતી તક મળી શકે.’ ■

## રિચા અને ક્રાંતિનાં કરિશ્મા એળે ગયા: ભારે રસાકસી વચ્ચે ભારત હાર્યું



વિશાખાપટનમ: ભારતની મહિલા ટીમ ગુરુવારે વન-ડેના વર્લ્ડ કપમાં જબરદસ્ત રસાકસી વચ્ચે સાઉથ આફ્રિકાની બળુકી ટીમ સામે ત્રણ વિકેટે હારી ગઈ હતી. આઠમા નંબરની બૅટર અને વિકેટકીપર રિચા ઘોષ (૯૪ રન, ૭૭ બૉલ, ચાર સિક્સર, અગિયાર ફોર) તથા નવમા ક્રમની સ્નેહ રાણા (૨૪ બૉલમાં ૩૩ રન) વચ્ચેની ૮૮ રનની વિક્રમી ભાગીદારીની મદદથી ભારતે ૨૫૧ રન કર્યા બાદ સાઉથ આફ્રિકાની ટીમે ૨૫૨ રનનો લક્ષ્યાંક સાત બૉલ બાકી રાખીને અને સાત વિકેટના ભોગે મેળવી લીધો હતો. નેડિન ડિ ક્લાર્કે અણનમ ૮૪ રન અને કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટે ૭૦ રન કર્યા હતા. ક્લો ટ્રાયૉને ૪૯ રનનું યોગદાન આપ્યું હતું. ક્રાંતિ ગૌડ, સ્નેહ રાણાએ બે-બે વિકેટ લીધી હતી.

ભારતે ૨૫૨ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ સાઉથ આફ્રિકાએ માત્ર ૧૮ રનની અંદર બે વિકેટ ગુમાવી દીધી હતી. ખાસ કરીને પાછલી મૅચની સેન્ચુરિયન ઓપનર તૅઝમિન બ્રિટ્સનો રાઇટ-આર્મ પેસ બોલર ક્રાંતિ ગૌડે પોતાના જ બૉલમાં ડાબા હાથે અફલાતૂન કૅચ ઝીલ્યો હતો. ક્રાંતિએ પછીથી કૅપ્ટન-ઓપનર લૉરા વૉલ્વાર્ટ (૭૦ રન)ની બહુમૂલ્ય વિકેટ પણ લીધી હતી.

ગુરુવારે બપોરે વરસાદના વિઘ્ન બાદ શરૂ થયેલી મૅચમાં ઓપનર પ્રતીકા રાવલ (૩૭ રન) તથા સ્મૃતિ મંધાના (૨૩ રન) વચ્ચેની પંચાવન રનની ભાગીદારી બાદ ભારતીય ટીમ ઘણી વાર સુધી મુશ્કેલીના વમળમાં ફસાયેલી હતી, પરંતુ રિચા ઘોષ તારણહાર બની હતી. જોકે તેની એ લડત છેવટે પાણીમાં ગઈ હતી.

એક તબક્કે ભારતે માત્ર ૧૦૨ રનમાં છ વિકેટ ગુમાવ્યા બાદ જોરદાર કમબૅક કર્યું હતું. રિચા તેમ જ અમનજોત કૌર (૪૪ બૉલમાં ૧૩ રન) અને સ્નેહ રાણાએ ભાગીદારીઓ કરીને ભારતની આબરૂ સાચવી લીધી હતી. રિચા માત્ર છ રન માટે પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ચૂકી ગઈ હતી, પરંતુ તેણે બન્ને ટેઇલ-એન્ડર બૅટર સાથે મળીને છ બોલરના આક્રમણ વચ્ચે ભારતને મોટી મુસીબતમાંથી બચાવી લીધું હતું. જોકે છેવટે સાઉથ આફ્રિકાની ટીમ જીત હાંસલ કરીને જ રહી. ■

## ત્રણ દિવસના ચેસ મુકાબલામાં આનંદ સામે કાસ્પારોવની સરસાઈ



અમેરિકામાં ચેસના બે મહારથી ભારતના વિશ્વનાથન આનંદ અને રશિયાના ગૅરી કાસ્પોરોવ વચ્ચે બુધવારે ત્રણ દિવસની ‘ ક્લચ ચેસ: ધ લેજન્ડ્સ’ નામની ટૂર્નામેન્ટ શરૂ થઈ જેમાં પ્રથમ દિવસે (ભારતીય સમય મુજબ મોડી રાત્રે) કાસ્પારોવે ૨.૫-૧.૫થી સરસાઈ મેળવી હતી. બન્ને દિગ્ગજો ૩૦ વર્ષે ફરી આમનેસામને આવ્યા છે. છેલ્લે તેઓ ૧૯૯૫માં ન્યૂ યૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ૧૦૭મા માળે રમ્યા હતા. ૨૦૦૧માં હવાઈ આતંકવાદી હુમલામાં એ ઇમારતો તોડી પાડવામાં આવી હતી. ■

# ગાંગુલી કહે છે, ‘ રોહિત સાથે વાત કર્યા પછી જ ગિલને વન-ડેનો કૅપ્ટન બનાવાયો હશે’

કોલકાતા: ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીએ ભારતની વન-ડે ટીમની કૅપ્ટન્સી શુભમન ગિલને સોંપવાના નિર્ણયને ગુરુવારે ટેકો જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે ‘ મને લાગે છે કે રોહિત શર્મા પાસેથી વન-ડે ટીમની કૅપ્ટન્સી પાછી લઈ લેવાનું પગલું રોહિત સાથેની ચર્ચા પછી જ લેવાયું હશે.’

રોહિતના સુકાનમાં ભારતે ઘણી મૅચો જીતી હતી, પરંતુ ૨૦૨૪નો ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ની વન-ડે ચૅમ્પિયન્સ ટ્રોફી કૅપ્ટન તરીકે તેની સૌથી મોટી બે સફળતા હતી.

શુભમન ગિલને ટેસ્ટમાં પહેલી વાર સુકાન સોંપાયું ત્યાર બાદ ભારતની પ્રથમ ટેસ્ટ શ્રેણી તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં રમાઈ હતી અને એ શ્રેણી



ભારતે પાંચ ટેસ્ટની શ્રેણી ૨-૨થી ડ્રૉ કરાવી હતી.

ગાંગુલીએ એક જાણીતી બ્રૅન્ડ માટે પોતે ઍમ્બેસેડર નિયુક્ત થયો એ પ્રસંગે આયોજિત સમારંભને સંબોધતા કહ્યું હતું કે ‘ મને લાગે છે કે બહારથી રોહિત સાથે ચર્ચા કર્યા પછી જ ગિલને વન-ડેની પણ કૅપ્ટન્સી આપવાનો નિર્ણય લેવાયો હશે. અંદર શું બન્યું હશે એની તો મને ખબર નથી, પરંતુ બહારથી આ મુદ્દે નિર્ણય લેતાં પહેલાં જરૂર રોહિત સાથે વાતચીત કરવામાં આવી હશે. મને લાગી રહ્યું છે કે આ નિર્ણય ખોટો નથી. રોહિત વન-ડે મૅચો રમતો રહેશે અને સાથે-સાથે યુવાન કૅપ્ટન (ગિલ)ને માર્ગદર્શન આપતા રહીને તૈયાર પણ કરતો રહેશે. એ જોતાં, મને તો આ નિર્ણયમાં કંઈ જ ખોટું નથી દેખાતું.’

ભારત આગામી ૧૯મી ઑક્ટોબરથી ઑસ્ટ્રેલિયામાં ત્રણ વન-ડે રમશે. રોહિત-વિરાટ એ શ્રેણી પછી પાછા આવી જશે, પરંતુ ત્યાર બાદ ભારતની ટી-૨૦ ટીમ કાંગારુંઓ સામે પાંચ ટી-૨૦ મૅચ રમશે. ■

## રોહિત-વિરાટ સામે શરત: વર્લ્ડ કપમાં રમવું હોય તો આ ત્રણ મૅચ રમવી જ પડશે...

નવી દિલ્હી: રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટેના પ્લાનમાં છે જ એવું નવા વન-ડે સુકાની શુભમન ગિલે ગુરુવારે કહીને બન્ને દિગ્ગજોના વન-ડેમાંના રિટાયરમેન્ટને લગતી અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું ત્યાર બાદ પીટીઆઇને બીસીસીઆઇના એક સૂત્ર પાસેથી એવું જાણવા મળ્યું હતું કે ‘રોહિત-વિરાટે આગામી ડિસેમ્બર અને જાન્યુઆરી દરમ્યાન વિજય હઝારે ટ્રોફીની ઓછામાં ઓછી ત્રણ મૅચ રમવી જ પડશે. આગામી છઠ્ઠી ડિસેમ્બરે ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે સિરીઝની છેલ્લી વન-ડે રમાશે અને ત્યાર બાદ ૧૧મી જાન્યુઆરીએ વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામે શ્રેણીની પ્રથમ વન-ડે રમાશે. આ બે મૅચ પાંચ અઠવાડિયાનો લાંબો બ્રેક રહેશે જે દરમ્યાન વિજય હઝારે ટ્રોફીની જે મૅચો રમાશે એમાંની ત્રણ મૅચ રોહિત અને વિરાટ રમશે એવી સંભાવના છે. ડિસેમ્બર-જાન્યુઆરીની વચ્ચે વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ અને દિલ્હીની સાત મૅચ ૨૪, ૨૬, ૨૯ તથા ૩૧ ડિસે., ત્રણ, છ અને આઠ જાન્યુઆરીએ રમાશે.

### મહિલા વર્લ્ડ કપમાં ‘જય શ્રી રામ’

## ઇન્દોરમાં સાઉથ આફ્રિકાની બૅટરે સેન્ચુરી કર્યા પછી ‘તીર છોડ્યું’



ઇન્દોર: દશેરાનો પર્વ હમણાં જ ગયો અને દિવાળીનો મહાપર્વ આવી રહ્યો છે ત્યારે ભગવાન શ્રી રામનું નામ તેમના ભક્તના મુખ પર આવ્યા વિના રહે જ નહીં, પરંતુ અહીં આપણે જે વાત કરવા જઈ રહ્યા છે એ અદ્ભુત, અણધારી અને અવિસ્મરણીય છે. આ વાત વિદેશી મહિલા ક્રિકેટરની છે. સાઉથ આફ્રિકાની ૩૪ વર્ષીય ઓપનર તૅઝમિન બ્રિટ્સે અનોખા અંદાઝમાં યોદ્ધા શ્રી રામની ઍક્શન કરીને સૌને ચોંકાવી દીધા હતા.

મધ્ય પ્રદેશનું ઇન્દોર દેશનું સૌથી સ્વચ્છ શહેર છે અને ભારતીય સંસ્કૃતિ જાળવવામાં તેમ જ વધુ લોકપ્રિય કરવામાં પણ આ શહેરનું તેમ જ એની નજીકના ઉજ્જૈન શહેરનું અનેરું યોગદાન રહ્યું છે. સોમવાર, છઠ્ઠી ઑક્ટોબરે ઇન્દોરમાં મહિલા વન-ડે વર્લ્ડ કપની સાઉથ આફ્રિકા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે મૅચ રમાઈ હતી જેમાં સાઉથ આફ્રિકાને જીતવા ૨૩૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. સાઉથ આફ્રિકાને એ ટાર્ગેટ આસાનીથી અપાવનાર પ્લેયર ઑફ ધ મૅચ તૅઝમિન બ્રિટ્સ (૧૦૧ રન, ૮૯ બૉલ, એક સિક્સર, પંદર ફોર)એ સદી પૂરી કર્યા પછી પ્રભુ શ્રી રામને યાદ કર્યા હતા અને સ્ટેડિયમમાં બેઠેલા પ્રેક્ષકોના તેમ જ અસંખ્ય ટીવી-દર્શકોના દિલ જીતી લીધાં હતાં.

થાકેલી-પાકેલી તૅઝમિન બ્રિટ્સ સેન્ચુરી પૂરી કર્યા બાદ ઘૂંટણિયે બેઠી હતી, પીઠ પરના ભાથામાંથી તીર કાઢ્યું હોય એવી ઍક્શન કરી હતી અને ધનુષ બાણમાં ચડાવીને તીર છોડવાની અદ્ભુત સ્ટાઇલ કરી હતી. ભારતના મેદાન પર કોઈ વિદેશી ક્રિકેટર આવું કરે એ ખરેખર પ્રશંસનીય અને અવિસ્મરણીય જ કહેવાય. તેણે પોતાની લડાયક ઇનિંગ્સને પ્રભુ શ્રી રામની કમાન ચલાવવાની અનોખી લીલા સાથે જોડી હતી.

એ દિવસે તે એક કૅલેન્ડર યરમાં પાંચ વન-ડે સેન્ચુરી કરનાર વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી બની હતી. જોકે કમનસીબે તૅઝમિન બ્રિટ્સનું ગુરુવારે વિશાખાપટનમમાં ભારતીય ટીમ સામે કંઈ જ નહોતું ચાલ્યું. તે પોતાના ત્રીજા જ બૉલ પર (ઝીરોમાં) આઉટ થઈ ગઈ હતી. પેસ બોલર ક્રાંતિ ગૌડે અફલાતૂન વળતો કૅચ ઝીલ્યો હતો અને બ્રિટ્સ નિરાશ હાલતમાં પાછી ગઈ હતી. ■

# મુશીર ખાન ‘થૅન્ક યૂ’ બોલ્યો અને પૃથ્વી તેનો કૉલર પકડીને બૅટથી મારવા ગયો!

પુણે: મુંબઈ અને મહારાષ્ટ્ર વચ્ચે તાજેતરમાં રણજી ટ્રોફી પહેલાંની પુણે ખાતેની ત્રણ દિવસની પ્રૅક્ટિસ મૅચના પ્રથમ દિવસે મુંબઈના ભૂતપૂર્વ ખેલાડી પૃથ્વી શૉ અને ડોમેસ્ટિક ક્રિકેટમાં મુંબઈ વતી રમતા મુશીર ખાન વચ્ચે જે ઝઘડો થયો હતો એ સંબંધમાં બન્ને સામે કોઈ પગલાં લેવા કે નહીં અને કેવા પ્રકારના પગલાં લેવા એ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને એમસીએના સલાહકાર દિલીપ વેન્ગસરકર નક્કી કરવાના હતા એ દરમ્યાન અહેવાલ બહાર આવ્યો હતો કે મુશીર ખાને સ્લેજિંગ કર્યું એને પગલે પૃથ્વી ભડક્યો હતો અને મુશીરને મારવા દોડ્યો હતો.

પૃથ્વી શૉ અગાઉ કેટલાક વિવાદો ઊભા કરી ચૂક્યો છે. મંગળવારે પૃથ્વીએ મુંબઈના પોતાના ભૂતપૂર્વ સાથી ખેલાડીઓ સામેની મૅચમાં ૧૮૧ રન કર્યા હતા. મુશીર ખાને તેની વિકેટ લીધી હતી. મુશીર તેને આઉટ કર્યા પછી કટાક્ષમાં ‘ થૅન્ક યૂ’ બોલ્યો હતો જેના કારણે પૃથ્વી ગુસ્સે થયો હતો જેને પગલે પૃથ્વીની મુશીર સાથે ઉગ્ર દલીલ થઈ હતી અને અમ્પાયર બન્નેને છોડાવવા દોડી આવે એ પહેલાં પૃથ્વીએ મુશીરનો કૉલર પકડ્યો હતો અને બૅટથી તેને મારવાનો પ્રયાસ કર્યો હતો.

એક અહેવાલ અનુસાર પૃથ્વીની ૧૮૧ રનની આખી ઇનિંગ્સ દરમ્યાન સ્લેજિંગ ચાલ્યું હતું અને તે આઉટ થયો ત્યારે મામલો ચરમસીમાએ પહોંચી ગયો હતો.

આંતરરાષ્ટ્રીય મૅચની માફક ડોમેસ્ટિક મૅચમાં પણ





ખેલાડીઓ શિસ્ત જાળવે અને એકમેક સામે અભદ્ર વર્તન ન કરે એ અત્યંત જરૂરી છે અને એ વાતને લક્ષમાં રાખીને પૃથ્વી-મુશીર સાથે દિલીપ વેન્ગસરકર વાતચીત કરશે તેમ જ એને આધારે અહેવાલ આપશે એવા રિપોર્ટ વચ્ચે મહારાષ્ટ્રની ટીમના સુકાની અંકિત બાવણેએ એક જાણીતી વેબસાઇટને કહ્યું હતું કે ‘ આ માત્ર પ્રૅક્ટિસ-મૅચ હતી અને તેઓ બધા ભૂતપૂર્વ સાથી ખેલાડીઓ હતા. ક્યારેક આવી ઘટના બની જતી હોય છે. જોકે હવે બધું ઠીક છે અને કોઈ જ ટેન્શન નથી.’

આ મૅચમાં પૃથ્વીએ ૨૨૦ બૉલમાં ૧૮૧ રન અને તેના સાથી બૅટ્સમૅન અર્શિન કુલકર્ણીએ ૧૪૦ બૉલમાં ૧૮૬ રન કર્યા હતા.

# રોહિત શર્મા ન્યૂ લૂક’માં, ક્રિકેટરોના સમારોહમાં છવાઈ ગયો

### બૅટિંગ-લેજન્ડે ત્રણ મહિનામાં ૨૦ કિલોગ્રામ વજન ઘટાડ્યું હોવાનો અહેવાલ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી લગભગ ૭૦ ટકા જેટલા નિવૃત્ત થઈ ચૂકેલા રોહિત શર્માની ફિટનેસ પર ઘણા સમયથી ચર્ચા થતી રહેતી હતી અને ફિટ ન હોવા બદલ તેની બાકી રહેલી ૩૦ ટકા કરીઅર પર પણ બહુ જલ્દી પૂર્ણવિરામ મુકાઈ જશે એવી વાતો થઈ હતી, પરંતુ તેણે સીઍટ અવૉર્ડ સમારોહમાં નવા લૂકમાં આગમન કરીને સૌને ચોંકાવી દીધા હતા. રોહિતે ત્રણ મહિનામાં લગભગ ૨૦ કિલોગ્રામ વજન ઘટાડ્યું હોવાનું મનાય છે.

રોહિત શર્માએ ગયા વર્ષે ટી-૨૦ ઇન્ટરનેશનલમાંથી અને આ વર્ષે ટેસ્ટ ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ લઈ લીધું અને હવે તેની પાસેથી વન-ડે ટીમની કેપ્ટન્સી આંચકી લેવામાં આવી છે એટલે તે ખૂબ ચર્ચામાં છે. ૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ હજી બે વર્ષ દૂર છે એટલે આવનારા મહિનાઓમાં તે વન-ડે ટીમમાં માત્ર પ્લેયર તરીકે જોવા મળશે કે કેમ એમાં પણ શંકા છે. જોકે રોહિતે વજન ઘટાડીને અને પોતાની બૉડી મેઇનટેઇન કરવા પર વધુ ધ્યાન આપીને હમણાં તો ટીકાકારોની બોલતી બંધ કરી છે. તેણે ચહેરાનો લૂક પણ થોડો બદલ્યો છે અને તેના હાવભાવ પરથી લાગી રહ્યું છે કે તે ખેલાડીના રૂપમાં વન-ડે કારકિર્દીને ૨૦૨૭ના વિશ્વ કપ સુધી ખેંચી જવા મક્કમ છે. વન-ડેના નવા સુકાની શુભમન ગિલે પણ ગઈ કાલે કહ્યું હતું કે ‘રોહિત તેમ જ વિરાટ ૨૦૨૭ના વર્લ્ડ કપ માટેના પ્લાનમાં છે જ.’ ૩૮ વર્ષના રોહિતે ઘણું વજન ઘટાડ્યું છે જેને લીધે તે અગાઉ કરતાં વધુ પ્રભાવશાળી લાગે છે. સીઍટના ફંકશનમાં તે પહોંચ્યો કે તરત શ્રેયસ ઐયર અને સંજુ સૅમસન સાથે વાતે વળગી ગયો હતો. ■

# મિમીક્રી આર્ટિસ્ટે કરી ધોનીની નકલ, રોહિત પેટ પકડીને હસ્યો

મુંબઈ: રોહિત શર્માએ ૨૦૦૭માં ટી-૨૦ ઇન્ટરનેશનલમાં અને ૨૦૧૩માં ટેસ્ટ ક્રિકેટમાં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટન્સીમાં કારકિર્દી શરૂ કરી હતી અને લગભગ દોઢ દાયકા સુધી વન-ડે સહિત અનેક મૅચોમાં ધોનીના નેતૃત્વમાં રમ્યો એટલે ધોનીની દરેક સ્ટાઇલથી પૂરેપૂરો વાકેફ છે અને એવામાં જો કોઈ વ્યક્તિ ધોનીની નકલ કરે તો સ્વાભાવિક છે કે રોહિત જરૂર પ્રભાવિત થઈ જાય.

મુંબઈમાં મંગળવારે સીઍટ ક્રિકેટ રેટિંગ સમારોહમાં એવું જ બન્યું. એક મિમીક્રી આર્ટિસ્ટે સ્ટેજ પર એમએસ ધોનીની જબરી નકલ કરી હતી. તે ધોનીની સ્ટાઇલમાં ઘણું બોલ્યો હતો અને એ સાંભળીને રોહિત શર્મા પેટ પકડીને હસ્યો હતો.

રોહિત શર્માની પાછળની સીટ પર તેની પત્ની રીતિકા બેઠી હતી. તે પણ હસવાનું રોકી નહોતી શકી.

રોહિત એટલું બધું હસ્યો હતો કે એક સમયે તેની આંખોમાં પાણી આવી ગયા હતા અને મિમીક્રી આર્ટિસ્ટની તેણે ખૂબ વાહ વાહ કરી હતી.

રોહિતે આ સમારંભ ખૂબ એન્જૉય કર્યો હતો. એક તરફ રોહિત મિમીક્રી આર્ટિસ્ટની કમાલ જોઈને ખડખડાટ હસી રહ્યો હતો અને બીજી બાજુ કેટલાક મહેમાનો તેને આ આનંદિત મુદ્રામાં જોઈને મલકાઈ રહ્યા હતા.

ધોનીની કેપ્ટન્સીમાં જ રોહિત મર્યાદિત ઓવર્સની ક્રિકેટમાં ખૂબ ખીલ્યો હતો. વન-ડે ક્રિકેટમાં ત્રણ ડબલ સેન્ચુરી ફટકારનાર રોહિત વિશ્વનો એકમાત્ર ખેલાડી છે. તેનો ૨૬૪ રનનો વર્લ્ડ રેકોર્ડ વર્ષોથી કોઈ તોડી નથી શક્યું. ■

# ઈઝરાયલ અને હમાસના સીઝફાયર સાથે વૈશ્વિક બજારો પાછળ સ્થાનિક બજારમાં ફરી સુધારોઃ ટીસીએસનો નફો ૧.૪૦ ટકા વધ્યો

ઇઝરાયલ અને હમાસના સીઝફાયર સાથે વૈશ્વિક બજારો પાછળ સ્થાનિક બજારમાં ફરી સુધારોઃ ટીસીએસનો નફો ૧.૪૦ ટકા વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇઝરાયલ અને હમાસના સીઝફાયરના અહેવાલ સાથે અમેરિકા, યુરોપ તથા એશિયાઇ બજારોમાં આવેલા સુધારા સાથે સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની નાના પાયે શરૂ થયેલી લેવાલી તેમ જ ટીસીએસના પરિણામ અગાઉ આઇટી શેરો અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સહિતના બ્લુચીપ શેરોમાં આવેલી લેવાલી પાછળ સેન્સેક્સ ૩૯૮ પોઇન્ટનો સુધારો નોંધાયો હતો. ઇઝરાયલ અને હમાસ સીઝફાયર માટે સહમત થયા હોવાના અહેવાલો બાદ અમેરિકા, યુરોપ અને એશિયાઇ શેરબજારોમાં સુધારો જોવા મળ્યો હતો.

સત્ર દરમિયાન ૪૭૪ પોઇન્ટ ઉછળીને ૮૨,૨૪૭.૭૩ પોઇન્ટ સુધી ઊંચે જઇને અંતે સેન્સેક્સ ૩૯૮.૪૪ પોઇન્ટ અથવા તો ૦.૪૯ ટકાના સુધારા સાથે ૮૨,૧૭૨.૧૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૩૫.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૫૪ ટકાના સુધારા સાથે ૨૫,૧૮૧.૮૦ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ટાટા સ્ટીલ, એચસીએલ ટેક, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ મેજર ગેઇનર રહ્યા હતા. જ્યારે એક્સિસ બેન્ક, ટાઇટન, મારુતિ અને ટાટા મોટર્સ ટોપ લુઝર રહ્યા હતા. એચસીએલ ટેકનોલોજી, ટીસીએસ, ઇન્ફોસિસ અને ટેક મહિન્દ્રા જેવા આઇટી શેરોમાં તેમના ત્રિમાસિક પરિણામોની જાહેરાત અગાઉ સુધારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ટાટા સ્ટીલ ૨.૬૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૨૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૬૮ ટકા, સન ફાર્મા ૧.૬૪ ટકા, બીઈએલ ૧.૪૨ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૧૬ ટકા, લાર્સન ૧.૧૧ ટકા, ઈટર્નલ ૧.૧૧ ટકા અને કોટક બેન્ક ૧.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે એક્સિસ બેન્ક ૦.૯૦ ટકા, ટાઈટન ૦.૪૪ ટકા, મારુતિ ૦.૨૧ ટકા, ટાટા મોટર્સ ૦.૧૮ ટકા, એટડીએફસી બેન્ક ૦.૧૬ ટકા અને ભારતી એરટેલ ૦.૦૮ ટકા ઘટ્યા હતા.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસે ગુરુવારે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૧.૩૯ ટકાના વધારા સાથે રૂ. ૧૨,૦૭૫ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના સમાન ક્વાર્ટરમાં તેણે રૂ. ૧૧,૯૦૯ કરોડનો નફો નોંધાવ્યો હતો. ઉક્ત બીજા ક્વાર્ટરમાં આવક ૨.૩૯ ટકા વધીને રૂ. ૬૫,૭૯૯ કરોડ થઈ છે, જે ૬૪,૨૫૯ કરોડ હતી. કંપનીએ શેરદીઠ રૂ. ૧૧નું ડિવિડંડ જાહેર કર્યું છે, જેની રેકોર્ડ ડેટ ૧૫ ઓક્ટોબર છે.

કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની અને રૂબીકોન રિસર્ચ લિમિટેડનો આઇપીઓ ગુરુવારે નવમી ઓક્ટોબરે ખૂલ્યા છે. ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે. આ અગાઉ ગ્લોટીસના શેર મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફબેટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા.



ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે ભારત સરકારની રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ નવો ઓર્ડર મેળવ્યો છે, જેમાં ગ્રાહક રાજસ્થાન સ્થિત અજમેર વિદ્યુત વિતરન નિગમ લિમિટેડ છે અને કરાર મૂલ્ય રૂ. ૬૮.૨૨ કરોડ છે. પ્રોજેકટની અમલ સમયરેખા ૧૫ મહિનાની છે. એલજી ઇલેક્ટ્રોનિક્સે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૪૬ ટકાના વધારા સાથે રૂ. ૨૨૦૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સોમવારે પેસ ડિજીટેક ચાર ટકા પ્રીમિયમ સાથે લિસ્ટ થયો હતો. પાછલા સપ્તાહે બુધવારે ઇપેક પ્રિફેબ ટેકનોલોજીસ બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે, જ્યારે જૈન રિસોર્સિસ રિસાઇક્લિંગનો શેર ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો.

સ્પેશિયાલિટી કેમિકલ્સ ઉત્પાદક ભગેરિયા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે આઠમી ઓક્ટોબરના રોજ સેબીના નિયમન ૩૦ હેઠળ એક નિયમનકારી જાહેરાતમાં નવી પ્લાસ્ટિસાઇઝર્સ અને ઇથોક્સીલેટ્સ પ્રોડક્ટ લાઇન લોન્ચ કરવાની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સાતમી ઓક્ટોબરના રોજ આપવામાં આવેલી સંમતિ દ્વારા આ શક્ય બન્યું. નવા પ્લાસ્ટિસાઇઝર્સ, ખાસ કરીને પીવીસીમાં ફ્લેક્સિબિલિટી અને ડ્યુરેબિલિટી વધારવા માટે ઉપયુક્ત છે. એવીએશન વોચડોગ ડીજીસીએએ પાયલટની તાલીમ ધારાધોરણો સંબંધિત અમુક કથિત તિઓને આધારે ઇન્ડિગો એરલાઇન્સ પર રૂ. વીસ લાખની પેનલ્ટી ફટકારી છે.

કેનેરા એચએસબીસી લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીનો આઇપીઓ ૧૦મી ઓક્ટોબરે ખૂલશે. વેદાંતા ગ્રુપ, રૂનવાલ ડેવલપર્સ, સ્ટર્લાઇટ ઇલેક્ટ્રિક, રાય્સ પાવર ઇન્ફ્રા અને ઓગમેન્ટ એન્ટરપ્રાઇસ સહિત છ કંપનીઓએ સેબી પાસે પેપર્સ જમા કરાવ્યા છે. રોટોમેગ એનરટેક, ઓસવાલ કેબલ્સ અને પ્રાઇડ હોટલ્સે પણ મૂડીબજારમાં પ્રવેશવા સેબીનો સંપર્ક સાધ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરની કમાણીની મોસમ શરૂ થઈ રહી હોવાથી બજારની નજર હાલ કોર્પોરેટ પરિણામો પર રહેશે. પેસીવ મ્યુચ્યુઅલ ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ ૨૦૨૫માં ઝડપી વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૨૦ લાખ કરોડની સ્તરે પહોંચી છે, જે ૨૦૧૯ના રૂ. ૧.૯૧ લાખ કરોડ સામે, એટલે કે છ વર્ષમાં છગણી વૃદ્ધિ દર્શાવે છે. માર્ચ ૨૦૨૩થી બે વર્ષમાં એસેટ બેઝમાં ૧.૭૦ ગણો વધારો થયો છે.

દરમિયાન, એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે.

દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

# ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા તૂટીને ઐતિહાસિક તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલરમાં આયાતકારોની લેવાલી ઉપરાંત વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે પાંચ પૈસાના ઘટાડા સાથે ગત ૩૦મી ફસપ્ટેમ્બરની ઐતિહાસિક નીચી ૮૮.૮૦ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે તાજેતરના અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનને કારણે આર્થિક ડેટાઓની ગેરહાજરીને કારણે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈ ગયો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૭૫ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૮.૭૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૮૧ અને ઉપરમાં ૮૮.૭૪ની રેન્જમાં અથડાઈને અંતે પાંચ પૈસાના ઘટાડા સાથે ૮૮.૮૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ચાર પૈસા નબળો પડ્યો હતો.

એકંદરે ડૉલરમાં મજબૂત વલણ રહ્યું હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ રહેવાની સાથે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો પણ બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી રૂપિયાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા વધીને ૯૮.૯૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૯૮.૪૪ પૉઈન્ટનો અને ૧૩૫.૬૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૧.૨૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ઈઝરાયલ-હમાસ વચ્ચે શાંતિ કરારઃ વૈશ્વિક સોનામાં ટકેલું વલણ, ચાંદી વિક્રમ સપાટીએ

# સ્થાનિકમાં ચાંદી ₹ ૬૮૫૦ ઉછળીને ૧.૫૯ લાખની પાર, સોનામાં ₹ ૫૩૧નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ઈઝરાયલ હમાસ વચ્ચે શાંતિ કરારની પહેલા તબક્કાની ડીલ થઈ હોવાના અહેવાલો સાથે આજે વિશ્વ બજારમાં ખાસ કરીને સોનામાં તેજીએ થાક ખાધો હતો, પરંતુ સોનાની તેજી અટકવાની સાથે ચાંદીમાં ઉછાળો આવ્યો હતો અને ભાવ ૧.૬ ટકાની તેજી સાથે વિક્રમ સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૬૮૫૦નો ઉછાળો આવ્યો હતો અને ભાવ રૂ. ૧,૫૯,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૯થી ૫૨૯નો ધીમો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીના આકર્ષણ ઉપરાંત રોકાણલક્ષી માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૮૫૦ની ઝડપી તેજી સાથે રૂ. ૧,૫૯,૫૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો નવી ખરીદીથી દૂર રહ્યાના અહેવાલ હતા. વધુમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક



અહેવાલ સાથે સોનાના ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૯ વધીને રૂ. ૧,૨૨,૧૩૮ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૧ વધીને રૂ. ૧,૨૨,૬૨૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને સોનામાં ઈઝરાયલ-હમાસ વચ્ચેના શાંતિ કરારના અહેવાલોને કારણે સલામતી માટેની માગ નબળી પડતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૪૦૩૫.૦૭ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા. જોકે, ગઈકાલે એક તબક્કે હાજરમાં ભાવ વધીને ઔંસદીઠ ૪૦૫૯.૦૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર હોવાથી સોનામાં અન્ડરટોન મક્કમ જ જોવા મળી રહ્યો છે. વધુમાં આજે સોનામાં તેજી અટકવાની સાથે ચંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૪૯.૬૫ ડૉલરની વિક્રમ સપાટી આસપાસ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૭૦ ટકાની તેજી આવી ગઈ છે.

એકંદરે હાલના તક્કે ચાંદીમાં લેણનાં ઓળિયા વધુ હોવાથી મજબૂત પરિબળોને ટેકે તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા અગ્રણી વિશ્લેષક રોઝ નોર્મને વ્યક્ત કરી હતી. આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગાઝામાં યુદ્ધ વિરામની યોજના હેઠળ ઈઝરાયલ-હમાસ વચ્ચેની શાંતિ કરારની પહેલી ડીલની જાહેરાત કરી હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં સુધારો આવ્યો હોવાથી સોનાની તેજીને બ્રેક લાગી હોવાનું અન્ય એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે આજે તેજીએ થાક ખાધો હોવા છતાં સોનાની તેજીના પરિબળો હજુ અકબંધ છે.

ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં કટોકટી, યુક્રેન યુદ્ધ, કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી, સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં લેવાલી ઉપરાંત ટૅરિફની અનિશ્ચિતતાઓ જેવાં કારણો સોનાની તેજી માટેના મુખ્ય પરિબળો છે. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનામાં વર્ષ ૧૯૭૯ની તેલની કટોકટી પછી સૌથી વધુ ૫૩ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે.

# વૈશ્વિક કોપરમાં પુરવઠાખેંચની ચિંતા ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં ચમકારો



મુંબઈઃ ઈન્ડોનેશિયા, કોંગો અને ચિલીની ખાણમાં કોપરનું ઉત્પાદન ખોરવાઈ જવાની સાથે આગામી વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક સ્તરે રિફાઈન્ડ કોપરમાં ૧.૫૦ લાખ ટનની ખેંચ જોવા મળે તેવી શક્યતા ઈન્ટરનેશનલ કોપર સ્ટડી ગ્રૂપે વ્યક્ત કરતાં આજે લંડન ખાતે કોપરના ભાવમાં ૧.૯ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓ, ટીન, નિકલ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેથી ૧૬નો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે ખપપૂરતી માગને ટેકે ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ચમકારો જોવા મળ્યો હતો તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૧૦૪૬, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૩૭૮, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૯૫૭ અને રૂ. ૯૩૦ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૬૦૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૯૪૩ અને રૂ. ૮૬૭, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૬૫૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૭૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૭, રૂ. ૨૯૮ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ઘસરકો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની જળવાઈ રહેલી આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘસરકા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૬૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૬૨થી ૪૧૨૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૩૯૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બીજા ત્રિમાસિકગાળામાં ભારતમાં ટાટા સ્ટીલનું ઉત્પાદન સાત ટકા વધ્યું

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળામાં દેશની અગ્રણી સ્ટીલ ઉત્પાદક કંપની ટાટા સ્ટીલના ખાસ કરીને ઝારખંડના જમશેદપુરના એકમમાં બ્લાસ્ટ ફ્યુરન્સનું રિલાઈનિંગ પૂર્ણ થવાથી કામકાજો રાબેતા મુજબ થવાથી કંપનીનું ભારત ખાતેનું ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન વર્ષાનુવર્ષ ધોરણે સાત ટકા વધીને ૫૬.૭ લાખ ટનની સપાટીએ રહ્યું છે. તેમ જ આગલા ત્રિમાસિકગાળાની સરખામણીમાં ઉત્પાદનમાં આઠ ટકાની વૃદ્ધિ જોવા મળી હોવાનું કંપનીએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે.

વધુમાં કંપનીની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળામાં કંપનીનું વેચાણ ગત સાલના સમાનગાળાના ૫૧.૧૦ લાખ ટન સામે વધીને ૫૫.૬ લાખ ટનની સપાટીએ રહ્યું હતું. એકંદરે સ્થાનિકમાં ઉત્પાદન રાબેતા મુજબ થવાની સાથે ચોમાસાનો સમયગાળો હોવા છતાં તમામ સેગ્મેન્ટમાંથી માગ જળવાઈ રહેતાં રવાનગી ૫૫.૬ લાખ ટનની સપાટીએ રહી હોવાનું ફાઈલિંગમાં ઉમેર્યું હતું. વધુમાં કંપનીએ જણાવ્યું હતું કે નવી સુવિધાઓ અને ગ્રાહકોની મંજૂરીઓ સાથે કંપની તેનો પ્રોડક્ટ પોર્ટફોલિયો વધુ મજબૂત કરી રહી છે. તાજેતરમાં કંપનીએ ઓરિસ્સામાં કલિંગનગરમાં ગેલ્વેનાઈઝિંગની લાઈન શરૂ કરી છે અને ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઈએમ) તરફથી મંજૂરી પણ મળી છે.

આ સિવાય નવી કોમ્બિ મિલે વેપારી ધોરણે વેચાણ શરૂ કર્યું છે તેમાં મુખ્યત્વે મહત્ત્વની ઑટો એપ્લિકેશન માટે બાર્સ અને વાયર રોડ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

# કપાસિયા રિફાઈન્ડમાં ₹ ૨૦નો ઉછાળો, આયાતી તેલમાં ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૪ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૪૯ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી એકમાત્ર કપાસિયા રિફાઈન્ડમાં મથકો પાછળ જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ના સુધારાને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નિરસ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૨૨૫માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧૯,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ અનુક્રમે રૂ. ૯૦૦થી ૧૨૩૫માં થયા હતા. આજે મધ્ય પ્રદેશનાં સોયાસીડનાં મથકો પર ૨.૨૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૦૦થી ૪૪૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૫૦થી ૪૪૫૦માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યાના અહેવાલ હતા, જ્યારે ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૬૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



રાષ્ટ્રપતિ મુર્મૂ તેમની ગુજરાત રાજયની ત્રિદિવસીય મુલાકાતના ભાગરૂપે રાજકોટ પધાર્યા હતા. એરપોર્ટ પર સાંસદ રામભાઇ મોકરીયા, પ્રવાસન પ્રધાન મૂળુભાઇ બેરા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સર્કિટ હાઉસમાં રાત્રી રોકાણને લઈ સર્કિટ હાઉસને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# પાકિસ્તાનના પ્રેમી પંખીડાં મોટા રણનો પગપાળાપ્રવાસ ખેડી સરહદ પાર કરીને કચ્છના ખડીર બેટ પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક તરફ ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ભારે તંગદિલી સર્જાવા પામી છે અને બને દેશો વચ્ચે હાલ 'કોલ્ડ વોર' ચાલી રહ્યું છે તેવામાં સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય સરહદ સુધીનો કપરો પ્રવાસ ખેડીને પાકિસ્તાનના થરપારકરના યુવક-યુવતી છેક કચ્છના સીમાવર્તી વાગડ પંથકના સરહદી ખડીર પંથકના રતનપર ગામ સુધી પહોંચી આવતાં સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી હતી.

ઘટના અંગે ખડીરના ઇન્ચાર્જ પી.આઇ. વી.એ. ઝાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, રતનપર ગામના પાદરે આવેલા સાંગવારી માતાજીના મંદિર પાસે શંકાસ્પદ દેખાતા યુવક-યુવતીને જાગૃત ગ્રામ લોકોએ રોક્યા હતા અને તેમની પૂછપરછ આદરી હતી.

સ્થાનિક ભાષાને બદલે તેઓ સિંધી ભાષામાં વાત કરતા હોઈ, ગ્રામ લોકોએ ત્વરિત સરપંચને જાણકારી આપતાં તેઓએ ખડીર પોલીસને માહિતગાર કરી હતી.

અહીં આવેલી પોલીસે આ બંને પ્રેમીપંખીડાંને ઝડપી લઇ બંનેની પૂછપરછ કરવામાં આવતા બંને પાકિસ્તાનના થરપારકર જિલ્લાના ઇસ્લામકોટના બસરી ગામના તથા શિવમંદિર પાસેના રહેવાસી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસના હાથમાં આવેલા મીના ઉર્ફે પૂજા કરશન ચૂડી (ભીલ) તથા તોતો ઉર્ફે તારા આમળ ચૂડી (ભીલ) રાતોરાત આંતરરાષ્ટ્રીય સરહદ ઓળંગીને આ તરફ આવી ગયા હોવાનું પ્રાથમિક તપાસ દરમ્યાન બહાર આવ્યું હતું.

બનાવની પ્રાથમિક તપાસ કરતાં આ બંને એકમેકને પ્રેમ કરતા હોવાનું, અને આ સંબંધ પરિવારજનોને મંજૂર ન હોઈ, તેઓ ઘરેથી ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

તાજેતરમાં વરસેલા ભારે વરસાદના પગલે ભારત-પાકિસ્તાન વચ્ચેના અફાટ રણમાં છેક સુધી ગોઠણડૂબ પાણી ભરેલાં છે. આવી કપરી પરિસ્થિતિ વચ્ચે ખાવા-પીવાની સામગ્રી, પૈસા વિના ૪૦ કિલોમીટર સુધી વરસાદના પાણીને પાર કરીને કચ્છના ખડીર દ્વીપ સમૂહના રતનપર સુધી આવી પહોંચેલા બંને કહેવાતા પ્રેમીઓ પાસેથી શંકાસ્પદ કાંઇ જ મળ્યું નથી. પગમાં ચપ્પલ પણ નથી.તેમની પાસેથી પૈસા, કોઇ ઓળખપત્ર પણ નથી.

ઉલટતપાસ માટે બંનેને ભુજ ખાતેના જે.આઇ.સી. (જોઇન્ટ ઇન્ટરોગેશન સેન્ટર) ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ■

# વર્લ્ડ મોન્યુમેન્ટ વોચ ડેઃ ભુજના હમીરસર તળાવના કેચમેન્ટ વિસ્તારનો માર્ગદર્શિત પ્રવાસ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્લ્ડ મોન્યુમેન્ટ્સ વોચ દ્વારા વૈશ્વિક સ્તરે ઐતિહાસિક જળ વ્યવસ્થાઓના પસંદ કરાયેલા વિશ્વના ૨૫ સ્થળોમાં ભુજ શહેરની ઓળખ સમા લગભગ ૪૫૦ વર્ષ પુરાણા હમીરસર તળાવનો વર્ષ ૨૦૨૫ના જોવા લાયક સ્થળોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી ૧૦મી ઓક્ટોબરના રોજ ભુજ ખાતે પ્રથમ વાર હમીરસર તળાવમાં વરસાદી પાણીને લઇ જતી વિવિધ ચેનલોના માર્ગદર્શિત પ્રવાસનું આયોજન કરવામાં આવશે. 'વર્લ્ડ મોન્યુમેન્ટ વોચ ડે'ની ઉજવણી વર્લ્ડ મોન્યુમેન્ટ્સ ફંડ ઈન્ડિયા, સેપ્ટ રિસર્ચ ખાતેનું સેન્ટર ફોર હેરિટેજ કંઝર્વેશન, ધ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, ભુજ સ્થિત હોમ્સ ઇન ધ સિટી અને ભુજ નગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે આ પ્રવાસ યોજવામાં આવશે.

ભુજમાં 'વોચ ડે' અંતર્ગત વરસાદી પાણીના સંગ્રહ કરતાં કેચમેન્ટ અને ત્યાંથી હમીરસર તળાવ સુધી જોડાયેલા માર્ગોની જાળવણી અર્થે નાગરિકો, સંલગ્ન સ્થાનિક અધિકારીઓ અને નિષ્ણાતો વચ્ચે સંવાદ થશે. આ સાથે પ્રદર્શન અને ડોક્યુમેન્ટરી ફિલ્મો દ્વારા સ્થળ અને જાળવણી અંગેના પડકારો વિશે વધુ જાણકારી આપવામાં આવશે. આ કાર્યક્રમમાં વર્લ્ડ મોન્યુમેન્ટ વોચ વિશે માહિતી આપવામાં આવશે અને સ્થળના ઇતિહાસ તથા હાલના પડકારો અંગે ચર્ચા થશે. વર્લ્ડ મોન્યુમેન્ટ્સ ફંડ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર માલિની થડાનીએ જણાવ્યું હતું કે, જળ આપણા જીવનમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પહેલ 'હિસ્ટોરિક વોટર બોડીસ ઑફ ઈન્ડિયા' કાર્યક્રમ હેઠળ દેશભરના અનેક ઐતિહાસિક જળાશયોના પુનઃસ્થાપન માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ વર્ષે પસંદ કરાયેલાં પચીસ સ્થળોમાં કચ્છના ભુજના હમીરસર તળાવનો સમાવેશ થયો છે. હમીરસર તળાવ રકાબી જેવો આકાર રચે છે, જેના કારણે જળપ્રવાહનો સંગ્રહ સુગમ બને છે. તે જળસંચય અને વ્યવસ્થાપન માટે ઉત્તમ નમૂનો રજૂ કરે છે. રાવ ખેંગારજી પહેલાએ પોતાના પિતાની સ્મૃતિમાં હમીરસર તળાવનું નિર્માણ કરાવ્યું હતું. અહીં પહેલાં નાનકડી તળાવડી હતી અને હમીર નામનો માલધારી તેમાં પોતાનાં ઢોરને પાણી પીવડાવતો હતો. રાવે આ તળાવડીને મોટી કરાવી હોવાની પણ અનુશ્રુતિ છે. ■

# વાયુસેના દિવસે ભુજના એર કોમોડોર કેપીએસ ધામનું યુદ્ધ સેવા પદકથી સન્માનિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ સ્થિત વાયુદળ મથકના એર કોમોડોર કે.પી.એસ. ધામનું વાયુસેના દિવસે રાજધાની નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં યુદ્ધસેવા પદકથી વિશેષ સન્માન કરાયું હતું. ઓપરેશન સિંદૂર દરમ્યાન ભુજ વાયુદળ મથકના એર કોમોડોર કે.પી.એસ. ધામએ દેખાડેલા અદ્ભુત શૌર્યને બિરદાવવા માટે તેમને યુદ્ધ સેવા પદકથી નવાજવામાં આવ્યા હતા. ઓપરેશન સિંદૂર દરમિયાન એર કોમોડોર કે.પી.એસ. ધામે દૂરદર્શિતા દેખાડી રડાર કવરેજ ત્વરિત પ્રતિક્રિયા ચેતવણી મિશનના સુવ્યવસ્થિત આયોજન ઘડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

વાયુદળના એર કોમોડોરે ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છની સુરક્ષા સુનિશ્ચિત કરવા સાથે વાયુદળના જવાનોનું મનોબળ વધારવાનું કાર્ય કર્યું હતું. કોમોડોર કે.પી.એસ. ધામના નેતૃત્વમાં એરફોર્સ સ્ટેશન ભુજે મિશન તત્પરતાને વિક્રમી સ્તર સુધી પહોંચાડવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું અને ભારતીય સેના અને સરહદી સલામતી દળ સાથે તાલમેલ સાધવામાં તેમની ભૂમિકા મહત્ત્વની રહી હતી. ■

# આદિપુરમાંથી મહિલા ક્રિકેટ વર્લ્ડ કપની મેચ ઉપર સટ્ટો રમતા શખ્સની ધરપકડ

ભુજઃ ક્રિકેટ મેચ પર રમવામાં આવતો સટ્ટો હવે જાણે બારમાસી બની ગયો છે. કચ્છના આદિપુર શહેરના વોર્ડ નંબર ૪ એ વિસ્તારમાં આવેલા અંબાજી માતાના મંદિર આસપાસના મેદાનમાં મહિલા ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા સિંધુવર્ષા ફાઉન્ડેશનના ભાવેશ અશોક ઉકરાણી (સિંધી) નામના શખ્સને પકડી પાડવામાં આવ્યો હતો. ભાવેશે પોતાના મોબાઈલ ફોનમાં ઓલ પેનલ તથા તાજ૯૯૯ નામની ઓનલાઇન ગેમ્બલિંગ કરાવતી વેબસાઈટ પર ખાતું ખોલાવી, એકમાં રૂપિયા ૦૧,૮૧,૩૫૪ તથા બીજામાં ૦૧,૬૯,૯૪૮નું આઈ.સી.સી. વુમન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની ઈંગ્લેન્ડ-બાંગ્લાદેશની મેચ ઉપર સટ્ટો રમવા માટેના બેલેન્સ જપ્ત કરાવ્યું હતું. ઝડપાયેલા આ યુવકે કોની પાસેથી આઈડી મેળવી હતી કે મુખ્ય આરોપી કોણ છે? તે જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# મુંદરાના ગુંદાળા ખાતેની કંપનીમાં વેલ્ડિંગનું કામ કરતા પરપ્રાંતીયનું નીચે પટકાતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા તાલુકાના ગુંદાળા ખાતે આવેલી એક કંપનીમાં વેલ્ડિંગનું કામ કરતા મૂળ ઉત્તર પ્રદેશના સુભાન મહેરબાન ઉર્ફે દિલાવર અયુબ ગાડે (ઉંમર વર્ષ ૨૨) નામના શ્રમજીવી યુવકનું ઊંચાઇએથી નીચે પટકાવાથી મોત થયું હતું. જયારે ભચાઉ તાલુકાના હજિયાવાંઢમાં રહેનાર દેવા કાયા કોળી (ઉંમર વર્ષ ૨૪) નામના યુવાને ગળેફાંસો ખાઇ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગુંદાલાની ગ્રેવિટા નામની કંપનીમાં વેલ્ડિંગનું કામ કરતા હતભાગી સુભાનનો અકસ્માતે પગ લપસતાં તે અંદાજે ૨૫થી ૩૦ ફૂટની ઊંચાઈએથી સીધો નીચે પટકાતાં તેને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. જેથી સુભાને સારવાર મળે તે પહેલા જ અંતિમ શ્વાસ લીધા હતા. બનાવ અંગે પ્રાગપર પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી દીધી હતી.

બીજી ઘટનાની વાત કરવામાં આવે તો, ભચાઉના હજિયાવાંઢમાં રહેનાર દેવા કોળી નામનો યુવક ગત બપોરના અરસામાં પીરવાળા ખેતરની બાજુમાં પીલુના ઝાડ સાથે લટકતી હાલતમાં મળી આવ્યો હતો. ત્રણ મહિનાની માસુમ દીકરીના પિતા એવા આ યુવકે કેવા કારણોસર આ અંતિમ પગલું ભર્યું હશે, તે જાણવા લાકડિયા પોલીસે તપાસ હાથ ધરી હતી. ■

# ભુજ અને ગાંધીધામમાંથી કુલ ૨૩ ડેસ્ટ્રોમેથોર્ફન કફ સિરપોના સેમ્પલ લેવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મધ્ય પ્રદેશના છિંદવાડામાં ૧૭ અને રાજસ્થાનમાં ૩ બાળકોનાં ઝેરી કફ સિરપ આપ્યા બાદ થયેલાં મોત બાદ આ પ્રકારના શંકાસ્પદ કફ સિરપ મુદ્દે હરકતમાં આવેલી ગુજરાત સરકાર દ્વારા દરેક જિલ્લામાં આવેલી દવાની દુકાનોમાંથી કફ સિરપના નમૂનાઓ એકત્ર કરવાની કામગીરી શરૂ કરી હતી. કચ્છમાં સક્રિય બનેલી ડ્રગ વિભાગની વિવિધ ટુકડીઓએ જિલ્લાના મુખ્ય મથક ભુજ અને ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ વિસ્તારની વિવિધ ફાર્મસી તથા હોલસેલ દવા વિતરકો પાસેથી કુલ ૨૩ જેટલી અલગ અલગ બ્રાન્ડની કફ સિરપોના સેમ્પલ લીધા હતા.

ખાસ કરીને કોલ્ડ્રિફ કફ સિરપથી બાળકોનાં મોત થયાની આશંકા હોવાથી તે જ પ્રકારના કન્ટેન્ટ ધરાવતી ડેસ્ટ્રોમેથોર્ફન કફ સિરપની ચકાસણી માટે નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા હતાં. જેને વડોદરામાં આવેલ ગવર્મેન્ટ ડ્રગ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતાં. ગાંધીધામ બી ડિવિઝન પોલીસ દ્વારા પણ દુકાનો, પાન ગલ્લા તથા મેડિકલ સ્ટોરમાં નશાકારક સિરપ જેવી વસ્તુઓનું ગેરકાયદે વેચાણ ન થાય તે માટે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ દરમિયાન સત્તાવાર રીતે ગુજરાતમાં કફ સિરપના લીધે બાળકના મોત અથવા ગંભીર આડઅસર નોંધાઈ નથી તેમ છતાં સાવચેતીના ભાગરૂપે આ તપાસ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા બાળકોને કોઈપણ કફ સિરપ આપતા પહેલાં ડૉક્ટરની સલાહ લેવાની અને બિનમાન્ય કે બિનબ્રાન્ડેડ દવાઓનો ઉપયોગ ન કરવાની નાગરિકોને સલાહ આપવામાં આવી છે. ■

# ભાવનગરમાં નકલી ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઇઃ ૧.૩૭ લાખના ઘીનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં ફૂડ સેફ્ટી અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે દરોડા પાડીને નકલી ઘી બનાવવાનું એક ગુપ્ત કારખાનું ઝડપી પાડ્યું હતું. ભગાતળાવ વિસ્તારમાં આવેલા કારખાનામાંથી આશરે કુલ ૦૧.૩૭ લાખની કિંમતનું નકલી ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. ગુપ્ત માહિતીના આધારે આ સંયુક્ત રીતે પોલીસે ફૂડ વિભાગ સાથે દરોડા પાડ્યાં હતાં. પોલીસ અને ફૂડ વિભાગની ટીમોએ શંકાસ્પદ ખાદ્ય પદાર્થો બનાવવાનું કૌભાંડ ઝડપીને કાર્યવાહી હાથ ધરી હતી

આ દરોડામાં નકલી ઘીના કુલ ૧૪ ડબ્બા જપ્ત કરવામાં આવ્યાં હતાં, જેમાં અંદાજે ૨૧૦ કિલોગ્રામ જેટલો ઘીનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આ નકલી ઘીની બજાર કિંમત આશરે ૧.૩૭ લાખ જેટલી થયા છે. નકલી ઘીના સેમ્પલ લઈને તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા. હવે રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહી બાદ નકલી ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ■

# ભાવનગર જિલ્લાના આંબલા ગામમાંથી નકલી માવાની ફેક્ટરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના આંબલા ગામેથી નકલી માવો બનાવતી ફેક્ટરી ઝડપી પાડવામાં આવી છે. આ ફેક્ટરીના માલિક સામે ગુનો નોંધીને કુલ ૧૧૮૫ કિલો નકલી માવાનો નાશ કરવામાં આવ્યો હતો. થોડાક દિવસો અગાઉ ભાવનગરના દેવગાણા ગામેથી નકલી માવો બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ થયો હતો. ત્યારે ફરી એક બીજી સિહોર તાલુકાના આંબલા ગામે વાડી વિસ્તારમાં નકલી માવાની ધમધમતી ફેક્ટરી ઝડપાઇ હતી. મળતી વિગતો પ્રમાણે ભાવનગર જિલ્લાના આંબલા ગામે રહેતો મિલન સુરેશભાઇ દવે દૂધ પાઉડર, વનસ્પતિ તેલ તેમજ ફટકડીનો ઉપયોગ કરી નકલી માવો બનાવો હતો. આ સમગ્ર



(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

મામલે ભાવનગર એસઓજી પોલીસને બાતમી મળી હતી. બાતમી મળતી પોલીસે ભાવનગર જિલ્લા ફૂડ વિભાગને સાથે રાખીને સંયુક્ત દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન આરોપી મિલન સુરેશભાઇ દવે વિરુદ્ધ ગુનો નોંધી, ફેક્ટરીમાંથી ૧૧૮૫ કિલો નકલી માવો જપ્ત કરીને તેનો નાશ કરવામાં આવ્યો હતો. નકલી માવામાં મીઠો માવો, થાબડી માવો તેમજ ફટકડી સહિતની અખાદ્ય ચીજવસ્તુઓનો પોલીસ તેમજ ફૂડ વિભાગે નાશ કરીને વધારે તપાસ શરૂ કરી હતી. ■

# તળાજાના પાદરી ગામમાં ખેડૂતના ઘરમાંથી રોકડ સહિત ૧૦.૫૭ લાખની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજાના પાદરી (ભમ્મર) ગામની સીમમાં આવેલી વાડી વિસ્તારમાં ખેડૂતના મકાનમાં ચોરીની ઘટના બની હતી. અજાણ્યા તસ્કરોએ ઘુસી જઇ રૂમ, કબાટ, તિજોરી સહિતના તાળાં તોડી મકાનમાંથી સોના, ચાંદીના ઘરેણાં તેમ જ રોકડ સહિત કુલ રૂપિયા ૧૦.૫૭ લાખના મતાની ઘરફોડ ચોરી કરી તસ્કરો નાસી છૂટ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે તળાજાના પાદરી (ભમ્મર) ગામે વાડી વિસ્તારમાં મકાન ધરાવતા ભગુભાઇ જીવાભાઇ ભમ્મરએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ પ્રમાણે ખેડૂત પાદરી ગામેથી ભાવનગર ખાતે આવ્યા હતા. તે વેળાએ તેમના ઘર, કબાટ અને તિજોરી સહિતના તાળા તૂટેલા હતાં. અંદર તપાસ કરતા કબાટમાં રાખેલા સોના ચાંદીના વિવિધ ઘરેણાંઓ તેમ જ રોકડ રૂપિયા ૭.૫૦ લાખ રૂપિયા સહિતન રૂપિયા ૧૦.૫૭ લાખ રૂપિયાની ચોરી થયાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરના કોબડી ટોલ નાકા પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર તળાજા હાઈવે પર આવેલ કોબડી ટોલનાકા પાસેથી પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે જુના રાજપરા ગામમાં શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. ભાવનગર એલસીબી પોલીસ ભાવનગર તળાજા નેશનલ હાઈવે પર પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન મળેલી બાતમીના આધારે કોબડી ટોલ નાકા પાસેથી રૂપિયા ૩,૧૨,૩૬૦ કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી ૭૮૮ બોટલ ભરેલી અર્ટિગા કારને ઝડપી પાડવામાં આવી હતી. આ સાથે કારચાલક નટુ બાબુભાઈ મકવાણાની ધરપકડ કરી તેની વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ■




(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# ભાવનગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમવાના રેકેટનો પર્દાફાશ, ૨૦ સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના હિલડ્રાઇવ વિસ્તારમાં આવેલ ફૂલવાડી ચોક પાસે જાહેર રોડ ઉપર કારમાં બેસીને વન-ડે ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોનમાં હારજીતના સોડા પડવા માટે માસ્ટર આઈડીનો ઉપયોગ કરી સટ્ટો રમાડતા બે શખસને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા હતા. આ બન્ને લોકો સામે પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ હતી. પોલીસે ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમવાના રેકેટમાં રૂપિયા ૬.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સાથે કુલ ૨૦ લોકો સામે નિલમબાગ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

એલસીબી પોલીસ અને પેરોલ ફર્લો સ્કવોડને ગત રાત્રે પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, ઋષિ ભરતભાઈ કારિયા અને યુવરાજસિંહ વનરાજસિંહ ઝાલા ફૂલવાડી ચોક પાસે જાહેર રોડ પર કારમાં બેસીને પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચના સ્કોર પર સોદા થઈ શકે તે માટે લાઇવ કેસિનોની રમતમાં જુગાર રમાડે છે. પોલીસે ઋષિ અને યુવરાજને બે મોબાઈલ ફોન, ક્રેટા કાર અને રોકડા રૂપિયા ૨૨૦૦ મળી કુલ રૂપિયા ૬,૫૨,૨૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

આ શખ્સોની પૂછપરછમાં ઋષિ કારિયાએ માસ્ટર આઈડી શેતલ ચંદ્રકાન્ત શાહ વાળા હસ્તક વિજય હરિયાણા વાળા પાસેથી મેળવી પોતાના ક્લાયન્ટ સમીર ઉર્ફે પેંડો ,ગોપાલ અન્ના બાલાણી, નીરવ ગાંધી ઉર્ફે ગોપાલ ડી, નીલુ સિંધી, સફી અસલમભાઈ હાલારી,અજયસિંહ ગોહિલ, અમિત, મૌલિકને આપી હતી. આ ઉપરાંત કાનોને ૨ પેટા આઈડી, દીપક ઉર્ફે લસણને પાંચ આઈડી, અમીન અને હાર્દિકને ચાર આઈડી, પ્રવીણ ઉર્ફે રાણી, સુમિત સંતરામભાઈ તેજવાણીને આપી હતી. અન્યમાં એક આઈડી હરિ ઉર્ફે ડેવિડને આપી હોવાનું જણાવ્યું હતું. જ્યારે યુવરાજસિંહ ગોહિલે માસ્ટર આઈડીતેના ભાગીદાર રોહિત કોતર મારફત મેળવી હતી અને નરેન્દ્રસિંહ ગોહિલને રિચાર્જ કરી આપી હોવાનું જણાવ્યું હતું. આ મામલે કુલ ૨૦ શખ્સો વિરુદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■



રાજકોટમાં ટીઆરબી જવાન શાહબાઝ મોટાણીએ પોતાના સાગરીતો સાથે મળી કમિશન એજન્ટને પોલીસની ખોટી ઓળખ આપી પકડી પાડ્યો હતો. ફરિયાદી સમીર પંડ્યાને માર મારી, અપહરણ કરી તેમની પાસેથી ₹ ૩૨ લાખની રકમ ઝૂંટવી લેવામાં આવી હતી. પ્રદ્યુમનનગર પોલીસે ટીઆરબી જવાન સહિત ચાર આરોપીઓને જેલભેગા કર્યા હતા. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)